પાનાં : ૩૪ કિંમત : રૂા. ૬-૦૦ * * તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ બુધવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૪ વર્ષ : ૯૪, અંક : ૨૭૯ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વાંચન વિશેષ

શતદલ




iPhone 17
Magichromatic.
Below offers available on limited stocks at select participating Apple Authorised Reseller stores.
Get up to ₹5000* instant cashback on credit cards of
AXIS BANK | ICICI Bank | SBI card
OR
24 Month No Cost EMI at ₹4163/month*
available on Consumer Loans with select leading Banks and NBFCs.
*Terms and conditions apply.
Please scan the QR Code for terms and conditions.
INDIA iSTORE
Redington

પાનાં : ૩૪ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ બુધવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૪ વર્ષ : ૯૪, અંક : ૨૭૯ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

## લદાખ પર ભારતનો એકતરફી અને ગેરકાયદે કબજો : ચીનનું જૂઠ્ઠાણું

બેઈજિંગ/નવી દિલ્હી, તા.૧૩

અમેરિકાના ટેરિફ સામે બ્રિક્સ દેશોને સાથે મળીને લડવાની વાતો કરતું ચીન ભારત સામે ઝેર ઓકવાની કોઈપણ તક જતી કરતું નથી. લદાખને ચીનનો ભાગ ગણાવી ઉશ્કેરણીજનક નિવેદન આપતા ડ્રેગને મંગળવારે કહ્યું કે, ભારતે લદાખ પર એકતરફી અને ગેરકાયદે કબજો કર્યો છે, જેને અમે

(અનુસંધાન ૧૧મે પાને)

### ભારતે લદાખમાં ૨૮ સ્થળોના નામ જાહેર કર્યા, ચીનના વાંધાથી વાસ્તવિકતા નહીં બદલાય : વિદેશ મંત્રાલય

### જેન-ઝી બાદ હવે વેપારીઓ સામે સરકાર ઝૂકી

# યુપીઆઈ પેમેન્ટ પર એમડીઆર ચાર્જ મુદ્દે કેન્દ્રની પીછેહઠ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૩

પેપર લીક મુદ્દે જેન-ઝીના આંદોલનથી ડરી ગયેલી સરકારે તહેવારોની મોસમમાં યુપીઆઈ પેમેન્ટ પર એમડીઆર મુદ્દે વેપારીઓ રસ્તા પર ઉતરે તે પહેલાં જ પીછેહઠ કરી છે. સરકારે ગુરુવારથી રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર વસૂલવામાં આવનારા ૦.૪ ટકા એમડીઆર ચાર્જનો અમલ હાલ મુલતવી રાખવાની મંગળવારે જાહેરાત કરી હતી નવી તારીખની જાહેરાત દિવાળી પછી કરાશે. એનપીસીઆઈએ ગયા મહિને એમડીઆરની જાહેરાત કરી ત્યારથી જ અનેક વેપારી સંગઠનોએ તેનો વિરોધ કર્યો હતો અને સરકારને આંદોલનની ચીમકી આપી હતી. કેટલીક કંપનીઓ તથા વેપારીઓએ યુપીઆઈથી પેમેન્ટ સ્વીકારવાનો ઈનકાર કર્યાનો પણ દાવો કર્યો હતો.



મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગને લઈને સરકાર સામે ચાલતા વિરોધ પ્રદર્શનમાં સીજેપીના નેતા આશુતોષ રાંકા સહિતના કાર્યકરો જંતરમંતરને વિરોધ પ્રદર્શનની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું હોવા છતાં પણ ત્યાં ઘૂસી ગયા હતા અને તિરંગો ફરકાવ્યો હતો. તેના પગલે પોલીસ અને સીજેપીના કાર્યકરો વચ્ચે સંતાકૂકડી ચાલી હતી. પોલીસે પછી સીજેપીના કાર્યકરોને અટકાયતમાં લીધા હતા. પીએમ મોદીએ યુવાનોને રાજકારણમાં જોડાઈની નવી દિશા આપવાની કરેલી અપીલને સીજેપીએ તેનો આગવો સ્પર્શ આપીને આગવી શૈલીમાં પ્રતિસાદ આપ્યો છે. આના પગલે આગામી દિવસોમાં દેશનું રાજકારણ યુવાનોના હાથમાં આવે તેવી પ્રબળ સંભાવના સર્જાઈ છે.

## વેપારીઓને તહેવારોમાં રાહત આપવા એમડીઆર મુદ્દે હવે દિવાળી પછી જાહેરાત કરાશે : એનપીસીઆઈ

સરકારે યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ૧૫ ઓક્ટોબરથી લાગુ થનારો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે એમડીઆર ચાર્જનો નિર્ણય પાછો ખેંચવાની જાહેરાત કરી છે. રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર એમડીઆરની વસૂલાત હવે દિવાળી પછી કરાશે તેમ યુપીઆઈ મારફત ટ્રાન્ઝેક્શન્સનું સંચાલન કરતી નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ મંગળવારે જણાવ્યું હતું. જોકે, આ અંગે કોઈ નિશ્ચિત તારીખ જાહેર કરી નથી. દિવાળી પછી તારીખ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

એનપીસીઆઈએ ગયા મહિને એક સરક્યુલર જાહેર કરીને કહ્યું હતું કે, ૧૫ ઓક્ટોબરથી રૂ. ૨,૦૦૦થી વધુના પર્સન-ટુ-મર્ચન્ટ યુપીઆઈ પેમેન્ટ્સ પર ૦.૪ ટકા એમડીઆર વસૂલવામાં આવશે. સર્ક્યુલરમાં રૂ. ૭૫,૦૦૦થી વધુના યુપીઆઈ પેમેન્ટ પર રૂ. ૩૦૦ની મર્યાદા મૂકાઈ હતી. આ ચાર્જ ગ્રાહકોએ નહીં પરંતુ વેપારીઓએ આપવો પડશે તેવી પણ એનપીસીઆઈએ જાહેરાત કરી હતી. જોકે, આ સર્ક્યુલરના અમલના બે દિવસ પહેલાં મંગળવારે યુપીઆઈ એન્ડ સર્વિસીસ સ્ટીયરિંગ કમિટિએ નિર્ણય કર્યો હતો કે, તહેવારોની મોસમને જોતા પર્સન ટુ-મર્ચન્ટ (પીટુએમ) યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર એમડીઆરને દિવાળી પછી લાગુ કરવા જોઈએ. તહેવારોની મોસમમાં વેપારીઓ માટે આ રાહતના સમાચાર છે. નવરાત્રી, દશેરા, દિવાળી જેવા તહેવારો વેપારીઓ માટે વેપારની મોટી તક હોય છે. યુપીઆઈ પેમેન્ટ્સ પર એમડીઆરની

(અનુસંધાન ૧૧મે પાને)

### વેપારી સંગઠનો, પેટ્રોલ પંપ એસોસિએશન, સ્ટોક બ્રોકર્સ સહિતના જૂથોના એમડીઆર મુદ્દે તીવ્ર વિરોધની અસર

### વિપક્ષે રૂ. ૨૨૦ કોર્ટ ફી ઓછી ભરી : સુપ્રીમ

## સુપ્રીમે જ્ઞાનેશ કુમાર સામેની વિપક્ષની અરજીમાં ફી સહિત ૧૪ ખામીઓ કાઢી

નવી દિલ્હી, તા. ૧૩

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરવામાં આવી છે, જોકે સુપ્રીમની રજિસ્ટ્રી દ્વારા પિટિશનમાં ૧૪ જેટલી ભુલો કાઢવામાં આવી હતી, સાથે જ ૨૨૦ રૂપિયા ફી ઓછી હોવાને કારણે હાલ તેને સુનાવણીની યાદીમાં સામેલ નહોતી કરી શકાઈ. સોમવારે રેલી કાઢીને સુપ્રીમ કોર્ટ પહોંચેલા વિપક્ષના નેતાઓ દ્વારા દાખલ કરાયેલી આ પિટિશનમાં હવે સુધારા બાદ જ સુનાવણી થશે.

### ખડગેના ઓળખપત્રની કોપી ઝાંખી, કેટલાકના વકીલાતનામા, નવ અરજદારોએ સહી પણ નથી કરી

વિપક્ષના નેતાઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ પિટિશનમાં રજિસ્ટ્રી દ્વારા જે ખામીઓ કાઢવામાં આવી છે તેમાં વકાલતનામામાં કેટલાક નેતાઓની સહીનો અભાવ, ઓળખપત્રની કોપી સ્પષ્ટ ના હોવી વગેરેનો સમાવેશ થાય છે. સાથે જ રજિસ્ટ્રીએ સવાલ ઉઠાવ્યો છે કે આ પિટિશનમાં ચૂંટણી કમિશનરોને વ્યક્તિગત રીતે કેમ પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે.

રજિસ્ટ્રીએ જે પણ ખામીઓ કાઢી છે તેમાં વકાલતનામા સાથે જોડાયેલા મામલા વધુ છે. અરજદારોની સંખ્યા ત્રણથી લઈને સાત સુધી વકાલતનામા દાખલ નથી કરાયા. જ્યારે નેતાઓની સહી પણ નથી.

આ નેતાઓમાં અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ, ડી. રાજા, સંજય રાઉત સહિત સહિત આશરે નવ નેતાઓનો સમાવેશ થાય છે.સુપ્રીમ કોર્ટની વેબસાઈટ મુજબ રજિસ્ટ્રીએ જે પણ ખામીઓ શોધી છે તેમાં પિટિશન દાખલ કરવા માટે જે કોર્ટ ફી ભરવાની હોય છે તેમાં રૂ. ૨૨૦ ઓછા આપવામાં આવ્યા

(અનુસંધાન ૧૧મે પાને)

### પિટિશનમાં સુધારા કરાય પછી સુનાવણી માટે યાદીમાં સમાવેશ કરીશું : અરજદારોને સીજેઆઈની મૌખીક ખાતરી

### એમડીઆર ચાર્જ નહીં ટેક્સ : વિપક્ષનો આક્ષેપ

## યુપીઆઈ પેમેન્ટના એમડીઆર મુદ્દે સરકારનો યુટર્ન પર યુટર્ન : જયરામ

નવી દિલ્હી, તા.૧૩

યુપીઆઈ પેમેન્ટ પર એમડીઆર મુદ્દે સરકાર પર નિશાન સાધતા કોંગ્રેસે કેન્દ્ર પર યુટર્ન પર યુટર્ન લેવાનો દાવો કર્યો હતો. કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે, પહેલા નાણાંમંત્રી નિર્મલા સીતારામને ૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અને ચાર દિવસ પછી સંસદમાં યુપીઆઈ પર એમડીઆર લેવાની સરકારની કોઈ યોજના નથી તેમ કહ્યું હતું. તેમના નિવેદનના એક મહિના પછી ૧૫ સપ્ટેમ્બરે યુ-ટર્ન લેતા યુપીઆઈ પેમેન્ટ પર એમડીઆરની જાહેરાત કરી હતી. હવે વેપારીઓનો વિરોધ વધતા સરકારે ફરી યુ-ટર્ન લીધો છે અને એમડીઆરની વસૂલાત મુલતવી રાખી છે. આ સાથે વિપક્ષે આક્ષેપ કરતા કહ્યું હતું કે, સરકાર ભલે દાવો કરે કે એમડીઆર ચાર્જ છે, પરંતુ હકીકતમાં આ સરકાર દ્વારા વસૂલવામાં આવનારો એક પ્રકારનો ટેક્સ જ છે.

### પ્રતિબંધ મુક્યાના બીજા દિવસે ગુપ્ત રીતે પ્રવેશ કરી વિરોધ નોંધાવ્યો

## કોકરોચ પાર્ટીના નેતાઓ જંતર મંતરમાં ઘૂસ્યા, તિરંગો લહેરાવ્યો

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હી પોલીસે જંતર મંતર પર વિરોધ પ્રદર્શનો કરવા પર કાયમ માટે પ્રતિબંધ મુક્યો તેના બીજા જ દિવસે કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ જંતર મંતરની અંદર ઘૂસી ગયા હતા. અને વિરોધ પ્રદર્શનો પર પ્રતિબંધ મુકવાના દિલ્હી પોલીસના આદેશનો વિરોધ કર્યો હતો. સવારે પાછળનો ગેટ કુદીને જંતર મંતરમાં ઘૂસેલા કોકરોચ પાર્ટીના સૌરવ દાસ, આશુતોષ રાંકા સહિતના

(અનુસંધાન ૧૧મે પાને)

### ગંગા નદીમાં હોડી પલટી જતાં ૧૩ લોકોનાં મોત

વૈશાલી જિલ્લાના રાઘોપુર વિસ્તારમાં ગંગા નદીમાં એક હોડી પલટી જતાં ૧૩ લોકોનાં મૃત્યુ થયા છે. હોડીમાં ૨૦ લોકો સવાર હતા.

મૃતકોમાં મોટાભાગના બાળકો છે. બે બાળકોને બચાવી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ મૃતકોના પરિવારો માટે પ્રત્યેકને ૪ લાખનું વળતર જાહેર કર્યું છે.

### દિલ્હીની વાત

#### દિલ્હીના વિરોધ પ્રદર્શનોમાં યુવાનોની સંખ્યા વધી

નવીદિલ્હી, તા. ૧૩

એસઆઈઆર અને મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામા બાબતે છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં વિરોધ પક્ષો આંદોલન કરી રહ્યા છે. જોવા મળ્યું છે કે ધીરે ધીરે આ આંદોલનોમાં યુવાનોની સંખ્યા વધતી જાય છે. જોકે શિક્ષામંત્રીનું રાજીનામું માંગતી વખતે જે પ્રમાણમાં યુવાનો ભેગા થયા હતા એટલી સંખ્યા હજી સુધી દેખાઈ નથી. સોમવારે કોંગ્રેસ અને બીજા વિદ્યાર્થી યુનિયનોએ જે વિરોધ પ્રદર્શન કર્યું હતું એમાં જેન ઝીની સંખ્યા મોટા પ્રમાણમાં હતી. યુવાનોનું માનવું છે કે એસઆઈઆર એક લાંબી પ્રક્રિયા છે અને એને સરળ કર્યા વગર અમલ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી કમિશને ત્યાર પછી કરેલા સુધારાથી પૂરવાર થાય છે કે પહેલા આ પ્રક્રિયા પારદર્શક નહોતી. દેશના યુવાનો પોતાના મતાધિકાર બાબતે ચિંતીત છે અને બીજા રાજ્યોમાંથી પણ યુવાનો

(અનુસંધાન ૧૧મે પાને)

### બેધડક -મંજુલ



મારો પગાર, મારો ખર્ચ અને મારું બેન્ક બેલેન્સ સરકારના ફુગાવાના આંકડા સાથે ક્યારેય સહમત થતા નથી...!









નવરાત્રીની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે. ત્યારે આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયની ઉજવણી એટલે દશેરાનો રાવણ દહનનો કાર્યક્રમ ઠેક ઠેકાણે યોજાયો હોય છે. અમદાવાદના રામોલા વિસ્તારમાં રાવણ દહન માટેના ફાયર ક્રેકર્સ સાથેના પૂતળા કારીગરો તૈયાર કરી રહ્યા છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

### દેશભરમાં ભારે વિરોધ અને મોંઘવારી વચ્ચે

# ગાંધીનગર મ્યુનિ. કોર્પો.માં ભાજપની હેટ્રિક, ૪૪માંથી ૩૮ બેઠકમાં વિજય

અમદાવાદ, મંગળવાર

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપે સતત ત્રીજી વખત પ્રભુત્વ જારી રાખતાં કુલ ૪૪માંથી ૩૮ બેઠક જીતી લીધી જ્યારે કોંગ્રેસ પાંચ, અપક્ષ ૧ બેઠકમાં જીતી શક્યું છે. આમ આદમી પાર્ટી આ વખતે ખાતું પણ ખોલાવી શક્યું નથી. છેલ્લે ૨૦૨૧માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપનો ૪૪માંથી ૪૧ બેઠકમાં વિજય થયો હતો. બીજી તરફ બનાસકાંઠાની થરા નગરપાલિકામાં ૨૪માંથી ૧૯, દેવભૂમિ દ્વારકાની ઓખા નગરપાલિકામાં ૩૬માંથી ૩૩ બેઠકમાં ભાજપનો વિજય થયો છે. પડધરી તાલુકામાં કોંગ્રેસ, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની પેટાચૂંટણીમાં આપ જીતવામાં સફળ રહ્યું હતું.

## થરા-ઓખા નગરપાલિકામાં ભાજપનો ભગવો માત્ર બે પેટા ચૂંટણીમાં કોંગ્રેસ અને 'આપ' જીત્યા

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૧ વોર્ડની કુલ ૪૪ બેઠકમાં ચૂંટણી યોજાઇ હતી. જેમાં ભાજપનો વોટ શેર ૫૬.૪૬ ટકા, કોંગ્રેસનો વોટ શેર ૩૬.૯૩ ટકા જ્યારે આમ આદમી પાર્ટીનો વોટ શેર ૪.૩૭ ટકા નોંધાયો હતો.

જેની સરખામણી ૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં

**ગાંધીનગર મ્યુનિ. કોર્પો.માં કયા પક્ષને કેટલા મત મળ્યા?**

કુલ બેઠક : ૪૪

| પક્ષ | મત મળ્યા | વોટ શેર | ઉમેદવાર જીત્યા |
|---|---|---|---|
| ભાજપ | ૩,૦૮,૬૭૨ | ૫૬.૪૬% | ૩૮ |
| કોંગ્રેસ | ૨,૦૧,૯૧૩ | ૩૬.૯૩% | ૦૫ |
| આપ | ૨૩,૮૯૪ | ૪.૩૭% | ૦૦ |
| અપક્ષ | ૯૫૭૩ | ૧.૭૫% | ૦૧ |
| બસપા | ૮૭૫ | ૦.૧૬% | ૦૦ |
| કુલ | ૫,૪૪,૯૨૭ | ૧૦૦.૦૦% | ૪૪ |

**બનાસકાંઠા : થરા નગરપાલિકાનું પરિણામ**

| પક્ષ | મત મળ્યા | વોટ શેર | ઉમેદવાર જીત્યા |
|---|---|---|---|
| ભાજપ | ૨૨,૬૬૮ | ૫૭.૩૫% | ૧૯ |
| કોંગ્રેસ | ૧૫,૫૮૪ | ૩૯.૪૩% | ૦૫ |
| આપ | ૧૨૩૦ | ૩.૧૧% | ૦૦ |
| કુલ | ૩૯,૪૮૨ | ૧૦૦.૦૦% | ૨૪ |

**દેવભૂમિ દ્વારકા : ઓખા નગરપાલિકાનું પરિણામ**

| પક્ષ | મત મળ્યા | વોટ શેર | ઉમેદવાર જીત્યા |
|---|---|---|---|
| ભાજપ | ૫૨,૮૧૯ | ૬૬.૯૮% | ૨૯ |
| કોંગ્રેસ | ૨૧,૬૮૧ | ૨૭.૪૯% | ૦૩ |
| આપ | ૪૧૦૩ | ૫.૨૦% | ૦૦ |
| કુલ | ૭૮,૬૦૩ | ૧૦૦.૦૦% | ૩૨ |

(*ભાજપના ચાર ઉમેદવારો બિનહરીફ જાહેર.)

**કુલ ૧૦૯ બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ : ભાજપે ૯૩, કોંગ્રેસે ૧૪ આપ-અપક્ષે ૧-૧ બેઠક જીતી**

ભાજપનો વોટશેર ૪૬.૪૯ ટકા, કોંગ્રેસનો વોટ શેર ૨૮.૦૨ ટકા અને આપનો વોટ શેર ૨૧.૭૭ ટકા નોંધાયો હતો. આમ, ભાજપનો વોટશેર વધ્યો છે જ્યારે કોંગ્રેસ અને આપના વોટશેરમાં ઘટાડો જોવા મળ્યો છે.

બનાસકાંઠા જિલ્લાની થરા નગરપાલિકામાં ભાજપનો વોટશેર ૫૭.૩૫, કોંગ્રેસનો વોટ શેર ૩૯.૪૩ ટકા જ્યારે દેવભૂમિ દ્વારકાની ઓખા નગરપાલિકામાં ભાજપનો વોટશેર ૬૬.૯૮ ટકા, કોંગ્રેસનો વોટશેર ૨૭.૪૯ ટકા નોંધાયો હતો.

અરવલ્લીના બાયડ, મહેસાણાના ખેરાલુ અને છોટા ઉદેપુરમાં ૧-૧ બેઠકમાં યોજાયેલી નગરપાલિકાની પેટાચૂંટણીમાં પણ ભાજપે જીત મેળવી હતી.

જોકે, રાજકોટના પડધરી તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં કોંગ્રેસ અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ભાજપને ચોંકાવ્યા હતા. જેમાં દેવભૂમિ દ્વારકામાં આપે ૬૩.૪૬ ટકા, ભાજપે માત્ર ૩૧.૦૪ ટકા જ્યારે કોંગ્રેસે માત્ર ૪.૬૩ ટકાનો વોટશેર મેળવ્યો હતો.

## નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશિપ પાંચ ડિસેમ્બરે : ૧૫ ઓક્ટો.થી ફોર્મ ભરાશે

અમદાવાદ,મંગળવાર

ભારત સરકારની યોજના અંતર્ગત સ્કૂલોના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ માટે લેવાતી નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશિપની આગામી પરીક્ષાની જાહેરાત કરવામા આવી છે.

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી આ પરીક્ષા પાંચ ડિસેમ્બરના રોજ રાજ્યભરના કેન્દ્રોમાં લેવાશે. આ પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરાશે અને જે ૧૫થી ૨૪ ઓક્ટોબર દરમિયાન ભરી શકાશે. હાલ ધો.૮માં સરકારી પ્રાથમિક સ્કૂલોમાં તેમજ કોર્પોરેશન સ્કૂલોમાં અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. જનરલ અને ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને ધો.૭માં ૫૫ અને એસસી એસટીમાં ૫૦ ટકા ગુણ હોવા જોઈએ. વાલીની આવક ૩.૫૦ લાખથી વધુ ન હોવી જોઈએ. ગુજરાત માટે ૫૦૯૭ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાનો ક્વોટા નક્કી કરાયો છે. પરીક્ષા બાદ મેરિટમાં આવનાર વિદ્યાર્થીઓને ધો.૧૨ સુધી વાર્ષિક ૧૨ હજારની સ્કોલરશિપ અપાશે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શ્રી હિમાંશુભાઈ મગનભાઈ પટેલ, રહેવાસી-વાસદ, તાલુકો અને જીલ્લો-આણંદનાએ જીલ્લા વડોદરાના તાલુકા પાદરાના ગામ મોજે લુણાના નવા બ્લોક/સર્વે નંબર-૬૨૨ (જુના સર્વે/બ્લોક નંબર-૫૯૯ તથા તે આગાઉના જુના સર્વે નંબર-૪૯૦, ૪૯૨, તથા ૪૯૬) ની ખાતા નંબર-૧૧૯ ધરાવતી કુલ ૧૯૨૯૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૧૩-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ ''એમ'', મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,


### ૩૮.૬ ડિગ્રી સાથે તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો

# અમદાવાદમાં નવ વર્ષ બાદ ઓક્ટોબરમાં સૌથી વધુ તાપમાન

અમદાવાદ,મંગળવાર

અમદાવાદમાં આજે ૩૮.૬ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૨.૬ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. છેલ્લા ૯ વર્ષમાં ઓક્ટોબરમાં નોંધાયેલું આ સૌથી વધુ તાપમાન છે.

## ભુજમાં સૌથી વધુ ૩૯.૩, રાજકોટમાં ૩૯, સુરતમાં ૩૮.૧ જ્યારે વડોદરામાં ૩૭.૬ ડિગ્રી

અમદાવાદમાં અગાઉ ૬ ઓક્ટોબર ૨૦૧૭માં ૩૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ પછી ઓક્ટોબરમાં ૩૮.૫ ડિગ્રીએ તાપમાન પહોંચ્યું હોય તેવું પ્રથમવાર બન્યું છે. હજુ આગામી પાંચ દિવસ અમદાવાદનું તાપમાન ૩૮ની આસપાસ જ રહેશે. ૫ ઓક્ટોબર ૧૯૨૦ના ૪૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે અમદાવાદમાં ઓક્ટોબરમાં નોંધાયેલું ઓલટાઈમ રેકોર્ડ તાપમાન છે.

રાજ્યમાંથી અન્યત્ર ભુજમાં ૩૯.૩, રાજકોટમાં ૩૯, સુરતમાં ૩૮.૧, અમરેલીમાં ૩૭.૭, વડોદરામાં ૩૭.૬, ભાવનગરમાં ૩૬.૭, ગાંધીનગરમાં ૩૬ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

### ખાડે ગયેલા વહીવટથી ઉમેદવારોમાં રોષ

# મ્યુનિ.ના એસ્ટેટ ખાતાની ભરતીમાં ગોટાળો, પુનઃ પરીક્ષા પણ મોકૂફ!

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ મ્યુનિ.ના ખાડે ગયેલા વહીવટનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. એક તરફ સ્ટાફની ઘટ છે. બીજી તરફ નવી ભરતીના ઠેકાણાં નથી. આસિસટન્ટ એસ્ટેટ ઓફિસર અને સહાયક સબ ઈન્સપેક્ટરની ૫૫ જગ્યાઓની ભરતી પ્રક્રિયા દોઢેક વર્ષથી ચલ્લે ચડી છે. પરીક્ષા રદ કર્યા બાદ હવે પુનઃપરીક્ષા પણ મોકૂફ રખાતા ઉમેદવારો રોષે ભરાયા છે.

## પ્રશ્નોના ગુણભારમાં વિસંગતતા હોવાથી પહેલાં પરીક્ષા રદ કરાઈ, હવે પુનઃ પરીક્ષા પણ મોકૂફ

અમદાવાદ મ્યુનિ. દ્વારા વર્ષ ૨૦૨૫થી આસિસટન્ટ એસ્ટેટ ઓફિસર/ટીડીઓની ૭ અને સહાયક સબ ઈન્સપેક્ટરની ૪૮ જગ્યા માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. જે આજે દોઢેક વર્ષ બાદ પણ પૂરી કરાઈ નથી. આ ૫૫ જગ્યા માટે ૨૭ સપ્ટેમ્બરે ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. પરંતુ તેમાં પ્રશ્નોના ગુણભારમાં વિસંગતતા હોવાના કારણે બંને પરીક્ષા રદ કરી દેવાઈ હતી. જ્યારે પુનઃપરીક્ષા ૨૫ ઓક્ટોબરે યોજવાનું આયોજન કરાયું છે. પુનઃપરીક્ષાને માંડ દસેક દિવસ બાકી છે, ત્યાં હવે ફરીવાર ૨૫ ઓક્ટોબર યોજાનાર પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી છે. જેથી ઉમેદવારોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. લાંબા સમય સુધી તૈયારી કર્યા બાદ મ્યુનિ.ના છબરડાના કારણે તેઓ મુંઝવણમાં મુકાયા છે. તેમનો સમય અને મહેનત બંને પાણીમાં ગયા છે. પોતાની કચેરીની સામાન્ય વહીવટી પ્રક્રિયામાં જ મ્યુનિ. ગોટાળા કરી રહ્યું છે. ત્યારે આખા શહેરની કામગીરી કેવી રીતે કરાતી હશે? તેવો સવાલ ઉઠ્યો છે. નવી ભરતીના બદલે તંત્રને નિવૃત્તોને ફરી નોકરી આપવામાં વધુ રસ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

### ચાર એજન્સીને કામગીરી સોંપવા કવાયત

# અમદાવાદ મ્યુનિ.નું દિશાહીન આયોજન, રૂ.૧૧.૩૯ કરોડના સાઈન બોર્ડ લગાવશે

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા રૂ. ૧૧.૩૯ કરોડના ખર્ચે શહેરના માર્ગો પર વિવિધ પ્રકારના સાઈન બોર્ડ લગાવવાનું આયોજન કરાયું છે. જો કે આ કામગીરીમાં કેટલા સાઈન બોર્ડ લગાવાશે અને ક્યાં? તે જ સ્પષ્ટ નથી. ત્યારે આવા દિશાહીન આયોજનો પાછળ જ મ્યુનિ.નું સાડા અઢાર હજાર કરોડનું બજેટ વપરાઈ જતું હશે! તેવો લોકો કટાક્ષ કરી રહ્યા છે.

## માર્ગો પર વિસ્તાર, લેન્ડમાર્ક, જાહેર સુવિધાઓ, સ્પીડ લિમિટ, પાર્કિંગ, વન-વે જેવા બોર્ડ મૂકાશે

અમદાવાદ મ્યુનિ. દ્વારા શહેરના માર્ગો પર વિસ્તાર, લેન્ડમાર્ક, જાહેર સુવિધાઓ, સ્પીડ લિમિટ, પાર્કિંગ, વન વે, પેડેસ્ટ્રિઅન ક્રોસિંગ વગેરે દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવશે. જો કે વિવિધ પ્રકારના રિફ્લેક્ટિવ સાઈટ બોર્ડ લગાવવા બે-ચાર કરોડ નહીં, પરંતુ રૂ. ૧૧.૩૯ કરોડ જેટલી તોતિંગ રકમ ખર્ચાશે. ઉપરાતં જીએસટી અલગથી ચૂકવાશે. રોડ એન્ડ બિલ્ડિંગ કિમિટી સમક્ષ ત્રણ ભાગમાં આ કામગીરી મંજૂર કરવા દરખાસ્ત મુકાઈ છે. જેમાં ઉત્તર-પશ્ચિમ, પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં સાઈન બોર્ડ લગાવવા તેમજ રસ્તા પર થર્મોપ્લાસ્ટિક પેઈન્ટથી લેન માર્કિંગ કરવા રૂ. ૩.૭૭ કરોડ ખર્ચ કરાશે. આ સિવાય અલગ-અલગ ઝોનમાં રૂ. ૩.૭૯ કરોડ અને રૂ. ૩.૮૧ કરોડ એમ બે ભાગમાં કોન્ટ્રાક્ટરને આ કામ સોંપવા કવાયત ચાલી રહી છે. આ ત્રણેય કામ માટે આર એસ કન્સ્ટ્રક્શન, પટેલ કન્સ્ટ્રક્શન, પ્લેટિનમ કન્સ્ટ્રક્શન, શિતલ સાઈન્સ એમ ચારેક એજન્સીને એમ પેનલ કરાઈ છે. જો કે આ કામગીરીમાં કયા માપદંડો મુજબ સાઈન બોર્ડ લાગશે, તેવી કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. દિશાસૂચક બોર્ડ લગાવવા બાબતે મ્યુનિ. પોતે દિશા ભટકી ગયું હોય તેવું વર્તાય છે.

### કેન્દ્રીય પ્રક્રિયામાં ૧૩૮ કોલેજોમાં તો ઝીરો પ્રવેશ

# ફીઝિયો-નર્સિંગની ૮૦૦ કોલેજોને ૨૫ કે તેથી પણ ઓછા વિદ્યાર્થીઓ મળ્યા

અમદાવાદ,મંગળવાર

ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી જ્યાં આડેધડ ખાનગી નર્સિંગ કોલેજોને મંજૂરીઓ આપવામા આવી રહી છે ત્યારે નર્સિંગ કોલેજોનો રાફડો ફાટ્યો હોઈ વિદ્યાર્થીઓ જ મેળવવામાં ફાંફા છે.આ વર્ષની નર્સિંગ,ફીઝિયોથેરાપી અને અન્ય અલાઈડ એન્ડ હેલ્થ કેર કોર્સીસની ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં ત્રણ રાઉન્ડ બાદ પણ ૩૬ હજારથી વધુ બેઠકો ખાલી પડી છે.જેમાં ૮૦૦થી વધુ કોલેજો એવી છે કે જેઓને ૨૫ કે તેથી પણ ઓછા વિદ્યાર્થીઓ મળ્યા છે.

## ત્રણ રાઉન્ડને અંતે પણ હજુ ૩૬ હજારથી વધુ બેઠકો ખાલી રહીઃ હવે માત્ર સરકારી બેઠકો માટે ચોથો રાઉન્ડ થશે

ધો.૧૨ સાયન્સ પછીના બોર્ડ પરિણામ આધારીત બીએસસી નર્સિંગ,જનરલ નર્સિંગ,ઓક્ઝિલરી નર્સિંગ, ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી તથા નેચરોપેથી સહિતના ૯ જેટલા કોર્સીસમાં હાલ રાજ્યમાં સરકારી અને ખાનગી સહિતની ૧૧૦૦થી વધુ કોલેજો છે. જેમાં ૯૫ ટકાથી વધુ કોલેજો તો નર્સિંગ-ફીઝિયોથેરાપીના કોર્સીસની છે. રાજ્યની અલાઈડ એન્ડ હેલ્થ કોર્સીસ પ્રવેશ સમિતિ દ્વારા ત્રીજા રાઉન્ડની પ્રક્રિયા કરાઈ ત્યાં સુધીમાં રાજ્યમાં કુલ ૧૦૯૫ કોલેજોની રીન્યુઅલ પરમિશન આવી હતી. પ્રવેશ સમિતિ દ્વારા કુલ ત્રણ ઓનલાઈન રાઉન્ડ પુરા કરી દેવાયા છે. ત્રણ રાઉન્ડના અંતે ૧૦૯૫ કોલેજોની કુલ મંજૂર ૫૩૨૦૬ બેઠકોમાંથી માંડ ૧૯૯૫૪ બેઠકો ભરાઈ છે. જ્યારે ૩૬૨૫૨ બેઠકો ખાલી છે.

પ્રવેશ સમિતિ દ્વારા અપાયેલી વિગતો મુજબ ત્રણ રાઉન્ડના અંતે હાલ ૮૦૦થી વધુ ખાનગી કોલેજો એવી છે કે જેઓને

**કેટલી કોલેજોમાં કેટલા પ્રવેશ**

| કોલેજો | પ્રવેશ | કોલેજો | પ્રવેશ |
|---|---|---|---|
| ૧૩૮ | ઝીરો | ૩૫ | ૦૫ |
| ૫૭ | ૦૧ | ૧૩૩ | ૬થી૧૦ |
| ૫૭ | ૦૨ | ૧૧૧ | ૧૧થી૧૫ |
| ૫૨ | ૦૩ | ૯૧ | ૧૬થી૨૦ |
| ૪૩ | ૦૪ | ૭૦ | ૨૧થી૨૫ |

૨૫ કે તેથી પણ ઓછા વિદ્યાર્થીઓ મળ્યા છે.નર્સિંગ અને ફીઝિયોથેરાપીની કોલેજોમાં હવે ૫૦ને બદલે ૧૦૦ અને કેટલીક કોલેજોમાં તો ૨૦૦ સુધીની બેઠકો અપાય છે ત્યારે ૧૦૦ બેઠકો સામે ઘણી કોલેજોને તો ઝીરો વિદ્યાર્થી મળ્યા છે તો કેટલીકને તો પાંચ તો કેટલીકને દસ વિદ્યાર્થી માંડ મળ્યા છે.

ત્રણ રાઉન્ડ બાદ ખાલી પડેલી બેઠકોમાંથી ખાનગી કોલેજોની બેઠકો માટે હવે ઓનલાઈન કેન્દ્રિય રાઉન્ડ નહીં થાય. ખાનગી કોલજોને પોતાની રીતે બેઠકો ભરવા સોંપી દેવાઈ છે.જ્યારે સરકારી કોલેજોમાં ખાલી પડેલી ૪૪૪ બેઠકો માટે જ હવે ચોથો રાઉન્ડ થશે.જેમાં બીએસસી નર્સિંગમાં ૪૬, જનરલ નર્સિંગમાં ૧૩૩, ઓક્ઝિલરી નર્સિંગમાં ૧૪૫, ઓડિયોલોજીમાં ૭, ફીઝિયોથેરાપીમાં ૯૮ અને ઓપ્ટોમેટ્રીમાં ૧૫ બેઠકો ખાલ છે. ચોથા રાઉન્ડમાં ૧૬મી સુધી ચોઈસ ફિલિંગ થશે.મહત્વનું છે કે અનેક ખાનગી કોલેજોએ પોતાની મેનેજમેન્ટ ક્વોટા-વેકેન્ટ ક્વોટાની સીટોમાં પહેલેથી જ પોતાની રીતે પ્રવેશ આપી દીધા છે.જેથી હાલ તો કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં ઓછા વિદ્યાર્થીઓ છે.પરંતુ જે પાછળથી વધશે.

### મોંઘા પાસ માટે પૈસા ચૂકવ્યા પછી પ્રવેશ ન અપાતાં હોબાળો

# જીગરદાન ગઢવીના ગરબામાં એન્ટ્રી ન મળતા નારાજ ખેલૈયાઓએ તોડફોડ કરી

અમદાવાદ, મંગળવાર

ફાયર અને પોલીસની મંજુરી વગર જ ચાલુ કરાવી દેવાયેલાં જીગરદાન ગઢવીના ગરબા સોમવારે ચાલું કરવા ન દેવાતાં આયોજકો સામે ખેલૈયાઓએ ગુસ્સો ઠાલવ્યો હતો. મોંઘા પાસ માટે પૈસા ચૂકવ્યા પછી કલાકો સુધી ગરબામાં પ્રવેશ ન અપાતાં નારાજ ખેલૈયાઓએ ડોમમાં ઘુસી લોખંડના બેરિકેડ્સ ફગાવી દીધા હતા અને પડદા, પોસ્ટર્સને નુકસાન કર્યું હતું. કાયદા અને નિયમોની ઐસીતૈસી કરી રવિવારે ચાલું રખાયેલા ગરબા મંજુરી ન હોવાથી સોમવારે પોલીસે યોજવા દીધા નહોતા. સોમવારે ગરબા ન યોજાતાં અમુક ખેલૈયાઓએ મોંઘા પાસના પૈસા ગુમાવ્યા મુદ્દે નારાજગી વ્યક્ત કરી હતી. જો કે, ખેલૈયાઓને આર્થિક નુકસાન કે પછી જીગરદાનના ગરબામાં કરાયેલાં નુકસાન મુદ્દે ફરિયાદ નોંધાવવાના મુદ્દે આયોજકો અને પોલીસે મૌન સેવી લીધું છે.

સાયન્સ સિટી રોડ ઉપર જીગરદાન ગઢવીનાનો ગરબાનો વિવાદ બીજા નોરતે વધારે વકર્યો તે માટે આયોજકોની નવરાત્રીમાં માતાજીની આરાધના કરવાના નામે કમાઈ લેવાની નીતિના કારણે ખેલૈયાઓ પરેશાન થયા હોવાનો આક્રોશ પ્રવર્તી રહ્યો છે. મોંઘા પાસની ખરીદી કરી ચૂકેલા ખેલૈયાઓએ સવારથી 'ગરબા થવાના છે?' તેવી પૂછપરછ કરતાં હતાં. આ સમયે ફાયરબ્રિગેડ અને પોલીસ તંત્રને જાણે ખિસ્સામાં લઈને ફરતાં હોય તેવુ માનતા આયોજકો ગરબા યોજાશે તેમ કહીને હા પાડી રહ્યાં હતા.

ખેલૈયાઓએ લાંબો સમયથી સુધી ધીરજ રાખી હતી. એકાદ કલાક સુધી રાહ જોઈને થાક્યા પછી ખેલૈયાઓએ તરફથી સવાલ થવા લાગ્યા હતા કે- એન્ટ્રી કેમ નથી અપાતી? પરંતુ, આયોજકો તરફથી કોઈ યોગ્ય જવાબ અપાતો નહોતો. ક્રોધિત ખેલૈયાઓનું એક ટોળું એ.સી. ડોમમાં ઘૂસી ગયું હતું જ્યાં પોસ્ટર ફાડીને લોખંડના બેરિકેડ્સ ફગાવી દીધા હતા તેમજ રિફંડ આપવાના નારા લગાવ્યા હતા. છેવટે, આયોજકોએ રાતે એક વાગે જાહેર કર્યું કે, ગરબા નહી થાય. જેનાથી અનેક ખેલૈયાઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, ગરબા નથી યોજાવાના તે જાણતા હોવા છતાં આયોજકોએ ટિકિટ બારી ખુલ્લી રાખી રાતે ૮થી ૧૦ વાગ્યા સુધી રૂા. ૧,૨૦૦ના પાસ વેચ્યા હતા. દૂર દૂરથી આવેલા કેટલાક લોકોએ ઓન લાઈન પેમેન્ટથી પાસની ખરીદી કરી હતી. અનેક લોકોએ એવો આક્રોશ પણ વ્યક્ત કર્યો હતો કે, સોમવારે ગરબા યોજવાના નહોતાં છતાં આયોજકોએ પાર્કિંગના ૨૦૦-૨૦૦ રૂપિયા વસુલ્યા હતા.



**આયોજકોએ ૧૦-૧૫ મિનિટમાં ગરબા ચાલુ થશે તેવા ખોટા આશ્વાસનો જ આપ્યા**

જીગરદાન ગઢવીના ગરબા સોમવારે રાત્રે બંધ રહેતાં હજારો ખેલૈયાઓ રાત્રે ૮ વાગ્યાથી ૧૧-૧૨ વાગ્યા સુધી બહાર જ રાહ જોઈને ઉભા રહ્યાં હતાં. અનેક ખેલૈયા યુવકો, યુવતીઓએ એવો આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, આયોજકો તો ડોકાયાં નહોતા પરંતુ તેમના તરફથી આવતાં માણસો અને બાઉન્સરોએ ૧૦-૧૫ મિનિટમાં ગરબા ચાલુ થશે તેવા ખોટા આશ્વાસનો આપતાં ખેલૈયાઓનો રોષ છેવટે ભભૂક્યો હતો અને તોડફોડ કરી હતી. છેવટે, સોમવારે રાત્રે ૧ વાગ્યે ગરબા નહીં યાજાય તેવું આયોજક ચિંતન લાલકિયાએ આવીને જાહેર કર્યું હતું.

**પાર્કિંગના ૨૦૦-૨૦૦ રૂપિયા ઉઘરાવી બેફામ લૂંટ**

**૧૫ મંજુરીઓ આપવા પોલીસ કમિશનર કચેરી રાત્રે ધમધમીઃ આયોજકો અને તંત્ર છેવટે જાગ્યા ખરાં...**

અમદાવાદમાં નવરાત્રીના નવ દિવસના ગરબાની કુલ ૬૫ મંજુરીઓ આપવામાં આવી છે. ચિંતાની વાત એ છે કે, ૬૫માંથી ૧૫ મંજુરીઓ આપવા માટે સોમવાર, બીજા નોરતાની મોડીરાત સુધી પોલીસ કમિશનર કચેરી મોડીરાત સુધી ધમધમી હતી. જીગરદાન ગઢવીના ડોમ ગરબા ઉપરાંત અન્ય ૧૪ ખુલ્લા મેદાનમાં યોજાયેલાં ગરબાની મંજુરી સરકારી તંત્રની વિવિધ મંજુરીઓના પેપર્સ પાછળ અટવાઈ હતી. આ મંજુરીઓ સાથે કાગળો રજૂ કરવામાં આવતાં સોમવારે મોડીરાત સુધી કામ કરી પોલીસ કમિશનર કચેરીમાંથી તમામ આયોજનોને મંજુરી અપાઈ હતી. જો કે, એવી પણ ચર્ચા છે કે, અનેક આયોજકો પોલીસ અને તંત્રની જરૂરી મંજુરીઓની ઐસીતૈસી કરી વ્યાસાયિક ગરબા યોજી રહ્યાં હતાં. જીગરદાન ગઢવીના ગરબામાં મંજુરીના વિવાદથી મંજુરી માટે જાગૃતતા આવી છે.

**રોષે ભરાયેલા ટોળાંએ ડોમમાં ઘૂસી બેરિકેડ, પોસ્ટર્સને નુકસાન કર્યું રિફંડ આપવાના નારા લગાવ્યાઃ ફરિયાદ મુદ્દે આયોજકો-પોલીસ મૌન**

### ૧૧૦૦૦માંથી ફક્ત ૧૦૦ એકમે CCTV કેમેરા લગાવ્યા

# અમદાવાદમાં હોટેલ અને રેસ્ટોરન્ટના રસોડાના લાઈવ સ્ટ્રીમિંગનું સૂરસુરિયું

અમદાવાદ, મંગળવાર

અમદાવાદમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જળવાય તે માટે મ્યુનિ.ના ફૂડ વિભાગે શહેરના ૧૧ હજારથી વધારે તમામ હોટેલ-રેસ્ટોરન્ટના રસોડાનું ગ્રાહકો સમક્ષ લાઈવ સ્ટ્રીમિંગ કરવાનું ફરમાન કર્યું હતું. લોકોના આરોગ્યના નામે મોટા હાકલા-પડકારા સાથે શરૂ થયેલા આ આયોજનનું જાણે કે સૂરસુરિયુ થઈ ગયું હોય, તેમ દોઢ મહિનામાં માત્ર ૧૦૦ હોટલ-રેસ્ટોરન્ટમાં જ સીસીવીટી કેમેરા લગાવી લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કરાયું છે.

## ખુદ મ્યુનિ. કમિશનરે જ 'વિઝિબલ કિચન'ના નામે છટકબારી કરી આપી :૧૫૦૦ એકમે લોકોને દેખાય તેમ રસોડા ગોઠવ્યા

અમદાવાદમાં બજારમાં વેચાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુધારવાના ભાગરૂપે ગત ૨૭ ઓગસ્ટના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં પણ ચેરમેન દ્વારા તમામ ૧૧ હજાર હોટેલ-રેસ્ટોરન્ટના રસોડાનું સીસીટીવી કેમેરા લગાવી ગ્રાહકો સમક્ષ લાઈવ સ્ટ્રીમિંગ કરવાની સૂચના આપવામાં આવી હતી. દરમિયાનમાં મળતી વિગતો અનુસાર આજ સુધીમાં માત્ર ૧૦૦ એકમમાં જ આવી વ્યવસ્થા થઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર હોટેલ-રેસ્ટોરન્ટ સંચાલકોને પોતાની કામગીરી પર જ ભરોસો ન હોય અથવા તો કંઈક ખોટુ કરવું હોય, તેમ આ મામલે સમય માંગ્યો હતો. જેના પગલે પીગળી ગયેલા ખુદ મ્યુનિ. કમિશનરે જ 'વિઝિબલ કિચન' એટલે કે લોકો જોઈ શકે તેવી રીતે રસોડુ રાખવાની છટકબારી કરી આપી હતી. અત્યાર સુધીમાં ૧૫૦૦ એકમોએ આવી રીતે રસોડા બનાવી દીધા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, લોકો જોઈ શકે તેવી રીતે રસોડા રાખવા તૈયાર થઈ રહેલા હોટલ-રેસ્ટોરન્ટ સંચાલકો સીસીટીવી કેમેરાથી લાઈવ સ્ટ્રીમિંગ કરવા તૈયાર નથી! એટલે કે દાળમાં કંઈક કાળુ ચોક્કસ છે.

**ગ્રાહકોને રસોડાના એક્સેસ અપાય છે : ફૂડ વિભાગ**

મ્યુનિ.ના ફૂડ વિભાગે પણ આ મામલે નરમ વલણ અપનાવવાની ફરજ પડી છે. રસોડાનું સીસીટીવી કેમેરાથી ગ્રાહકો સમક્ષ લાઈવ સ્ટ્રીમિંગનું આયોજન પડતુ મૂકીને હવે લોકોને કિચન એક્સેસ પર ભાર આપવાનું શરૂ કર્યું છે. ફૂડ વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર હાલમાં મોટાભાગના રેસ્ટોરન્ટ-હોટલ સંચાલકો લોકોને રસોડું જોવાની છૂટ આપી રહ્યા છે.

### પહેલાં મફત પાર્કિંગનું ગાજર લટકાવી રાખ્યું હવે

# ૧૦ મેટ્રો સ્ટેશને પાર્કિંગના પૈસા વસૂલાશે, ટિકિટ કરતા વાહન રાખવાનું ભાડું વધારે!

અમદાવાદ, મંગળવાર

અમદાવાદમાં મોટા ભાગના મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગના ફાંફાં છે. તેવામાં અત્યાર સુધી મ્યુનિ.એ સ્ટેશન પાસેના ખાલી પ્લોટમાં મુસાફરો માટે મફત પાર્કિંગનું ગાજર લટકાવી રાખ્યું હતું. જો કે પાર્કિંગ બન્યા બાદ હવે વાહનચાલકો પાસેથી ચાર્જ વસૂલવાનું નક્કી કરાયું છે. નવરંગપુરા, સાબરમતી, વસ્ત્રાલ સહિત ૧૦ મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગ માટે ૧૦૦ રૂપિયા સુધીનો ચાર્જ વસૂલાશે.

## નવરંગપુરા, સાબરમતી, વસ્ત્રાલ સહિતના મેટ્રો રેલવે સ્ટેશન પર ૧૦૦ રૂપિયા સુધીનો પાર્કિંગ ચાર્જ નક્કી કરાયો

લોકોને જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની સૂફિયાણી સલાહ તો અપાય છે. પરંતુ તેના માટે યોગ્ય વ્યવસ્થા કરાતી નથી. મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગની સુવિધા ન હોવાથી કેટલાક લોકો મેટ્રો રેલનો ઉપયોગ કરવાનું ટાળતા હોય છે. ત્યારે સ્ટેશન પાસેના ખાલી પડેલા પ્લોટમાં મફત પાર્કિંગ સુવિધા મળશે તેવી ડીંગો હાંકવામાં આવી હતી. જેના માટે નવરંગપુરામાં ત્રણ, સાબરમતીમાં ત્રણ, વસ્ત્રાલમાં બે, એસપી સ્ટેડિયમ અને રામોલ પાસે ૧-૧ એમ કુલ ૧૦ મેટ્રો સ્ટેશન પાસે પાર્કિંગ માટે પ્લોટ ફાળવાયા હતા. આ તમામ પ્લોટમાં કુલ ૩૩૪૨ ટુ-વ્હીલર અને ૨૦૦ ફોર-વ્હીલર પાર્ક થઈ શકે તેટલી જગ્યા છે. ત્યારે હવે ખરા ટાણે મફતમાં પાર્કિંગ આપવાના બદલે મ્યુનિ.એ આ તમામ પ્લોટમાં પે એન્ડ પાર્કિંગ ઉભું કરવાનું મનઘડંત આયોજન કર્યું છે. રૂ. ૧૩ હજારથી ૫૦ હજાર જેટલા નજીવા માસિક ભાડે કોન્ટ્રાક્ટરોને મ્યુનિ. પ્લોટ ભાડે આપી દેશે. જ્યાં તેઓ ટુ-વ્હીલર માટે પાંચથી પચ્ચાસ રૂપિયા અને ફોર-વ્હીલર માટે રૂ. ૧૫થી ૧૨૦ સુધી વસૂલશે. મેટ્રોનો ઉપયોગ કરતા શાળા-કોલેજેના છાત્રો અને નોકરી-ધંધાર્થે જતા લોકો સ્ટેશન પાસે ૮થી ૧૦ કલાક વાહન પાર્ક કરે છે. ત્યારે રોજનું રૂ. ૨૫થી ૭૦ પાર્કિંગ ચાર્જ ચૂકવવું પડશે. જે મેટ્રોના ભાડા કરતા પણ વધી જશે!




જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું*

કેશ ડિસ્કાઉન્ટ ₹3 000* સુધી

ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ ₹10 000* સુધી SBI card HDFC BANK pine labs

ઓછું ડાઉન પેમેન્ટ ₹999* થી શરૂ

એક્સક્લુઝિવ કોર્પોરેટ ઓફર ₹2 200* સુધી

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

5 YEAR WARRANTY | Hero GoodLife | Also Available on: Flipkart amazon.in

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. | CIN: L35911DL1984PLC017354 | For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. *Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount & Corporate offer are exclusive and can't be availed together. *Finance/Card offer are at the sole discretion of the financier/bank, Subject to their respective T&Cs. Offer available only on limited stores. *Limited period offer, T&C apply.

TOLL FREE 1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922563; Bopal: Raj Hero: 9289233435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Narol: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289235287; Sanand: Bikes Hero: 9289923089; Sarkhej: Raj Hero: 9289233435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821730780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdote Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104400559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922610; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922750; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot, Kuvadva Road Gopinath Mobility : 7490904512; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737620; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero :9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923199; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922596; VYARA: Wheel Hero : 9289922732

Cheil 33871/26

## ઝૂલતા મિનારા નજીક ૧૪ દુકાનો, ૨૩ શેડ પર જેસીબી ફેરવાયા

# મોટેરામાં સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવનો માર્ગ મોકળો કરવા વધુ ૭૬ મકાનો તોડાયા

અમદાવાદ, મંગળવાર

કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે મોટેરામાં ૩૫૦ એકર જગ્યામાં સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ તૈયાર કરાઈ રહ્યું છે. ત્યારે સ્ટેડિયમ તરફ જવાનો ટીપી રોડ પહોળો કરવા અગાઉ ૫૦થી વધુ દુકાનો તોડ્યા બાદ આજે ૭૬ મકાનો પર જેસીબી ફેરવી દેવાયા હતા. ઉપરાંત આગામી દિવસમાં કોર્ટ કેસનો ઉકેલ આવતા વિસ્તારમાં મોટાપાયે ડિમોલિશન હાથ ધરાશે. બીજી બાજુ ગોમતીપુરમાં ઝૂલતા મિનારા પાસે ૧૪ દુકાનો તોડી પડાઈ હતી.

## કોમનવેલ્થ ગેમ્સ માટે સ્ટેડિયમ બહાર રસ્તો ૬૧ મીટર પહોળો કરાશે, હજી વધારે દુકાનો અને મકાનો તોડાશે

મોટેરા વિસ્તારમાં સાબરમતી ટોલનાકાથી સ્ટેડિયમ તરફ જતા ૧૮ મીટર ટીપી રસ્તાને પહોળો કરી ૬૧ મીટરનો બનાવવાનું આયોજન કરાયું હતું. જેને પગલે થોડા દિવસ અગાઉ ૫૦થી વધુ દુકાનો તોડી પડાઈ હતી. જ્યારે આજે સવારે મ્યુનિ.ના એસ્ટેટ વિભાગની ટીમે ધસી જઈ ૭૬ મકાનો પર જેસીબી ફેરવી દીધા હતા. જેમાં બળદેવનગર, શંકરજીની ચાલી સહિત ચાર જેટલી વસાહતોનો સમાવેશ થાય છે. જો કે રહેવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ભાડાના ચેક આપી દેવાયા હોવાનો દાવો કરાયો છે. કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે વિસ્તારમાં રમતગમતની માળખાકીય વ્યવસ્થા ઉભી કરવા હજી આગામી દિવસોમાં પણ મોટી સંખ્યામાં અહીં ડિમોલિશન હાથ ધરાશે. હાલ ડિમોલિશન મુદ્દે કેસ ચાલતો હોવાથી હાઈકોર્ટના હુકમ બાદ આગળની કાર્યવાહી કરાશે. નોંધનીય છે, અગાઉ વિસ્તારમાં કરાયેલા મેગા ડિમોલિશન મુદ્દે રહીશોમાંથી ભારે વિરોધ ઉઠ્યો હતો. બીજી બાજુ ગોમતીપુર દરવાજાથી ઉષા સિનેમા અને ઝૂલતા મિનારા થઈ ગોમતીપુર ઢાળ સુધીના ટીપી રસ્તા પરથી ૧૪ દુકાનો, ૨૩ કમર્શિયલ શેડ, એક મકાન અને ૧૨ ઓટલા તોડી પડાયા હતા.



## સુપ્રીમના નિર્દેશાનુસાર ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો પરિપત્ર

# દહેજમૃત્યુ , ઘરેલુ હિંસા : ચાર્જશીટ બાદ ૬૦થી ૯૦ દિવસમાં આરોપ ઘડવા પડશે

અમદાવાદ, મંગળવાર

દહેજમૃત્યુ અને ઘરેલુ હિંસાના કેસોમાં ચાર્જશીટ બાદ આરોપ નક્કી કરવાની પ્રક્રિયા, સાક્ષીઓની જુબાની અને ટ્રાયલની કામગીરીમાં વિલંબ ટાળવાના આશયથી સુપ્રીમકોર્ટે જારી કરેલા આદેશ અનુસંધાનમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાતની તમામ જિલ્લા અદાલતોના ન્યાયિક અધિકારીઓને મહત્વના નિર્દેશો જારી કરાયા છે. જેમાં ત્રણ વર્ષથી વધુ સમયથી પડતર કેસોની ઓળખ કરી તેની સમયાંતરે સમીક્ષા કરવા તેમજ સાક્ષીઓની જુબાની માટે અગાઉથી સુનિશ્ચિત કાર્યક્રમ તૈયાર કરવા અને તેના ઝડપી નિકાલ માટે કડક તાકીદ કરવામાં આવી છે.

## કેસોનો ઝડપી નિકાલ કરવામાં અન્ય કેસોને પ્રતિકૂળ અસર ના થાય તે જોવાની તકેદારી રાખવા પણ હાઈકોર્ટની તાકીદ

ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિના નિર્દેશાનુસાર જારી આ પરિપત્રમાં રાજયના તમામ જિલ્લા અદાલતોના ન્યાયિક અધિકારીઓને આ ચાલી રહ્યા છે. કલમ ૩૦૪-બી દહેજમૃત્યુ અને કલમ ૪૯૮-એ પરિણીત મહિલા પર પતિ અથવા તેના સંબંધીઓ દ્વારા ક રતા સાથે સંબંધિત છે. ભારતીય ન્યાય સંહિતામાં આ અન્ય કેસોની સુનાવણીને પ્રતિકૂળ અસર ના થાય તેની ખાસ કાળજી રાખવા પણ ન્યાયાધીશોને તાકીદ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટના આ પરિપત્રની નકલ

### ત્રણ વર્ષથી પડતર કેસોની સમીક્ષા કરવાની રહેશે

જિલ્લા અદાલતોએ ત્રણ વર્ષથી વધુ સમયથી પડતર રહેલા કેસોની ઓળખ કરવાની રહેશે. ખાસ કરીને આરોપ ઘડવાના તબક્કે અથવા સાક્ષીઓની જુબાની નોંધવાના તબક્કે લાંબા સમયથી અટવાયેલા કેસોની માસિક અથવા ત્રિમાસિક સમીક્ષા વ્યવસ્થા દ્વારા દેખરેખ રાખવાની સૂચના આપવામાં આવી છે. ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીઓની હાજરી ઝડપથી સુનિશ્ચિત કરવા અને શક્ય હોય ત્યાં સુધી ૬૦થી ૯૦ દિવસની અંદર આરોપ ઘડવાની પ્રક્રિયા હાથ ધરવા ટ્રાયલ કોર્ટીએ પ્રયાસ કરવાનો રહેશે. આરોપ ઘડાયા બાદ વાજબી સમયગાળામાં સાક્ષીઓની જુબાની શરૂ કરવી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા (સીઆરપીસી)ની કલમ ૩૦૯ અથવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ), ૨૦૨૩ની કલમ ૩૪૬ મુજબ સતત અથવા રોજેરોજ જુબાની નોંધવાની કાર્યવાહી કરવાની રહેશે.

નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવા જણાવાયું છે. જે ન્યાયાધીશોની કોર્ટોમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪-બી અને ૪૯૮-એ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૮૦ અને ૮૫ હેઠળના કેસોના ટ્રાયલ બાબતો માટે અનુક્રમે કલમ ૮૦ અને ૮૫ લાગુ પડે છે. આવા આવા કેસોને શક્ય હોય ત્યાં સુધી પ્રાથમિકતા આપીને તેનો ઝડપી નિકાલ કરવા પરિપત્રમાં સ્પષ્ટ તાકીદ કરાઈ છે. કેસોના ઝડપી નિકાલની આ પ્રક્રિયામાં

### બિનજરૂરી મુદતો અટકાવવા નિર્દેશો

પરિપત્રમાં આવા કેસોમાં બિનજરૂરી મુદતો આપવાનું ટાળવા અને મુદત આપવામાં આવે ત્યારે તેના કારણો લેખિતમાં નોંધવા પણ જણાવાયું છે. આરોપી પક્ષના વકીલ પૂરતા કારણ વિના વારંવાર ગેરહાજર રહે તો કાર્યવાહી અટકે નહીં તે માટે યોગ્ય કાનૂની સહાયના વકીલ અથવા અમિકસ ક્યુરિયેની નિમણૂક કરવા પણ જણાવાયું છે. તપાસ અધિકારીની બદલી થઈ હોય અથવા તેઓ નિવૃત્ત થયા હોય તો અગાઉથી વૈકલ્પિક અધિકારી નિયુક્ત કરવાની રહેશે. આ ઉપરાંત, આરોપો ઘડાયા બાદ તરત જ ટ્રાયલ કોર્ટે મહત્ત્વના સાક્ષીઓની તપાસની તારીખો, સમન્સની બજવણી અને પુરાવાની રજૂઆતના ક્રમ સાથેનું સાક્ષી સમયપત્રક તૈયાર કરવાનું રહેશે. તપાસ અધિકારીઓએ પણ સાક્ષીઓને સમયસર સમન્સ પહોંચે અને તેઓ કોર્ટમાં હાજર રહે તેની ખાતરી કરવાની રહેશે.

રાજ્યની સંબંધિત જિલ્લા અદાલતો અને અન્ય ન્યાયિક સંસ્થાઓને મોકલવામાં આવી છે.

### અપવાદરૂપ પરિસ્થિતિ ઉભી થાય તો કારણો નોંધવાના રહેશે

પરિપત્રમાં સ્પષ્ટ કરાયું છે કે, આ સમયમર્યાદાઓ સામાન્ય માર્ગદર્શક માપદંડ તરીકે દર્શાવવામાં આવી છે, ફરજિયાત નિરપવાદ સમયમર્યાદા તરીકે નહીં. એકથી વધુ આરોપીઓ, પૂરક ચાર્જશીટ, ફોરેન્સિક તપાસમાં વિલંબ, આરોપીની ગેરહાજરી અથવા અન્ય કારણોસર અપવાદરૂપ પરિસ્થિતિ ઊભી થાય તો તેનાં કારણો નોંધવાના રહેશે.

## આરોપી હાલ આજીવન કેદની સજા હેઠળ

# હરેન પંડ્યા હત્યા કેસના આરોપીની સજા માફીની અરજી સુપ્રીમે ફગાવી

અમદાવાદ,મંગળવાર

ગુજરાતના ભૂતપૂર્વ ગૃહમંત્રી હરેન પંડયાની હત્યાના ચકચારભર્યા કેસમાં આરોપી મોહંમદ અસગરઅલીની સજા માફી નામંજૂર કરવાના ગુજરાત સરકારના નિર્ણયને પડકારતી રિટ અરજી સુપ્રીમકોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી હતી. સુપ્રીમકોર્ટના જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ અપરેશકુમાર સિંહની ખંડપીઠે જણાવ્યું કે, ગુજરાત સરકારે અરજદારને સજામાં રાહતની અરજી ફગાવી દીધી છે ત્યારે હવે આ અરજીનો કોઈ અર્થ રહેતો નથી.

## ગુજરાત સરકારે રાહતની અરજી ફગાવી છે ત્યારે હવે આ અરજીનો કોઈ અર્થ રહેતો નથી : સુપ્રીમ

જો કે, સુપ્રીમકોર્ટે અસગરઅલીને હાઈકોર્ટ સમક્ષ સરકારના નિર્ણયને પડકારવાની સ્વતંત્રતા આપી હતી. હરેન પંડ્યા હત્યા કેસમાં અગાઉ ગત જૂલાઈ મહિનામાં ગુજરાત હાઈકોર્ટે અસગરઅલીની સજા માફી અંગે છ મહિનામાં નિર્ણય લેવા રાજય સરકારને હુકમ કર્યો હતો.

જેના અનુસંધાનમાં રાજય સરકાર દ્વારા અસગર અલીની સજા માફીની અરજી નામંજૂર કરી હતી. જેને પગલે અસગર અલીએ સુપ્રીમકોર્ટમાં પિટિશન કરી હતી. જો કે, તેને ત્યાંથી પણ રાહત મળી ન હતી.

ઉલ્લેખનીય છે કે, ગત તા.૨૬-૩-૨૦૦૩ ના રોજ શહેરના લો ગાર્ડન નજીક મોર્નિંગ વોકમાં નીકળેલા ગુજરાતના ગૃહમંત્રી હરેન પંડયાની પોઈન્ટ બ્લેન્ક રેંજથી ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં સીબીઆઈની તપાસમાં ખુલાસો સામે આવ્યો હતો કે, ગોધરાકાંડ બાદ વર્ષ ૨૦૦૨માં ફાટી નીકળેલા કોમી તોફાનોનો બદલો લેવા માટે તેમની હત્યા કરાઈ હતી.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

## વાત વાતમાં

### ગરબાના 'આઉટ-ડેટેડ' શબ્દો ?!

નવરાત્રિમાં આપણે હવે ગરબાની પહેલી લાઈન સિવાય કશું સાંભળવાનું રાખ્યું જ નથી. (એમાંય, ગાવાની જવાબદારી તો રાખી જ ક્યાં છે ? એ તો પેન ડ્રાઈવ જાણે અથવા કોમર્શિયલ ગાયકો જાણે.)

પરંતુ હવે આ નવા ટાઈમમાં ગરબાના અમુક શબ્દો સાવ આઉટ-ડેટેડ થઈ ગયા છે ! સાંભળો...

* * *

'ઈંધણાં વીણવા ગઈ'તી મોરી સૈયર
વેળા બપોરની થઈ'તી રે લોલ !'

ઓ બહેન ! ઘરમાં ગેસ છે, ઓવન છે, ગિઝર છે તો પછી 'ઈંધણાં' (એટલે ચૂલામાં બાળવાનાં લાકડાં.... જેન-ઝિને તો એ પણ ક્યાંથી ખબર હોય ?) વીણવા જવાની જરૂર જ ક્યાં હતી ?

અને બહેન, જ્યારે વેળા બપોરની થઈ હતી ત્યારે તું મસ્ત એસીવાળા બ્યુટિ પાર્લરમાં હતી ! ભૂલી ગઈ ?

* * *

'ઝીણું દળું તો ઊડી ઊડી જાય
જાડું દળું તો કોઈ ના ખાય !'

ઓ હલો મેડમ ! કાં તો તમારૂં મિક્સર ગ્રાઈન્ડર રીપેર કરાવી લો, અથવા તૈયાર લોટનાં પેકેટો 'બ્લિન્ક ઈટ' કરીને મંગાવવાનું રાખો !

બાકી તમારી જુના મોડલની ઘરઘંટી બગડી ગઈ હોય તો એમાં બીજાનો વાંક ના કઢાય !

સમજ્યાં ?

* * *

'પાવલી લઈને હું તો
પાવાગઢ ગઈ તી...'

લો બોલો ! ઓનલાઈન પેમેન્ટનો જમાનો આવી ગયો છે આન્ટી ! અને પેલી જુના જમાનાની, એલ્યુમિનિયમનાં છોતરાં જેવી પાવલીને હવે 'એન્ટિક'માં પણ કોઈ ગણવા તૈયાર નથી !

* * *

'એક લાલ દરવાજે તંબૂ
તાણિયા રે લોલ...'

માસી ! ત્યાં લાલ દરવાજા પાસે કોઈ તંબૂ-બંબૂ છે જ નહીં ! વરસોથી ત્યાં લાલ બસોનો અડ્ડો છે ! જો બસમાં જવું હોય તો રાહ જોતાં ઊભા રહો, બાકી આ આવ્યું રીક્ષાનું શટલિયું...

* * *

'પાણી ગ્યાં તાં રે બેની
અમે તળાવનાં રે...'

તળાવ ? એ કેવું હોય ? અને એનું પાણી ? એક ઘૂંટડો પણ પીવાલાયક રહ્યું નથી ! આજકાલ તો ગામડે ગામડે 'નલ સે જલ' છે... અને એમાંય ઠેકઠેકાણે 'નલ સે છલ' (છેતરામણી) છે !

બોલો.

- મન્નુ શેખચલ્લી

## ગરબા રમી સખીઓ નાસ્તો કરવા ગઈ હતી

# NIDની વિદ્યાર્થિની અને મહિલાના પર્સ લૂંટ્યાઃ જુહાપુરાના બે ઝડપાયા

અમદાવાદ, મંગળવાર

નવરાત્રી અને તહેવારોમાં સલામતીની વાતો વચ્ચે એનઆઈડીની વિદ્યાર્થિની ઉપરાંત બોડકદેવમાં એક મહિલાના પર્સ લૂંટી જવાયા હતા. ઝોન-૭ સ્કવોડે જુહાપુરાના બે શખ્સને પકડી બે આઈફોન કબજે કર્યા છે.

## સલામત મનાતા પાલડી અને બોડકદેવમાં રાત્રે બે પર્સ સ્નેચર્સે લૂંટેલા બે આઈફોન કબજે

એન.આઈ.ડી. હોસ્ટેલમાં રહેતી પુનાની વિદ્યાર્થિની શ્રીશા સૌરભભાઈ કાંબોજ તેમની બહેનપણીઓ સાથે તા. ૧૧ના રોજ એનઆઈડી ખાતે ગરબામાં ગઈ હતી. ગરબા પછી બહેનપણીઓ સીજી રોડ ઉપર નાસ્તો કરી પરત ફરતી હતી. રાત્રે ૩-૩૦ વાગ્યે શ્રીશા અને બીજી બહેનપણી રિયા ટુ વ્હીલર ઉપર એનઆઈડી જઈ રહ્યા હતા. અંજલી બ્રિજ ઉપર ટુ વ્હીલર ઉપર આવેલા બે શખ્સો ટુ વ્હીલરમાં પાછળ બેઠેલી રિયાના હાથમાંથી શ્રીશાનું પર્સ ઝૂંટવી નાસી ગયા હતા. પીછો કરવા છતાં નહીં મળેલા શખ્સો એપલ ફોન સાથેનું પર્સ લૂંટી ગયાની ફરિયાદ પાલડી પોલીસમાં નોંધાઈ હતી.

ત્રાગડ વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે કાર્યરત અમીતાબહેન હેમંતભાઈ પરમાર તા. ૨૫ના રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં હેબતપુર ચાર રસ્તા પાસેથી જતા હતા. ટુ વ્હીલર ઉપર આવેલો શખ્સ અમીતાબહેનનું પર્સ ખેંચીને નાસી ગયો હતો. એપલ મોબાઈલ ઉપરાંત રોકડા ૫,૦૦૦ સાથેનું પર્સ લૂંટી જવાતાં વસ્ત્રાપુર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ બન્ને કેસમાં ઝોન-૭ ડીસીપી સ્કવોડે ગણતરીના જુહાપુરાના બે સ્નેચર્સને પકડી પાડ્યા છે. સંકલિતનગરમાં રહેતા ઝુબેર અકબરભાઈ વોરા (ઉ.વ. ૨૭) અને દિલસાદ પાર્કના રહીશ એજાઝખાન મહેમુદખાન પઠાણ (ઉ.વ. ૩૬)ને ઝડપી લઈ એપલ કંપનીના બે મોબાઈલ ફોન અને લૂંટમાં ઉપયોગમાં લેવાયેલું બર્ગમેન ટુ-વ્હીલર કબજે કર્યું છે.

## ધરતીપુત્રો સંકટમાં, ભાજપ સરકાર પેટાચૂંટણીમાં

# મુખ્યમંત્રી-કૃષિમંત્રીને મગફળી કુરિયર કરીને વિરોધ કરાશે

અમદાવાદ,મંગળવાર

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ સિઝન દરમિયાન નહિવત વરસાદ પડતાં ધરતીપુત્રો સંકટમાં મુકાયા છે. આ જિલ્લામાં સૌથી ઓછો વરસાદ હોવા છતાં સરકાર દ્વારા હજુ સુધી આ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યો નથી પરિણામે ખેડૂતોમાં રોષે ભરાયાં છે. આ પરિસ્થિતિ વચ્ચે ખેડૂતોએ સરકાર સામે આરપારની લડાઈના મંડાણ કર્યા છે. આવતીકાલે બુધવારે મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને મગફળી કુરિયર કરી વિરોધ પ્રદર્શન કરવા નક્કી કરાયુ છે.

## દુષ્કાળ જાહેર કરો : મંત્રી અને સરકારની આંખ ઉઘાડવા ખેડૂતો ખિરસરામાં અનોખો વિરોધ કરશે

દ્વારકા જિલ્લાના ખંભાળિયા, ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકા તાલુકામાં આ વર્ષે ચોમાસું સાવ નિષ્ફળ નીવડ્યું છે. મોંઘા ભાવના બિયારણ અને ખાતર લાવીને વાવેતર કરનાર ખેડૂતોનો મુખ્ય પાક ગણાતી મગફળી સુકાઈને ખાખ થઈ ગઈ છે. કૂવા અને બોરના તળ ઊંડા ઉતરી જતાં ઊભો પાક બળી રહ્યો છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સરકારે હજુ સુધી સર્વેની કામગીરી કરી નથી.

આજે દ્વારકાના ખેડૂતો સંકટમાં મૂકાયા છે પરંતુ ગાંધીનગરમાં શાસકોને વેદના દેખાતી નથી. સરકારની આ ઉદાસીનતા સામે આંખ ઉઘાડવા માટે આવતીકાલે ખિરસરા ગામમાં મુખ્યમંત્રી અને કૃષિમંત્રીના નામે નિષ્ફળ ગયેલી મગફળીના પેકેટ બનાવી, તેને કુરિયર મારફતે ગાંધીનગર મોકલીને આક્રોશ વ્યક્ત કરશે.

કિસાન સેલના નેતાઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાને સત્તાવાર રીતે દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે, તો આગામી સમયમાં આંદોલનો કરવામાં આવશે.

# અમદાવાદમાં રત્ન કલાકારોનું ૨૧ દિવસનું દિવાળી વેકેશન

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ શહેરમાં વર્ષોથી ધમધમતા હીરા ઉદ્યોગમાં આ વર્ષે ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.

આજે શહેરના તમામ કારખાનામાં આ અંગેની સૂચના પણ આપી દેવામાં આવી છે. હીરા ઉદ્યોગમાં થોડી તેજી આવી હોવાથી આ વખતે વેકેશન ટૂંકાવવામાં આવ્યું છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

અમદાવાદના બાપુનગર, ઠક્કરબાપાનગર, ઈન્ડિયા કોલોની સહિતના વિસ્તારમાં હીરાના આશરે ૩૫૦થી વધારે કારખાના ચાલી રહ્યા છે.

પાંચથી ૫૦ ઘંટી સાથેના આવા કારખાનામાં ૧.૨૨ લાખથી વધારે કારીગરો કામ કરી રહ્યા છે. આ કારીગરો વર્ષમાં એક વખત દિવાળીના તહેવારો મનાવવા માટે પોતાના વતનમાં જતા હોય છે. ત્યારે અમદાવાદમાં આ વખતે આગામી તા.૬થી ૨૬ નવેમ્બર સુધી વેકેશન નક્કી કરવામાં આવ્યું છે. આ અંગે વિગતો આપતા વિવેકાનંદ ડાયમંડ અસોસિએશને જણાવ્યું છે કે, ગત વર્ષે મંદી હોવાથી ૪૦ દિવસનું વેકેશન હતું. પરંતુ આ વખતે હીરાનો વેપાર માંડ પાટે ચડ્યો હોવાથી રાબેતા મુજબ વેકેશન જાહેર કરાયું છે. અમદાવાદમાં સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જૂનાગઢ, રાજકોટ સહિતના જિલ્લાના રત્ન કલાકારો વસવાટ કરી રહ્યા છે. આ તમામ પરિવારો દિવાળી મનાવવા માટે વતનમાં જશે.

**૬ નવેમ્બરથી કારખાના બંધ થશે, ૨૬મીથી ફરી ખુલશે, ગત વર્ષે મંદીના લીધે ૪૦ દિવસનું વેકેશન રખાયું હતું**

## નવા લેબર કોડની વિવાદિત જોગવાઈઓના વિરોધમાં હવે

# રાજ્યની તમામ લેબર અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના વકીલો પણ હડતાળ પર ઉતર્યા

અમદાવાદ, મંગળવાર

ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં રાજ્યભરના વકીલોની હડતાળ હજુ માંડ માંડ સમેટાઈ છે ત્યાં તો નવા લેબર કોડની વિવાદિત જોગવાઈઓના વિરોધમાં ગુજરાત રાજ્યની તમામ લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોના વકીલો આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. જેના કારણે ગરીબ મજૂરો, રોજમદારો, કામદારોના હજારો કેસોને અસર થઈ છે અને લેબર કોર્ટો તેમ જ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટોમાં ન્યાયિક કામગીરી બિલકુલ ઠપ થઈ ગઈ છે. બીજીબાજુ, અચોક્કસ મુદતની હડતાળના પહેલા દિવસે આજે વકીલોએ દેખાવો, ધરણાં અને સૂત્રોચ્ચારના કાર્યક્રમ યોજ્યા હતા.

## લેબર-ઈન્ડસ્ટ્રિયલ કોર્ટો પાસેથી સત્તા આંચકી વહીવટી અધિકારીઓને આપી દેવાતાં વકીલોમાં આક્રોશ : અચોક્કસ મુદતની હડતાળનું એલાન

કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ચાર નવા લેબર કોડ સત્તાવાર રીતે ૨૧ નવેમ્બર ૨૦૨૫થી લાગુ કરી દેવામાં આવ્યા છે, અને ગુજરાત સરકાર તેના તમામ નિયમો ફાઈનલ કરી અમલમાં લાવનારું પ્રથમ રાજ્ય બન્યું છે. સરકાર દ્વારા જૂના ૨૯ શ્રમ કાયદાઓને એકીકૃત કરીને મુખ્ય ચાર લેબર કોડ બનાવવામાં આવ્યા છે, જેમાં વેતન સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા, ઔદ્યોગિક સંબંધ સંહિતા અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્ય પરિસ્થિતિઓ સંહિતાનો સમાવેશ થાય છે. જો કે, નવા લેબર કોડમાં હવે મુખ્ય સત્તાઓ લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટો પાસેથી છીનવી લઈ સરકારના વહીવટી અધિકારીઓને આપી દેવાઈ છે, જેના પરિણામે, રાજયભરના લેબર કોર્ટ પ્રેક્ટીશનર્સ અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટના વકીલોમાં ઉગ્ર રોષ અને નારાજગીની લાગણી ફેલાઈ ગઈ છે.

જૂની પધ્ધતિમાં, વિવિધ મજૂર કાયદાઓ અન્વયે દાખલ થતાં તમામ કેસો ચલાવીને પૂરા કરવાની સત્તા માત્ર મજૂર અદાલતો પાસે હતી પરંતુ હવે નવા લેબર કોડની વિવાદીત જોગવાઈમાં કોર્ટો પાસેથી આ સત્તા અને અધિકાર છીનવી લઈ લેબર ડિપાર્ટમેન્ટના વહીવટી અધિકારીઓને આપી દેવાઈ છે, જે પૂરતી લાયકાત કે ન્યાયિક કેસો ચલાવવાનો અનુભવ સુધ્ધાં ધરાવતા નથી. વહીવટી અધિકારીઓ ન્યાયિક સમજણ, કાયદાકીય જ્ઞાન અને સૂઝબુઝના અભાવના કારણે કાયદામાં નિર્દિષ્ટ સંપૂર્ણ પ્રક્રિયા અનુસરી શકવા શકિતમાન નહી હોવાથી ગરીબ મજૂરો, રોજમદારો અને કામદારોના મહત્ત્વના કેસોને ગંભીર અસરો અને નુકસાન થાય તેમ છે.

### રોષે ભરાયેલા વકીલોના દેખાવો અને વિરોધ કાર્યક્રમો

* ૧૪ ઓક્ટોબરના રોજ ડેપ્યુટી લેબર કમિશનરની ઓફિસે ઉગ્ર સૂત્રોચ્ચાર અને દેખાવો.
* ૧૪ ઓક્ટોબરના રોજ રાજયની તમામ લેબર કમિશનરોની ઓફિસ સમક્ષ ઉગ્ર રજૂઆત અને સૂત્રોચ્ચાર.
* ૨૧ ઓક્ટોબરના રોજ ઔદ્યોગિક અદાલત સમક્ષ સૂત્રોચ્ચાર અને દેખાવો.
* એ પછી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, લેબર જ્યુડિશિયરીના હાઈકોર્ટના યુનિટ જજને વિગતવાર રજૂઆત કરાશે.
* રાજ્યના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ઔદ્યોગિક અદાલતના પ્રમુખો, ડેપ્યુટી લેબર કમિશનરો, આસી.લેબર કમિ.ને આવેદનપત્ર સુપ્રત.
* રાજ્યના તમામ વકીલમંડળો સાથે સંપર્ક કરી તેમને પણ હડતાળમાં જોડાવવા આહ્વાન કરવું.

### લેબર ડિપાર્ટમેન્ટમાં મોટાપાયે જગ્યાઓ ખાલી છે, તો કેવી રીતે કામ ચાલશે ?

બીજી સૌથી નોંધનીય વાત એ છે કે, સરકારના લેબર ડિપાર્ટમેન્ટમાં મોટાપાયે જગ્યાઓ ખાલી છે. ડેપ્યુટી લેબર કમિશનર અને આસિસ્ટન્ટ લેબર કમિશનરો એકથી વધુ સ્થળના ઈન્ચાર્જ તરીકે કામના બોજા હેઠળ કામ કરી રહ્યા છે. વળી, સરકાર ઘણુ કામ તો આઉટસોર્સીંગથી કરાવે છે. માંડ ૩૦ થી ૪૦ ટકાની ક્ષમતા સાથે ડિપાર્ટમેન્ટમાં કામગીરી ચાલી રહી છે, તેની પર પહેલેથી જ અસરો પડી રહી છે ત્યાં લેબર કોર્ટો અને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટોની કામગીરી તેમને આપવામાં આવી છે તો એ કેવી રીતે પહોંચી વળશે અને કદાચ જો કામગીરી કરે તો વહીવટી કામગીરી કરનાર અધિકારીઓને શું ન્યાયિક કામગીર કરતાં આવડશે...?? તે સહિતના બહુ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કારણ કે, આ ગરીબ મજૂરો, રોજમદારો અને કામદારોના હિત, અધિકાર અને અસ્તિત્વની લડાઈના પ્રશ્નો હોય છે.

## સરકારે ૩ વર્ષ પહેલા જ કોમન એક્ટમાં પોસ્ટ રદ કરી

# ઉપકુલપતિની પોસ્ટ જ રદ છતાં તેમને ફાળવાયેલી ૨૫ લાખની કાર ફરે છે

અમદાવાદ,મંગળવાર

ગુજરાત સરકારે રાજ્યની ૧૧ સરકારી યુનિ.ઓ માટે કોમન યુનિવર્સિટી એક્ટ લાગુ કરીને આ એક્ટમાં ઉપકુલપતિની પોસ્ટ જ રદ કરી દીધી છે.પરંતુ રાજ્યની સૌથી મોટી અને જૂની ગુજરાત યુનિવર્સિટીમાં ઉપકુલપતિ માટેની ૨૫ લાખથી વધુની મોંઘીદાટ કાર હજુ ફરે છે.જેને લઈને યુનિ.કેમ્પસમાં ચર્ચા ઉઠી છે કે જ્યારે ત્રણ વર્ષથી યુનિ.માં ઉપકુલપતિની પોસ્ટ જ નથી તો ઉપકુલપતિ માટેની કારને વેચીને યુનિ.માં ફંડ જમા કેમ ન કરાયુ .અગાઉ તો કાયમી કુલપતિએ બે ગાડી રાખી પરંતુ હવે તો ત્રણ મહિનાથી ઈન્ચાર્જ કુલપતિ છે છતાં તેઓ કામયી કુલપતિ કરતા પણ વૈભવી ઠાઠ-કાર્યશૈલીમાં રાચી રહ્યા છે અને બે-બે કાર રાખે છે.

## ઈન્ચાર્જ કુલપતિ હાલ કુલપતિ અને ઉપકુલપતિની એમ બે મોંઘી કાર રાખે છે : કાર વેચી ફંડ જમા કેમ ન કરાયું

સરકારના નિયમ પ્રમાણે સરકારી કચેરીમાં જ્યારે કોઈ પણ વધારાની વસ્તુ કે બિનવપરાશની વસ્તુ હોય તો તેનો નિકાલ કરીને તેના વેચાણમાંથી મળતી આવક-રકમને જે તે સરકારી કચેરીના ફંડમાં જમા કરવાની હોય છે.પરંતુ ગુજરાત યુનિ.માં ૨૫ લાખથી વધુની મોંઘી કારનો દૂર ઉપયોગ થઈ રહી હોવાની ફરિયાદ ઉઠી છે.એક બાજુ પેટ્રોલ-ડિઝલની બચતને લઈને સરકારે અગાઉ સરકારી યુનિ.ઓ-કચેરીઓને સૂચના આપી હતી ત્યારે ગુજરાત યુનિ.માં જ ૨૫ લાખથી વધુની કિંમતની બે-બે કાર એક જ પદાધિકારી વાપરી રહ્યા છે.સરકારે ૨૦૨૩માં કોમન યુનિવર્સિટી એક્ટ લાગુ કરતા સરકારી યુનિ.ઓમાંથી ઉપકુલપતિની પોસ્ટ જ રદ કરી દીધી છે છતાં ગુજરાત યુનિ.માં ઉપકુલપતિ માટેની કાર ફરી રહી છે.

અગાઉ જ્યારે કાયમી કુલપતિ હતા ત્યારે પણ કુલપતિ અને ઉપકુલપતિની એમ બે કાર વીસી બંગલે રખાતી હતી પરંતુ હવે તો ઈન્ચાર્જ કુલપતિ છે ત્યારે ત્રણ મહિનાથી ઈન્ચાર્જ કુલપતિનો વૈભવી ઠાઠ જોવા મળી રહ્યો છે.જો ઈન્ચાર્જ કુલપતિ કાર પરત કરવાનો કે વેચવાનો નિર્ણય ન લઈ શકતા હોય તો અગાઉ કેટલાક મોટા નિર્ણયો તો ઈન્ચાર્જ કુલપતિએ લઈ લીધા છે.ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ગુજરાત યુનિ.માં ઉપકુલપતિ જ નથી ત્યારે તેઓ માટે ફાળવાયેલી મોંઘી ૨૫ લાખની કાર કેમ પરત કરાતી નથી.હાલના ઈન્ચાર્જ કુલપતિ પોતાની મૂળ એચઆરડીસી ડિરેકટરની જગ્યાના બંગલામાં રહે છે ત્યારે તે બંગલામાં હાલ આ બે કાર સહિતની ચાર કાર પડી રહે છે.અગાઉ યુનિ.માં ઉપકુલપતિની પોસ્ટ હતી ત્યારે કુલપતિ અને ઉપકુલપતિ માટે ૨૫ લાખથી વધુની બે નવી મોંઘી કાર ખરીદવામા આવી હતી.

## બિલમાંચાલતી બેફામ લૂંટ પર સરકારે લગામ તાણી

# મેડિકલ ડિવાઈઝ-ટ્રીટમેન્ટના ચાર્જ બોર્ડ પર દેખાય તે રીતે લખવા હોસ્પિટલ્સને આદેશ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,મંગળવાર

તબીબી સારવાર આપતી કોપીરેટ હોસ્પિટલ્સ સહિતની હોસ્પિટલ્સ દ્વારા ચલાવવામાં આવી રહેલી બેફામ લૂટં પર લગામ તાણવાના હેતુથી કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ હોસ્પિટલોમાં જુદી જુદી સારવારના, રૂમ ચાર્જ અને મેડિકલ પ્રોસિજરના દર દર્દીઓ જોઈ શકે તે રીતે હોસ્પિટલ્સના સ્થળે પ્રદ શત કરવાનું ફરજિયાત કરી દેવાનો નિર્ણય લીધો છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેસન એક્ટ ૨૦૧૦ના નિયમ નંબર ૯માં આવરી લેવામાં આવેલી દરેક હોસ્પિટલ્સ માટે દરેક પ્રકારની સારવારના ચાર્જ બોર્ડ પર લખવા ફરજિયાત કરેલો છે.

## દરેક પ્રકારની શ ક્રિયાના ચા જસ પણ હોસ્પિટલે લોકોનું ધ્યાન ચઢે તે રીતે લખીને બોર્ડ પર ડિસ્પ્લે કરવા પડશે

દરેક સેવાના ચાર્જની વિગતો સ્થાનિક ભાષામાં અને અંગ્રેજીમાં લખવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ ચાર્જ કેન્દ્ર સરકારે નક્કી કરી આપેલી રેન્જમાં હોવા પણ ફરજિયાત છે. કેન્દ્ર સરકારે રાજ્ય સરકારો સાથે સલાહમસલત કરીને આ ચાર્જ નક્કી કરી આપેલા છે. વાસ્તવમાં આ નિયમનું પાલન બહુ જ ઓછા પ્રમાણમાં થઈ રહ્યું છે.

કેન્દ્ર સરકારના પ્રસ્તુત પગલાંથી હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી આડેધડ વસૂલાતા ચાર્જ પર અંકુશ આવશે. સામાન્ય રીતે હોસ્પિટલો ઉત્પાદક કે આયાતકાર પાસેથી ખૂબ જ સસ્તા ભાવે મળતા મેડિકલ સાધનો પર ૩૦૦ ટકાથી ૧૦૦૦ ટકા સુધીનો નફો ચડાવીને દર્દીઓને પ્રિન્ટેડ છૂટક કિંમત પર જ વેચે છે. બિલ પર વેચનારને કંપની દ્વારા જે ભાવે ડિવાઈઝ આપવામાં આવે છે તે લેન્ડિંગ પ્રાઈસ લખાવાથી દરદીને ખબર પડશે કે હોસ્પિટલ તેમની પાસે કોઈ ચોક્કસ ઉપકરણ પર કેટલો નફો વસૂલી રહી છે. આ પારદર્શિતાથી હોસ્પિટલોની અવાસ્તવિક નફાખોરી પર રોક લાગશે.

આ જ રીતે એથિક્સ રેગ્યુલેશન ૨૦૦૨ની કલમ ૩.૭.૧ અને ૩.૭.૨માં પણ એક સામાન્ય ફિઝિશિયને પણ તેના ચાર્જ તેમના દવાખાનામાં તેમના કન્સલ્ટેશન ચાર્જ અને દવાના ચાર્જ ડિસ્પ્લે કરવા ફરજિયાત છે. ડાક્ત્ટરના પ્રિસ્ક્રિપ્શનના લેટર હેડ પર આ લખાયેલું હોવું ફરજિયાત છે. કેન્દ્રના આરોગ્ય ખાતાએ હજી અત્યારે આ નિર્ણય લીધો છે. પરંતુ મેં મારી પ્રેક્ટિશ શરૂ કરી ત્યારથી લગભગ આ નિયમનું પાલન કર્યું છે.

ઓલ ઈન્ડિયા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિયેશનના પબ્લિક રિલેશન ઓફિસરે આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે હોસ્પિટલમાં સારવાર લેતા દરદી માટે કેટલી વિગો કે કેટલા આઈવી સેટ વપરાય છે તેની દરદીને કે દરદીના સગાંને ખબર હોતી જ નથી. તેનો આડેધડ ચાર્જ વસૂલવામાં આવે છે. આ પ્રકારે વપરાતી દરેક વસ્તુના સાચા ચાર્જ લખવા જોઈએ. સ્ટેન્ટ મૂક્યો હોય તો તે કઈ કંપની અને કઈ ક્વોલિટીનું આપ્યું છે તેના અલગથી બિલ આપવા જોઈએ.

હાડકાંના ડાક્ત્ટરો હાડકામાં જ્યારે પ્લેટ લગાડતા હોય તો તે પ્લેટનું અલગથી બિલ આપવું જોઈએ. આ બિલ પ્રોડક્ટ્સના નામ સાથે આપવું જોઈએ. તેમાં ગેરન્ટી પણ મળતી હોય છે. તેનો લાભ પણ દરદીને મળી શકે છે. આ જ રીતે એન્ટિબાયોટિક્સ કયા વપરાયા તેનો અલગ ઉલ્લેખ કરીને અલગ બિલ બનાવવા જરૂરી છે. કોપીરેટ હોસ્પિટલ્સ તો મોટું બિલ જ આપી દે છે. તેમાં દર્શાવેલા પ્રોડક્ટ્સની વિગતો તેમાં લખતા જ નથી. આ રીતે બિલ આપવા યોગ્ય નથી. બીજું હોસ્પિટલમાંથી જ દવા ખરીદવી તેવું ફરજિયાત પણ ન હોવું જોઈએ. હોસ્પિટલની તુલનાએ તે જ દવા તે જ બ્રાન્ડની હોવા છતાં હોસ્પિટલની બહાર ઘણી સસ્તી મળતી હોય છે. ગુજરાત સરકારે હોસ્પિટલ દરદીને દવા તેના સ્ટોરમાંથી જ ખરીદવાની ફરજ ન પાડી શકે તેવો એક પરિપત્ર પણ ભૂતકાળમાં કરેલો છે. તેનું પણ ચુસ્ત પાલન કરાવવું જરૂરી છે.

### દુકાનદારોએ પૈસા પૂરા ભર્યા, જથ્થો ઓછો મળ્યો

# દિવાળી ટાણે રેશનકાર્ડ ધારકોને સિંગતેલનો પૂરો જથ્થો નહીં મળી શકે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,મંગળવાર

**વડોદરા શહેર અને જિલ્લામાં સરકારી સિંગતેલ મેળવતા અનેક ગ્રાહકોને સામી દિવાળીએ જ તેલ નહી મળે તેવો ઘાટ સર્જાશે. તેલ લેવાને પાત્ર લાભાર્થીઓની સામે પુરવઠાખાતા દ્વારા દુકાનદારોને ૨૦થી ૪૦ ટકા જેટલો ઓછો જથ્થો ફાળવ્યો છે જેના કારણે હવે દુકાનદારો તેમજ લાભાર્થીઓને રોજે રોજ અથડામણ થાય તેવા સંજોગો સર્જાયા છે.**

## મોટાભાગની દુકાનોમાં ૨૦થી ૪૦ ટકા ઓછા સિંગતેલના પાઉચ પહોંચ્યા : લાભાર્થીઓ અને દુકાનદારો વચ્ચે રોજ બોલાચાલી

દિવાળી પર્વ માટે વિતરણ કરવાનું થતું તેલ ચાલુ ઓક્ટોબર માસમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. સરકાર અને પુરવઠા વિભાગ દ્વારા વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો પાસે ૧૦૦ ટકા મુજબ તેલના નાણા ભરાવવામાં આવ્યા છે. જો કે પૂરેપૂરી રકમ સરકારી તિજોરીમાં ભરાવ્યા બાદ દુકાનો પર ૬૦થી ૮૦ ટકા મુજબ જ તેલ પહોંચાડવામાં આવી રહ્યું છે.

દિવાળીના સપરમા દિવસોમાં દુકાનદારોના ૨૦ ટકા તેલના પૈસા સરકારે દબાવી દીધા જે ક્યારે પરત આપશે એની કોઈ નિશ્ચિતતા નથી તેમ દુકાનદારો દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. રેશનિંગ દુકાનો પર ૧૦૦ ટકા કાર્ડધારકોમાંથી ૮૦ ટકા કાર્ડધારકોને વહેલા તે પહેલાના ધોરણે તેલ મળશે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

બાકી રહી ગયેલા કાર્ડધારકોને દિવાળીમાં જ તેલ નહી મળતા તેનો રોષ દુકાનદારો પર ઠાલવી રહ્યા છે. આ બાબતે કાર્ડધારક ઓનલાઈન ફરિયાદ કરે તો ઊલટા ચોર કોટવાળને દંડે એમ વિભાગ દુકાનદારને પૂછશે અને કહેશે કે કાર્ડધારકને તેલ આપ્યું કેમ નથી તેવી સ્થિતિ સર્જાઇ રહી છે. આ અંગે જિલ્લા પુરવઠા અધિકારી સિધ્ધી વર્માએ જણાવ્યું હતું કે કોઈ દુકાનદારને ઓછું તેલ આપવામાં આવ્યું નથી અને જો તેમ હશે તો તેમને માગણી મુજબનું તેલ પૂરું પડાશે.

ઉલ્લેખનીય છે કે પુરવઠા વિભાગ દ્વારા રૂા.૯૭ના દરે એક લિટર સિંગતેલ પાઉચનું વિતરણ રેશનિંગ દુકાનદારોને કરવામાં આવે છે જ્યારે દુકાનદાર લાભાર્થીને રૂા.૧૦૦ના દરે વેચાણ કરે છે.

### પુરવઠા વિભાગને તેલ આપનાર કંપની પૂર્વ કેબિનેટ મંત્રીની

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,મંગળવાર

સમગ્ર રાજ્યમાં રેશનિંગ દુકાનદારોને સિંગતેલનું વિતરણ રાજ્ય પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવતું હોય છે. દુકાનદારોને જે સિંગતેલ પૂરુ પડાય છે તે એક લિટરનું પાઉચ અને ગોકુલ એગ્રી ઈન્ટરનેશનલ લી. બ્રાન્ડનું છે. પાટણ જિલ્લાની આ કંપનીના ચેરમેન બલવંતસિંહ ચંદનસિંહ રાજપુત છે જેઓ રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમનો પુત્ર ધર્મેન્દ્રસિંહ એમડી છે.

### એક તરફ ૫૦ લાખ વૃક્ષો વાવવાનો રેકોર્ડ બીજી તરફ

# અમદાવાદમાં દુકાનદારોના લાભાર્થે ટ્રિમિંગના નામે ઝાડ કાપવાનો ખેલ!



અમદાવાદ, મંગળવાર

**અમદાવાદ શહેરમાં ગ્રીન કવર વધારવા માટે એક તરફ ૫૦ લાખ વૃક્ષો વાવવાનો રેકોર્ડ રચવામાં આવ્યો છે. બીજી તરફ દુકાનદારોના લાભાર્થે મ્યુનિ.ના બગીચા ખાતા દ્વારા જ ટ્રિમિંગની આડમાં ઝાડ કાપવાનો ખેલ ચાલી રહ્યો છે. દુકાનોના બોર્ડ દેખાય તે માટે ગોતામાં ત્રણ અને મણિનગરમાં બે ઝાડ કાપી નંખાયા હોવાના આક્ષેપો ઉઠ્યા છે.**

## ગોતામાં ૩ ઝાડનું વગર કારણે ટ્રિમિંગ કરનાર ટીમને લોકોએ ભગાડી, મણિનગરમાં પણ બે ઝાડ કપાયા

ગોતામાં દેવનગર ગામની પાસે આવેલા વેસ્ટર્ન પ્રાઈમ અપાર્ટમેન્ટની સામે બગીચા ખાતા દ્વારા વૃક્ષોનું ટ્રિમિંગ કરાયું છે. બગીચામાં તેમજ રોડ પર કોઈને નડતરરૂપ ન હોય તેવા ઝાડ કાપવા બદલ લોકોએ પૂછપરછ કરીને બગીચા ખાતાની ટીમને સ્થળ પરથી ભગાડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઝાડ કાપવા માટે પાછળ આવેલી ગ્વાલિયા સ્વીટના દુકાનદારે મ્યુનિ.માં ફરિયાદ નોંધાવી હતી. સ્થળ પર હાજર લોકોએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે, ગ્વાલિયા સ્વીટથી આ ઝાડ ૩૦થી ૪૦ ફૂટ દૂર છે! તો પછી તેમને કેવી રીતે નડતરરૂપ કે જોખમી થઈ શકે? આટલો સામાન્ય વિચાર કર્યા વગર બગીચા ખાતાએ ઝાડ કાપી નાંખ્યા છે. મણિનગરમાં પણ એલજી હોસ્પિટલ સામેના રોડ પર આવી રીતે શોપિંગ સેન્ટર દેખાય તે માટે બે ઝાડ ટ્રિમિંગના નામે કાપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, થોડા દિવસો પહેલા નેહરૂનગર સર્કલ પર બિકાનેરવાલાની દુકાન આગળ નડતરરૂપ ઝાડનું ટ્રિમિંગ પણ વિવાદાસ્પદ બન્યા બાદ બગીચા ખાતાએ નોટિસ આપવાની ફરજ પડી હતી.

### નિયમ મુજબ ટ્રિમિંગની કામગીરી કરાઈ છે

**મ્યુનિ.ના બગીચા વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે, ગોતાની ઘટનામાં ફક્ત ત્રણ ઈંચની જાડાઈની ડાળખીઓનું જ ટ્રિમિંગ કરાયું છે. ત્રણ વૃક્ષોનું ટ્રિમિંગ અહીં કરાયું છે. નિયમ મુજબ ૯ ઈંચ સુધીની ડાળીઓ કાપી શકાય છે. જ્યારે મણિનગરમાં વૃક્ષનું થડ સડી ગયું હોવાથી રાહદારીઓ પરના જોખમને ધ્યાને લઈને ટ્રિમિંગ કરાયું છે.**

### સરકાર સુસ્ત રહેશે તો દિવાળી સુધીમાં હજુ ભાવ વધશે

# સતત ત્રીજા વર્ષે મબલખ ઉત્પાદન છતાં સિંગતેલનો ડબ્બો રૂ.૩૦૦૦ને પાર થયો

રાજકોટ,મંગળવાર

**મોંઘવારીની ચક્કી હવે ડબલ મોટર જોડી હોય તેવી તીવ્રગતિએ ફરવા લાગી છે જેની બે પાટો વચ્ચે આમ નાગરિક ચૂપચાપ ભીંસાઈ રહ્યો છે. ગુજરાતમાં ચાલુ ખરીફ સીઝન સહિત સતત ત્રીજા વર્ષે મગફળી ઉત્પાદન ૫૦ લાખ ટનને પાર થયું છે છતાં ગુજરાતીઓનું સ્થાનિક ખાદ્યતેલ સિંગતેલનો ડબ્બો આજે ઐતહાસિક ઉંચાઈ પર પહોંચીને રૂા.૩૦૦૦ને પાર થયો હતો.**

## પાંચ વર્ષમાં દેશમાં મગફળી ઉત્પાદન ૨૯ ટકા વધ્યું, ગુજરાતમાં ૪૦ ટકા ટકા વધ્યું, ચાલુ વર્ષે ૧૦ ટકા વધારાનો અંદાજ છે

નવરાત્રિ-દિવાળી પર્વો ટાણે ખેડૂતોને ખેતપેદાશના પોષણક્ષમ ભાવ મળે અને લોકોને વાજબી ભાવે ખાદ્યતેલ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં રાજ્ય સરકારની નિષ્ફળતાના કારણે સૌરાષ્ટ્ર સિંગતેલમાં તેલલોબીએ ચાર દિવસમાં જ રૂા.૮૫નો વધારો ઝીંકી દેતા આજે પ્રતિ ૧૫ કિલો ટીનના ભાવ રૂા.૨૯૫૫-૩૦૦૫ની સપાટીએ પહોંચ્યા હતા.

ગત વર્ષે ગુજરાતમાં ૬૨ લાખ ટન અને ચાલુ વર્ષે અંશતઃ વિસ્તારોમાં અપુરતા વરસાદ વચ્ચે ૫૦.૩૩ લાખ ટન મગફળી ઉત્પાદનનો અંદાજ છે જે ચાલુ વર્ષે ઈ.સ.૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ના વર્ષ કરતા પાંચ લાખ ટન વધારે છે અને એ વર્ષોમાં પણ આટલા ભાવ ન્હોતા. આમ માંગ-પૂરવઠાની અસમતુલા નથી છતાં આજે સિંગતેલ ૩ વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યું છે.

સમગ્ર દેશમાં મગફળીનું ઉત્પાદન ગત પાંચ વર્ષમાં ૨૯ ટકા વધીને ૧૩૦ લાખ ટને પહોંચી ગયું છે તો ગુજરાતમાં ગત વર્ષે મગફળીના પાકમાં ૪૦ ટકાનો અને ચાલુ વર્ષે ૧૦ ટકાનો વધારો થવાનો અંદાજ છે. આમ છતાં સિંગતેલના ભાવ વધારા માટે દરેક ચીજમાં મોંઘવારીની સાથે સિંગતેલને પણ મોંઘુ જ વેચવાની નીતિ કારણભૂત હોવાની શંકા છે અને સંવેદનશીલ બનીને સરકાર ભાવ ઘટાડવા નક્કર પ્રયાસો કરતી નહીં હોવાથી તેલલોબીને મોકળુ મેદાન મળી ગયું છે.

### જ્વેલર્સના બનાવટી GST બીલ બનાવતા ફરિયાદ

અમદાવાદ, મંગળવાર

રાણીપના જ્વેલર્સે બનાવટી જીએસટી બીલ બનાવનાર બીજા વેપારી સામે ફરિયાદ નોંધાવી છે. શેરસીંગ રાજપુત જ્વેલરી શોપ ધરાવે છે. તેમનો સંપર્ક તેમના સમાજના મહીપાલસિંગ થકી રાકેશ શ્રીગણેશ તિવારી અને તેમના ભાગીદાર સાથે થતાં સોનુ ખરીદી શેરસીંગ કમિશનથી તેનું વેચાણ કરતા હતા. રાણીપ પોલીસમાં તા. ૧૧ માર્ચના રોજ ગુનો નોંધાયો હતો તેમાં ફરિયાદી રાકેશ તિવારીએ શેરસીંગ અને તેના કારીગર ભંવરસિંગનું નામ લખાવી શેરસીંગની જય માતાજી જ્વેલર્સના બીલ રજુ કર્યા હતા. રાકેશે કોઈ દિવસ શેરસીંગ પાસેથી સોનુ ખરીદ્યું ન હોવા છતાં જીએસટી નંબર વગરના બનાવટી બીલ બનાવતા રાકેશ તિવારી અને તેમના ભાગીદાર સંજય પટેલ સામે ફરિયાદ નોંધાવી છે.

### બોર્ડ પરીક્ષા ફોર્મ ભરતા પહેલા નામ-અટક સુધારા માટે કેમ્પ

અમદાવાદ,મંગળવાર

ગુજરાત શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની ફેબ્રુ.-માર્ચ ૨૦૨૭ની પરીક્ષાના ફોર્મ ભરાવાની પ્રક્રિયા હવે શરૂ થનાર છે ત્યારે બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરતા પહેલા જો કોઈ વિદ્યાર્થીને નામ કે અટકમાં સુધારો કરવો હોય તો તે માટે કેમ્પ યોજાશે.અમદાવાદ શહેર ડીઈઓ કચેરી દ્વારા પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની તમામ સ્કુલો માટે સંયુક્ત જનરલ કેમ્પ ૧૬મીએ સવારે ૧૦થી બપોરના ૨ સુધી સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ ખાતે યોજાશે.

### બોડકદેવનું નિઃસંતાન વયોવૃધ્ધ દંપતિ ટાર્ગેટ

# સાયબર ઠગાઈ: નિવૃત્ત શિક્ષકે છ દિવસમાં ૨૧.૫૦ લાખ ગુમાવ્યા

અમદાવાદ, મંગળવાર

**વોટ્સ-એપ વીડિયો કોલ અને નકલી ડોક્યુમેન્ટસથી સાયબર ઠગાઈના વધુ એક કિસ્સામાં બોડકદેવના નિવૃત્ત શિક્ષક દંપતિએ છ દિવસમાં જ ૨૧.૫૦ લાખ ગુમાવ્યાં છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી છે.**

## બનાવટી ડોક્યુમેન્ટસ મોકલતાં અને વોટ્સએપ વીડિયો કોલ કરતાં સાયબર ગઠિયા ફાવી ગયા

બોડકદેવમાં નિઃસંતાન નિવૃત્ત દંપતિ રહે છે. ગત ત. ૬ના રોજ ૭૭ વર્ષના નિવૃત્ત શિક્ષકના વોટ્સ-એપ ઉપર વીડિયો કોલ કરી એક શખ્સે કહ્યું હતું કે તે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાંથી બોલે છે. નિવૃત્ત શિક્ષકને તેમનો આધાર કાર્ડ નંબર જણાવીને તેમના નામે સિમકાર્ડ ઈસ્યૂ થયું છે અને બેન્ક ખાતું ખોલવામાં આવ્યું છે તેમ સાયબર ઠગે જણાવ્યું હતું. બેન્ક ખાતામાં મોટી રકમના વ્યવહારો ગેરકાયદે થયાં હોવાથી મની લોન્ડરિંગનો કેસ થયો છે તેમાં ધરપકડ કરાશે તેવો ડર બતાવી બનાવટી ફરિયાદનો ફોટો પણ મોકલ્યો હતો. ખાતામાં આવેલા પૈસાનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થયો છે તેવો ડર બતાવીને કેસમાંથી બચવા માટે બેન્ક બેલેન્સ વેરીફિકેશન કરવું પડશે તેમ જણાવાયું હતું. વારંવાર ફોન કરી આવી ખોટી વાતો ઉભી કરીને અને ઘરની બહાર જવાનું નથી તેમ કહીને કુલ ૨૧.૫૦ લાખ રૂપિયા ગોઆ અને તિરૂપુરના બે બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરાવાયાં હતાં. ૨૧.૫૦ લાખ રૂપિયાની રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અને ઈ.ડી.ની નકલી રિસીપ્ટ મોકલ્યા પછી ઠગ ટોળકીએ વોટ્સ-એપ ઉપર જવાબ આપવાનું બંધ કર્યું હતું. નિવૃત્ત શિક્ષકે ફોન કરતાં ફોન ઉપાડ્યો નહોતો તેની ફ્રોડ થયાની જાણ થઈ હતી. આખરે, નિવૃત્ત શિક્ષકે ૨૧.૫૦ લાખની સાયબર ઠગાઈ કરનારાં સામે સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે.

### વકફ સંબંધિત ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

# વકફ ટ્રિબ્યુનલ વકફ બોર્ડની વહીવટી સત્તા પોતાના હાથમાં લઈ શકે નહીં

અમદાવાદ, મંગળવાર

**ગુજરાત હાઈકોર્ટે વકફ સંબંધિત એક અગત્યના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે વકફ ટ્રિબ્યુનલનું કાર્ય ન્યાયિક વિવાદોનો નિર્ણય કરવા પૂરતું મર્યાદિત છે અને તેને વકફ બોર્ડની વહીવટી કે નિરીક્ષણાત્મક સત્તાઓનો ઉપયોગ કરવાનો અધિકાર નથી. સુપ્રીમ કોર્ટના બંધનકર્તા ચુકાદાઓનો આધાર લઈને હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, કોઈ વૈધાનિક બોર્ડ પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય તો પણ ટ્રિબ્યુનલ તેની વહીવટી સત્તાઓ પોતાના હાથમાં લઈ શકે નહીં.**

## પોરબંદરની સૂર્યવાડ મેમણ જમાત વફકમાં ૧૯૯૬થી ટ્રસ્ટીઓની ચૂંટણી નહી થતાં વકફ બોર્ડની કામગીરીને લઈને પણ સવાલ ઉઠાવાયા

પોરબંદરની સૂર્યવાડ મેમણ જમાત વકફના વહીવટ અને ટ્રસ્ટીઓની ચૂંટણી સંબંધિત વિવાદમાં જસ્ટિસ મૂલચંદ ત્યાગીએ ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રની મર્યાદા સ્પષ્ટ કરવાની સાથે ગુજરાત રાજ્ય વકફ બોર્ડની લાંબા સમયથી ચાલતી નિષ્ક્રિયતા સામે પણ ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી.

હાઈકોર્ટે આ કેસમાં વકફ ટ્રિબ્યુનલનો આદેશ તેની સત્તાની મર્યાદા બહારનો ગણાવી તેને રદબાતલ ઠરાવ્યો હતો અને સમગ્ર મામલો ગાંધીનગર સ્થિત ગુજરાત રાજ્ય વકફ બોર્ડને પરત મોકલી, વકફ અધિનિયમ, ૧૯૯૫ હેઠળ પડતર તમામ ફરિયાદોની કાયદેસર તપાસ કરવા અને અસરગ્રસ્ત તમામ પક્ષકારોને સુનાવણીની યોગ્ય તક આપવાનો નિર્દેશ કર્યો હતો. આ સમગ્ર કાર્યવાહી ત્રણ મહિનામાં પૂર્ણ કરવા પણ બોર્ડને આદેશ આપવામાં આવ્યો છે.

આ કેસમાં વકફ બોર્ડ દ્વારા ચૂટંણી અધિકારી અને સહાયક ચૂંટણી અધિકારી અંગેના હુકમને રદબાતલ કરવાના વકફ ટ્રિબ્યુનલ, ગાંધીનગર દ્વારા અપાયેલા ચુકાદાને પડકારતી અપીલમાં હાઈકોર્ટે આ અવલોકનો કર્યા હતા. ટ્રિબ્યુનલે વકફની મિલકતો, હિસાબો અને દસ્તાવેજોનો ભૌતિક કબજો લેવા, તેમજ ટ્રસ્ટીઓ સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવા સહિતના અનેક વહીવટી નિર્દેશો પણ આપ્યા હતા. જો કે, હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, ટ્રિબ્યુનલના આ નિર્દેશો વકફની મિલકતોનું રક્ષણ કરવાના સારા આશયથી આપવામાં આવ્યા હોવા છતાં, માત્ર સારા આશયના આધારે કાયદા દ્વારા અપાયેલી ના હોય તેવી સત્તાનો ઉપયોગ કરી શકાય નહીં.

### ૧૪૦૭ હોસ્ટેલ-કેન્ટિનની તપાસ પાંચના લાયસન્સ સસ્પેન્ડ

અમદાવાદ, મંગળવાર

ગુજરાત રાજ્ય ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા ૧૪ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન કુલ ૧૪૦૭ હોસ્ટેલ-કેન્ટીનની તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨૫૯ સરકારી, ૩૦૩ અર્ધસરકારી તથા ૮૪૫ ખાનગી એકમોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન કુલ ૩૨૮ હોસ્ટેલ-કેન્ટીનને ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી, તથા ૪૫૯ હોસ્ટેલ-કેન્ટીનના ખાદ્ય નમૂનાઓ લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલાયા હતાં. આ તપાસ દરમિયાન ૧૬ એકમો સ્વૈચ્છિક રીતે બંધ કરાયા હતા તેમજ પાંચ એકમોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

### રાજકોટ જેલની કાર સાથે અકસ્માત સર્જાયો

અમદાવાદ, મંગળવાર

રાજકોટ જેલની સરકારી કાર સાથે અકસ્માત સર્જનાર વ્યક્તિ સામે એસજી-૨ ટ્રાફિક પોલીસે ગુનો નોંધ્યો છે. રાજકોટ જેલ સિપાઈ ગભરૂભાઈ રબારી ગત તા. ૯ના રોજ સરકારી કામ માટે ગાંધીનગર થઈ અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલથી રાજકોટ પરત જવા નીકળ્યા હતા. વાયએમસીએ ક્લબ ચાર રસ્તા ક્રોસ કરતી વખતે એક કારે જેલની કારને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત સર્જનાર બાવળાના હિમાંશુ અરવિંદભાઈ પટેલ સામે ટ્રાફિક પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### બાવીસ વર્ષના લબરમુછિયા સામે ગુનો નોંધાયો

# કારમાં પોલીસનું બોર્ડ લગાવી રિવરફ્રન્ટ ઉપર બર્થ-ડે ઉજવ્યો

અમદાવાદ, મંગળવાર

**પોલીસ ખાતામાં ન હોવા છતાં કારના ડેસ્ક બોર્ડ ઉપર પોલીસનું બોર્ડ લગાવી રિવરફ્રન્ટ ઉપર જોખમ સર્જાય તે રીતે ફટાકડા ફોડી બર્થ-ડે ઉજવનાર બોપલના યુવક સામે ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.**

## ફટાકડા ફોડી ઉજવણીનો વીડિયો વાયરલ થતાં બોપલના કિશન ભાલોડિયા સામે પોલીસ કાર્યવાહી

રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોના આધારે ગુનો નોંધ્યો છે. ગત તા. ૭ના મોડીરાતે એક સ્કોર્પિયો જેવી કારના ડેસ્ક બોર્ડ ઉપર પોલીસ લખેલું બોર્ડ લગાવીને એક શખ્સે રિવર ફ્રન્ટ, વેસ્ટ રોડ ઉપર અદાણી સ્પોર્ટસ કોમ્પલેક્સ સામે બર્થ-ડે ઉજવ્યો હતો. કારમાં ડેસ્ક બોર્ડ ઉપર પોલીસનું બોર્ડ લગાવીને જાહેરમાં લોકોના સ્વાસ્થ્યને હાની પહોંચે તે રીતે ફટાકડા ફોડીને જન્મદિવસની ઉજવણી કરાઈ તેના વીડિયોની અને આસપાસના સીસીટીવીની તપાસ કરી પોલીસે કારનો નંબર મેળવ્યો હતો. કારના નંબરના આધારે તપાસ કરી બોપલમાં હોમિયોપેથી કોલેજ પાસે કુશ એપાર્ટમેન્ટમાં રહેતા કિશન રાજુભાઈ ભાલોડિયા (ઉ.વ. ૨૨)ને ઝડપી પાડ્યો હતો. પોતે રાજ્ય સેવક ન હોવા છતાં કારના ડેસ્ક બોર્ડ ઉપર પોલીસ લખેલું બોર્ડ લગાવીને ફરવા તેમજ લોકોને વ્યથા કે હાની પહોંચે તે રીતે સ્ફોટક પદાર્થ જાહેરમાં ફોડવા બદલ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.












અ. સૌ. નંદિનીબેન હરિકૃષ્ણ કચ્છી



બેસણું

શંકરભાઈ મંગળભાઈ રાજપૂત


સુરત સરકારી મેડિકલ કોલેજમાં રેગિંગ પ્રકરણ

# રેસિડેન્ટ ડૉ. હર્ષ પંડ્યા આપઘાત કેસમાં વધુ એક સિનિયર રેસિડેન્ટની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, મંગળવાર

ગુજરાતમાં ચકચાર મચાવનાર સુરત નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત સરકારી મેડિકલ કોલેજના પી.જીના પ્રથમ વર્ષના ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત કેસમાં એટ્રોસિટી એક્ટ અને આપઘાતની દુષ્પ્રેરણાની ફરિયાદ અંતર્ગત બે મહિલા સિનિયર રેસિડેન્ટ બાદ વધુ એક રેસિડેન્ટ ડૉક્ટરની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે હજી એક સિનિયર રેસિડેન્ટ મહિલા ફરાર છે.

## બે મહિલા રેસિડેન્ટ ડૉક્ટર બાદ ડૉ.અનુજ મહેશ્વરી પકડાયા, હજુ એક આરોપી મહિલા રેસિડેન્ટ ડૉક્ટર ફરાર

નવી સિવિલ હોસ્પિટલ એન્ડ મેડિકલ કોલેજના માઇક્રોબાયોલોજી વિભાગ પી.જીના પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉ. હર્ષ સુભાષચંદ્ર પંડ્યા (ઉ.વ. ૨૯) એ ગત ૯ ઓગસ્ટે પી.જી હોસ્ટેલના રૂમમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સુરત જ નહીં પરંતુ રાજ્યભરમાં ચકચાર મચાવનાર આપઘાત પ્રકરણમાં મેડિકલ કોલેજના વહીવટકર્તાએ એન્ટી રેગીંગ સ્કોર્ડની તપાસનો રીપોર્ટ મળ્યા બાદ કાર્યવાહી કરી હતી.

રીપોર્ટના આધારે ડૉ. હર્ષને અપમાનજનક શબ્દો ઉચ્ચારવાની સાથે પ્રાધ્યાપકને ખોટી રજૂઆત કરવાની ધમકી તથા માઇક્રોબાયોલોજી વિભાગની સીરોલોજીલેબમાં જબરજસ્તી બેસાડી રાખનાર પી.જીના બીજા વર્ષના રેસિડેન્ડ ડૉ. નિરાલી પરેશ વસાવે, ડૉ. અનુજ વસંતલાલ મહેશ્વરી, ડૉ. દિશીતા સંદીપ ગેવરીયા અને ડૉ. હીના વાલજીભાઈ ભુત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ ડૉ. હર્ષને અમે તમારા બોસ છે અને તમે અમારા નોકર છો. જેથી અમે કહીએ એવું કરવાનું છે અને અમારા સિનિયર પણ આ રીતે જ કામ કરાવતા હતા એમ કહી ટોર્ચરીંગ કરનાર ચારેય સિનિયર રેસિડેન્ટ વિરૂધ્ધ ડૉ. હર્ષના નિવૃત્ત ડૉક્ટર પિતાએ એટ્રોસિટી એક્ટ અને આપઘાતની દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી. જે પૈકી ડૉ. દિશીતા અને ડૉ.હીના ભુત બાદ ડૉ. અનુજ મહેશ્વરીની ધરપકડ કરી છે. જ્યારે ડૉ. નિરાલી વસાવેની શોધખોળ હાથ ધરી છે.

મોટા સ્ટેશનો પર ફૂવારાથી કોચ ધોવાશે

# ૪૦ કલાક નોન-સ્ટોપ ચાલતી ટ્રેનમાં સફાઈ કામની કડક દેખરેખ રખાશે

અમદાવાદ, મંગળવાર

લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરી દરમિયાન મુસાફરોને સ્વચ્છ કોચ અને સ્વચ્છ શૌચાલય મળી રહે તે માટે રેલવે દ્વારા સફાઈ વ્યવસ્થાની દેખરેખ વધુ કડક બનાવવામાં આવી છે. ૪૦ કલાકથી વધુ નોન-સ્ટોપ ચાલતી ટ્રેનોમાં સફાઈ કામગીરી પર વિશેષ નજર રખાશે. મુસાફરોની ફરિયાદના આધારે જવાબદારી નક્કી કરવા સહિતના પગલાં પણ લેવામાં આવશે.

## સફાઈ કામગીરીમાં ઢીલાશ દેખાશે તો કર્મચારીઓ અને જવાબદારો સામે તાત્કાલિક દંડાત્મક કાર્યવાહી

દેશના વિવિધ પ્રદેશોમાં ચાલતી લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરી દરમિયાન કોચમાં કચરો એકઠો થવો, શૌચાલય ગંદા રહેવા અને સફાઈ સમયસર ન થવા જેવી અનેક સમસ્યાઓ સામે આવતી હતી. આવી સ્થિતિમાં મુસાફરોને સ્વચ્છ વાતાવરણ અને સુવિધા મળી રહે તે માટે રેલવે દ્વારા સફાઈની કામગીરીનું નિરીક્ષણ વધુ વ્યવસ્થિત બનાવવા નિર્ણય કર્યો છે. ૪૦ કલાકથી વધુ સમય સુધી ચાલતી લાંબા અંતરની ટ્રેનોમાં આ વ્યવસ્થાની કડક દેખરેખ રાખવામાં આવશે. આ વ્યવસ્થા હેઠળ ટ્રેનમાં સફાઈ માટે નિયુક્ત કર્મચારીઓ દ્વારા મુસાફરી દરમિયાન નિયત અંતરે કોચ અને શૌચાલયની સફાઈ કરાશે. કામગીરીની તપાસ માટે સફાઈની કામગીરીનો નોંધપાત્ર હિસાબ પણ રખાશે. આ ઉપરાંત મોટા સ્ટેશનો પર ટ્રેન ઉભી રહે ત્યારે ઊંચા દબાણવાળા પાણીના ફુવારા વડે કોચની બહાર સફાઈ કરવાની વ્યવસ્થા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. મુસાફરો સફાઈ અંગેની ફરિયાદ રેલ મદદના માધ્યમથી નોંધાવી શકશે. ફરિયાદો અને મુસાફરોના પ્રતિસાદના આધારે સફાઈની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવશે. જો સફાઈમાં બેદરકારી કે નક્કી કરેલાં ધોરણોનું પાલન ન થતું હોવાનું જણાશે તો સંબંધિત સફાઈ કર્મચારીઓ કે સેવા આપનાર કોન્ટ્રાક્ટરો સામે દંડાત્મક કાર્યવાહી પણ કરાશે.

# કચ્છમાં ૨૫૨૬ કરોડના ખર્ચે બે નવી રેલવે લાઈન બનાવાશે

અમદાવાદ, મંગળવાર

કચ્છના અંતરિયાળ અને સરહદી વિસ્તારોને રેલવે નેટવર્ક સાથે જોડાવા માટે બે નવી રેલવે લાઈન બનાવવાની તૈયારી હાથ ધરાઈ છે. પશ્ચિમ રેલવેએ દેસલપર- હાજીપીર-લુણા અને વ્યોર-લખપત રેલવે માર્ગોના નિર્માણ માટે રૂ.૨,૫૨૬.૪૭ કરોડાના અંદાજિત ખર્ચે ઈ-ટેન્ડર બહાર પાડવામાં આવ્યાં છે.

આ બંને માર્ગ પર કુલ ૧૩ નવાં સ્ટેશન બનાવવાશે. અને આ પ્રોજેક્ટથી કચ્છના સરહદી વિસ્તારના ૮૬૬ ગામોના આશરે ૧૬ લાખ લોકોને સીધો લાભ મળશે.


શ્રદ્ધાંજલિ



૧૭મી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



ઝીલ નિલેશ દેસાઈ

શ્રદ્ધાંજલિ



સ્વ. કિસ્નાબેન નારણભાઈ પટેલ

A-1 Limited પરિવાર....

બેસણું



કીરીટકુમાર(કીર્તનભાઈ) મુળચંદભાઈ પટેલ

મંદાબેન કીરીટકુમાર પટેલ (પત્ની)
કાર્તિક કે. પટેલ (પુત્ર) કિષ્ના કે. પટેલ (પુત્રી)


## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ખેડાના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ખેડાના ગામ મોજે નાયકાની સીમના સર્વે નંબર-૩૭૨ પૈકી ખાતા નંબર-૧૧૮૨ વાળી કુલ ૭૭૯૦ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન (૧) અનસૂયાબેન કેશવભાઇ ગોંડલીયા તે જીતેન્દ્રભાઇ દેવજીભાઇ કોટડીયાની પત્નિ તથા (૨) ભાર્ગવ જીતેન્દ્રકુમાર કોટડીયાએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૩૭૮
તારીખ : ૧૪-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

**મોજે - અચેર**

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૩ (સાબરમતી) સાબરમતી તાલુકાના મોજે - અચેર ગામની સીમના મુળ સર્વે નં.૩૮/૨+૩બની કુલ ચો.મી.૩૯૪૬ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમમાં સમાવેશ થતાં કપાતનું પાનિયુ સર્વે નં.૩૮/૨ + ૩ બ / પૈકી ૧ બનેલ અને તેનું ક્ષેત્રફળ ચો.મી.૧૧૫૭ નક્કી કરવામાં આવેલ. જ્યારે ટી.પી.સ્કીમની રૂઈએ મળતા ફાઈનલ પ્લોટનું પાનિયું સર્વે નં.૩૮ / ૨ + ૩બ / પૈકી ૨ બનેલ અને તેનું ક્ષેત્રફળ ચો.મી.૨૭૮૯ ની જમીનનો ટી.પી.સ્કીમ નં.૨૩ માં સમાવેશ કરીને ફાઈનલ પ્લોટ નં. ૭૫૦ ફાળવવામાં આવેલ છે તેવી બિનખેતીની જમીન (૧) રોહીતભાઈ ચંદુભાઈ સાધુ, (૨) મહેન્દ્રભાઈ ચંદુભાઈ સાધુ તથા (૩) કુલદીપભાઈ જયંતીભાઈ પટેલની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડ્વોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડ્વોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) ધર્મેન્દ્રભાઈ મનુભાઈ (૨) હેમલ ધર્મેન્દ્રકુમાર (૩) ખુશી ધર્મેન્દ્રભાઈ તથા (૪) યુગ ધર્મેન્દ્રભાઈ, સર્વે રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના ગામ મોજે ગાણોલની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર- ૩૧૦(જુના સર્વે/બ્લોક નંબર-૧૪૩ પૈકી ૧)ના ખાતા નંબર-૫૩૯ની હે-આરે-ચોમી ૧-૩૨-૫૫ યાને કે ૧૩૨૫૫ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૩-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ધોળકાનાં મોજે ગામ વારણાની સીમના ખાતા નં.૧૩૧૩ ની રી-સર્વે પ્રમાણેનાં નવા બ્લોક નં.૧૮૮૫ (રી-સર્વે અગાઉનાં જુના બ્લોક નં.૬૭ પૈકી) વાળી હે.આરે.ચો.મી.:૧૧-૧૬-૦૦, આકાર રૂા.૧૦૨૩=૨૧ પૈસા વાળી ખેતરની ખેતીની જમીન (૧) દક્ષા સુખદેવભાઈ પટેલ, (૨) પાર્થ સુખદેવભાઈ પટેલ તથા (૩) ભાનુભાઈ રણજીતસિંહ વાઘેલાએ તેઓની પોતપોતાના વણવહેંચાયેલ હિસ્સા મુજબની સહીયારી કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૪-૧૦-૨૦૨૬
અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી'' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે અમારા અસીલ (૧) દ્રષ્ટી જીગર સોની રહે-૭૧/૧, સુંદર કોલોની, ઘોડાસર, અમદાવાદનાઓએ મોજે ગામ-પહાડ તા-મહેમદાવાદ જી-ખેડાની ખાતા નં.૩૧૪ બ્લોક/સર્વે નં.૨૧૩(જુનો સર્વે નં.૧૪૫) ક્ષેત્રફળ.૦-૯૨-૩૫ પૈકી ૦-૩૫-૩૫ આકાર રૂ.૬.૭૪ પૈસાવાળી જમીનના માલિક (૧)શકરીબેન મણીભાઈ રતાભાઈ પરમારની વિધવા રહે-સણસોલી તા.મહેમદાવાદ જી.ખેડાનાઓની પાસેથી વેચાણ રાખવાનું નક્કી કરેલ હોઈ જેથી અમારા અસીલ ટાઈટલ ક્લીયર કરવા માગતા હોઈ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોકત જમીનમાં કોઈપણ પ્રકારે લાગ, ભાગ, હક્ક-હિસ્સો, કબજો ભોગવટો રહેલો હોઈ કે કોઈપણ પ્રકારે બોજો, ગીરો, વેચાણ, બક્ષીસ, વિલ કે સદર જમીનમા ખોરાકી, પોષાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હક્ક-હિસ્સો, પોષાતો હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી દિન-૭ (સાત) માં નીચેના નામ સરનામે રજી.એ.ડી દ્વારા લેખીત દસ્તાવેજ પુરાવાઓ સહીત જાણકારી વાંધો નોધાવવો તેમ છતાં મજકુર જમીન અંગે વાંધો નોધાવવામાં નહી આવે તો ઉપરોકત જમીનમા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ હક્ક- હિત, હિસ્સો પોષાતો હોય તો જ યાને કે વેઈવ (WAIVE) કરેલ છે. તેમ સમજી મુદત વીત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની તાકીદે નોધ લેશો.

તા.૧૩/૧૦/૨૦૨૬
સ્થળ-મહેમદાવાદ

**SURESH K. BHOI**
**B.COM, LL.B., LL.M**
**(ADVOCATE)**
OFFICE :- BESIDE RAJ CLINIC, NENPUR CROSS ROAD, NENPUR, DIST. KHEDA.
Mo. 8511684342

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકે કલોલના મોજે-ગામ પીયજની સીમમાં આવેલ જુના બ્લોક નંબર-૫૮૨ જેના રી-સર્વે મુજબ નવા બ્લોક નંબર - ૧૯૭ ક્ષેત્રફળ ૨૨૬૨૪ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ ૭૧૩૫ સમચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) ઠાકોર જયંતીજી રમતુજી (૨) ઠાકોર જવાનજી રમતુજી (૩) ઠાકોર ગણપતજી રમતુજી (૪) ઠાકોર સીતાબેન તે રમતુજીની વિધવા (૫) ઠાકોર અમરતજી ગાંડાજી(૬) ઠાકોર રમેશજી ગાંડાજી, તમામ ઠેકાણુ ગાંધીનગરનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઇનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઇનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇ તકરાર ચાલશે નહી.

**વિજય વાય. ચૌગુલે, એડવોકેટ**
**VIJAY Y. CHAUGULE & CO.**
૪૨૫થી૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા સાણંદના ગામ મોજે તેલાવની સીમનાં સર્વે નંબર-૧૨૮/૨ ની હે-આરે-ચોમી ૦-૬૪-૦૦ યાને કે ૬૪૦૦ ચોરસમીટરની આકાર રૂા.૩-૬૦ પૈસાવાળી ખાતા નંબર-૮૭૧ ધરાવતી જુની શરતની ખેતીની જમીન પી. એમ. પટેલ રહેવાસી-અમદાવાદનાંએ તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું, જેની નોંધ લેવી.

તારીખ : ૧૩-૧૦-૨૦૨૬

**વિનોદ સી. દરજી**
**એડવોકેટ**
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે અમદાવાદ તથા તાલુકા વેજલપુરનાં મોજે ગામ મકરબાની સીમનાં રેવન્યુ સરવે નંબર ૪૯૭/૧ ની કુલ્લે આશરે ૨૩૭૮ ચોરસમીટરની જમીન., જે જમીનને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૪ નાં ફાઈનલ પ્લોટ નંબર ૩૯૩ ની જમીનનાં વરાડે આવતી કુલ્લે આશરે ૧૪૨૬.૮૦ ચોરસમીટરની જમીન ફાળવવામાં આવેલ છે., તે ફાઈનલ પ્લોટનાં ક્ષેત્રફળ મુજબની બહુહેતુક હેતુ અંગેની બીનખેતીની જમીન સંદિપભાઈ નરસિંહભાઈ પટેલ, રહેવાસી અમદાવાદનાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે ( પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં ) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ :- ૧૩/૧૦/૨૦૨૬

**પી પરીખ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,**
**પરિમલ બિપીનચંદ્ર પરીખ,**
**દિપાંગ પિયુષ પરીખ,**
**તરંગ પરિમલ પરીખ,**
**ઉત્સવ પિયુષ પરીખ,**
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેઘ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા અસારવા ના મોજે નિકોલ ની સીમના સર્વે/બ્લોક નં.૩૫/૯/પૈકી ૧ ની ૩૬૪ ચો.મી., સર્વે/બ્લોક નં.૩૫/૧૩/પૈકી ૧ ની ૧૧૫૩ ચો.મી., સર્વે/બ્લોક નં.૩૫/૧૨/પૈકી ૧ ની ૩૬૪ ચો.મી., સર્વે/બ્લોક નં.૩૫/૧૪/પૈકી ૧ ની ૧૬૪૦ ચો.મી. ના ટી.પી. સ્કીમ નં.૧૧૧ ના ફાઈનલ પ્લોટ નં.૭૧+૭૭/૧+૭૭/૨ ની કુલ ૩૫૨૧ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બહુહેતુક ઉપયોગની બીનખેતીની જમીન EVA ASSOCIATES એ નામની ભાગીદારી પેઢી માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ :- સી-૪૦૪, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, એસ.પી.રીંગ રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦

## જાહેર નોટિસ

**મોજે- ચાંદખેડા**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૩ (સાબરમતી) સાબરમતી તાલુકાના મોજે - ચાંદખેડા ગામની સીમના સર્વે નં. ૨૦૪/૧ ની હે.આરે.ચો.મી. ૦-૨૪-૬૮ ની ખેતીની જમીન કે જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૭૬/બી માં સમાવેશ કરી ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૨૯૦ ની જમીન મળવા પાત્ર છે. તેવી જમીન (૧) રાવજીભાઈ નાથાભાઈ પટેલ, (૨) લાલભાઈ નાથાભાઈ પટેલ તથા (૩) મહેન્દ્રભાઈ નાથાભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડ્વોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડ્વોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ-અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ-અમદાવાદ - ૩ (મેમનગર), તાલુકા-ઘાટલોડીયા, મોજે-મેમનગર, ટી.પી.સ્કીમ નં. ૧, ફા.પ્લોટ નં. ૨૫૩, સબ-પ્લોટ નં. ૨૧ ની ૭૬૩ ચો.મી. બીનખેતીની જમીન ઉપર ''ઓમ ધર્મજીવન એસોશીએશન'' કે જે ''આકાશ એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે તેના ત્રીજા માળના ફલેટ નં. એ-૧૦, ક્ષેત્રફળ - ૮૨.૫૦ ચો.મી.ના બાંધકામવાળી રહેણાંક સ્થાવર મિલકત હાલ ''વાયોલા કિશોરચંદ્ર પટેલ'' નાઓની સ્વતંત્ર માલીકી, કબજા-ભોગવટાની તેમજ અન્ય કોઈના વારસાઈ કે માલીકી હક્ક, હિસ્સા, લાગભાગ કે બોજા રહીત હોવાનું જણાવી મજુકર ફલેટના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલ છે. મજકુર ફલેટ ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, બાનાખતના હક્કો, લીયન કે એટેચમેન્ટ કે લાગભાગ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન- ૧૦ (દસ)માં તેની ખરી નકલોવાળા દસ્તાવેજી પુરાવા સહીતની લેખિત જાણ અમોને નીચેના સરનામે કરવી અન્યથા મજકુર ફલેટવાળી રહેણાંક સ્થાવર મિલકત ઉપર આવા હક્ક, હિત, હિસ્સા, બોજા, લાગભાગ તેઓએ સ્વેચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ સમજી મુદત વીત્યે ટાઈટલ સર્ટિફિકેટ આપવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૧ ૪ -૧૦-૨૦૨૬
સ્થળ : અમદાવાદ

**રાજેન્દ્ર આર. શાહ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
૪૫, ગ્રાઉન્ડ ફલોર, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ, જુની ડિસ્ટ્રીક્ટ કોર્ટ સામે, મીરજાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.
(મો) ૯૮૨૫૪૫૮૨૨૧

## જાહેર નોટિસ

**મોજે - શેરીસા**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે- શેરીસા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં.૭૫૪ (જુના બ્લોક નં.૧૧૫૧-પૈકી) ની હે.આરે.ચો.મી. : ૦-૧૫-૭૯ ની ખેતીની જમીન (૧) સુથાર ખોડાભાઈ સેધાભાઈ, (૨) સુથાર વિધાબેન સેધાભાઈ, (૩) સુથાર રણછોડભાઈ સેધાભાઈ તથા (૪) સુથાર શાન્તાબેન તે દશરથભાઈની વિધવાની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડ્વોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડ્વોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે- ટીંબા**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) તાલુકાના મોજે - ટીંબા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં.૨૪૪ (જુના બ્લોક નં.૧૫૬) ની જમીન કે જેનો જમીન દફતર નિરીક્ષક કચેરી દસ્ક્રોઈમાં સમાવેશ કરીને અમદાવાદ સીટી સર્વે વોર્ડ - ટીંબા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નંબર : NA244 પૈકી૧ (બ્લોક નં.૧૫૬) ની કુલ ચો.મી.૩૦૪૦૯ ની બિનખેતીની જમીનને ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડઝ અને એડીશનલ મામલતદાર દસ્ક્રોઈ દ્વારા તા.૦૮-૦૯-૨૦૨૬ ના રોજ વિભાગ માપણી કરી આપવામાં આવેલ પ્લોટ નં.૪ ની ચો.મી.૭૭૫૬.૭૧ ની જમીન કે જેને સીટી સર્વે નં.NA244 પૈકી૧ (બ્લોક નં.૧૫૬)/૪ આપવામાં આવેલ છે. તે પ્લોટની જમીન તથા રોડ, રસ્તા તથા કોમન પ્લોટના પ્રોપર્ટી કાર્ડમાં વરાડે વણ વહેંચાયેલ હકક સહિતની જમીન (૧) હિતેષકુમાર અશોકકુમાર પ્રજાપતિ તથા (૨) સતિશ ભાગચંદ સુરજની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડ્વોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડ્વોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.


દરેક ઉજવણી.
પ્રેસ્ટિજની એક ખાસ પળ.
Prestige
TRI-PLY
યુનિક ડીપ લિડ, સ્પિલેજ કંટ્રોલ માટે
સમાન ગરમીના વિતરણ માટે 3 લેયરનું ટ્રાય-પ્લાય બાંધકામ
વિઝ્યુઅલ પ્રેશર ઈન્ડિકેટર
મફત* ₹2,835.00 કિંમતનો ટ્રાય-પ્લાય સ્પ્લેન્ડિડ ફ્રાય પેન (24 સેમી)
ખરીદો
લાઇટવેઇટ કાસ્ટ આયર્ન નાઇટ્રાઇડ કડાઈ (24cm)+ ફ્રાય પેન (20cm)
અને
મેળવો
કોમ્બો પર 30% છૂટ*
ખરીદો
કોઈપણ SS નક્ષત્ર ઈનર-લિડ પ્રેશર કૂકર (2Lથી વધુ અને 5Lથી ઓછું) (SS એસેન્શિયલ સિવાય)
અને
મેળવો ₹1,320.00 ની કિંમતનો
ડિલક્સ ગ્રેનાઇટ ઓમ્ની તવા (25cm) મફત*
ખરીદો
ટ્રાઇ-પ્લાય BYK (3 પીસનો સેટ) ફ્રાય પેન (24cm), કડાઈ (24cm), સોસ પેન (16cm)
અને
મેળવો
₹3,280.00 ની કિંમતનો ટ્રાઇ-પ્લાય ઇનર-લિડ પ્રેશર કૂકર (2L) મફત*
INDIA'S NO. 1 Pressure Cooker & Cookware Brand*
એક્સચેન્જ ઓફરનો લાભ લેવા માટે સ્કેન કરો
CUSTOMER CARE NO. 080-60004411
Scan to connect
શુભ ઉત્સવ
2026

## ક્લાસિફાઈડ CLASSIFIEDS પ્રાઈમ પ્રોપર્ટી
ગુજરાત સમાચાર ટચૂકડી જાહેરખબર
(For Advt. Contact : 8799236001/2/3)

**નવરંગપુરા** — ભાડે જોઈએ છે
ભાડે જોઈએ છે મકાન ઉસ્માનપુરા નવરંગપુરા આશ્રમરોડ પાલડી આસપાસ 9898617989
વેચાણમાં જોઈએ છે બંગલો ટેનામેન્ટ નવરંગપુરા નારણપુરા આંબાવાડી ઉસ્માનપુરા 8000784830

**આંબાવાડી** — વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ, ગ્રાઉન્ડ ફ્લોર, નહેરુનગર, પારસીબાગ પાસે, આંબાવાડી, Tulja Estate- 9374479029, 9328005309, www.tuljaestate.com
ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે રૂમ, ગ્રાઉન્ડ ફ્લોરનો, આઝાદ સોસાયટી, આંબાવાડી, 7016271340, 9327798654

**પાલડી** — વેચવાનું છે
વેચવાનો છે શોરૂમ 1288 ફૂટ, પાલડી, 7861802909 The Real Estate Connect

**જીવરાજપાર્ક-વેજલપુર** — વેચવાનું છે
વેચવાની છે ઓફિસ 1548 સ્ક્વેર ફીટ, સમતલ આર્કેડ, વેજલપુર, 9898746042, 9023152309 જયરામ

**સેટેલાઈટ** — વેચવાનું છે
વેચવાનો છે પ્લોટ, 530 વાર, મધુરમ સોસાયટી, શિવરંજની પાસે, સેટેલાઈટ, સ્ટાર એસ્ટેટ- 9825756600
વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ ફુલી ફર્નિશ્ડ વિશાલ રેસીડન્સી સેટેલાઈટ 9913990089
તાત્કાલિક વેચવાની છે ઓફિસ, 2900 Sq. Ft. વિનસ એટલાસ, પ્રહલાદનગર રોડ, સેટેલાઈટ, 9327702020
ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે flat 3 બેડરૂમ હોલ કિચન, Furnished, સેટેલાઈટ ફ્લેટ ફેમીલી માટે 9714944233
For rent Flat 3 bedroom furnished star bazar satellite 9426743238

**બોપલ-ઘુમા** — વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ ગાલા સ્વીંગ, સાઉથ બોપલ, સોબા સેન્ટર પાસે, 9879425986, 9913344423
વેચવાનો છે શોરૂમ, 1690 ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર, સાઉથ બોપલ, 7861802909 The Real Estate Connect

**શીલજ** — વેચવાનું છે
For Sale Flat 4 bed luxurious, 3810 ft, Eminence, Shilaj 9913700124

**સોલા** — વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ હોલ કિચન, મંદિર સીલેક્ટ, ફ્લેટ 07 પાસે, સોલા 9879425986, 9913344423
વેચવાનો છે ફ્લેટ 2 બેડરૂમ હોલ કિચન સોલા ભાગવત 9898540582

**એસજી હાઈવે-થલતેજ** — ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ 5 BHK ગ્રાઉન્ડ ફ્લોર સ્વતંત્ર એન્ટ્રી હોસ્પિટલ Godown લાયક મેઈન રોડ ટચ સ્ટેશન નજીક ભાડે આપવાનો છે 7990885131 ...

**સિન્ધુભવન** — વેચવાનું છે
For sale office 3500 ft. Luxurious, Westport Sindhubhavan Road 9913700124

**વૈષ્ણોદેવી સર્કલ** — વેચવાનું છે
વેચવાનો છે પ્લોટ 550 વાર Suramya 1, વૈષ્ણોદેવી 7861802909 The Real Estate Connect

**વસ્ત્રાપુર-બોડકદેવ** — જોઈએ છે
વેચાણથી જોઈએ છે 4 બેડરૂમ ફ્લેટ, બંગલો, વસ્ત્રાપુર, બોડકદેવ, થલતેજ, પ્રહલાદનગર 9825008399

**સાયન્સસીટી** — વેચવાનું છે
વેચવાનો છે બંગલો 355 વાર પ્લોટ, 461 વાર બાંધકામ, SAL College સેન્ટર પાસે સોસાયટી, સાયન્સ સિટી 7861802909 The Real Estate Connect

**વટવા** — વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 2 B H K આનંદનગર એપાર્ટમેન્ટ અભયઆરનગર નવા વટવા 9925005357 /9586950178

**અમરાઈવાડી-સીટીએમ** — વેચવાનું છે
વેચવાની છે દુકાન રોડટચ ફ્લીનીક રેસ્ટોરન્ટ મોબાઈલ ગોડાઉન ગારમેન્ટ શોરૂમ લાયક મેટ્રો સ્ટેશન નજીક અમરાઈવાડી 9825494807/ 9601734807

**ચાંદખેડા** — ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ, 3 B H K, ઝુંડાલ, ચાંદખેડા 8000351834

**કઠવાડા** — ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે શેડ 500 વાર કઠવાડા જી આઈ ડી સી એસ્ટેટ મલતેજ દવાલો આવકાર્ય 9601261206

**સીટી** — વેચવાનું છે
વેચવાની છે દુકાન 678 સ્કે ફૂટ એ -4, બિઝનેસ હબ, અસારવા, 9714146846

**ધોળકા-જનરલ** — વેચવાનું છે
વેચવાનો છે પ્લોટ 5000 વાર બે રોડ કોર્નર પોપટ ચોકડી વિરમગામ 9898617989
વેચવાનો છે પ્લોટ, રેસીડેન્શીયલ 1000 વાર, સંખેશ્વર Call- 9978311138

**બાવળા-સાણંદ** — વેચવાનું છે
વેચવા/ ભાડે આપવાનો છે બંગ્લો KBG સાણંદ ગોલ્ડન પ્રોપર્ટીઝ 9574000935

**નામ બદલેલ છે**
નામ બદલેલ છે. મારું નામ ખાટકીવાળા ઝાહેદમીયાં જીવાભાઈ નામ બદલીને શેખ ઝાહેદમીયાં જીવાભાઈ કરવામાં આવ્યું છે. સરનામું: 2440, કોઠી મહોલ્લા, ખાડીયા પાસે, લાલદરવાજા, અમદાવાદ- 380001
નામ બદલેલ છે. મારું નામ સાદિક ફઝલમોહમ્મદ કડીવાળાથી બદલીને સાદિકમોહમ્મદ ફઝલમોહમ્મદ કડીવાળા કરેલ છે. 46, કે એ- મોહમ્મદી સોસાયટી, જાવેદ પાર્ક પાસે, જુહાપુરા, અમદાવાદ. 380055

ગુજરાત સમાચાર લગ્ન વિષયક MATRIMONIALS

**લગ્ન વિષયક** — જૈન
લગ્ન વિષયક જૈન યુવક ઉંમર વર્ષ 31 ઓસ્ટ્રેલિયા સીટીઝન માટે એજ્યુકેટેડ સંસ્કારી કન્યા જોઈએ છે જ્ઞાતિ બાધ નથી 7016985040

ઓટોમોબાઈલ્સ ટચૂકડી જાહેરખબર

**હોન્ડા** — વેચવાની છે
For Sale Honda Civic 2007 automatic contact - 90164 37502

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ ટચૂકડી જાહેરખબર
તમારું જૂનું વાહન વેચવાનું છે? ખરીદવાનું છે?
ઓટોમોબાઈલ્સ


# PMSના નવા નિયમો : પોર્ટફોલિયો મેનેજરો માટે રોકાણના વિકલ્પો વધ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૧૩

**પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસિઝ (પીએમએસ) માટે મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ નવા નિયમો માન્ય કર્યા છે. સેબીના ૭, ઓક્ટોબરના નોટિફિકેશન મુજબ, નવા નિયમો ૧, એપ્રિલ ૨૦૨૭થી અમલમાં આવશે. આ નિયમો દ્વારા પોર્ટફોલિયો મેનેજરો માટે રોકાણના વિકલ્પોનો વ્યાપ વધારવામાં આવ્યો છે, જ્યારે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે પ્રાઈમ નામની નવી વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી છે.**

## ૧લી એપ્રિલ ૨૦૨૭થી નવા નિયમો અમલી બનશે : મ્યુ. ફંડમાં રોકાણ માટે ઓછામાં ઓછી રૂ.૨૫ લાખની મર્યાદા

સેબી (પોર્ટફોલિયો મેનેજર્સ) રેગ્યુલેશન્સ, ૨૦૨૬ હેઠળ હવે પોર્ટફોલિયો મેનેજરો તેમના ગ્રાહકો વતી ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ), પ્રાઈમરી માર્કેટમાં ઈસ્યુ થતી ડેટ સિક્યોરિટીઝ, સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ અથવા ટ્રેડ થતી સિક્યોરિટીઝ, મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરી શકશે. આ ઉપરાંત વિદેશી સિક્યોરિટીઝ, અનલિસ્ટેડ સિક્યોરિટીઝ અને એક્સચેન્જ ટ્રેડેડ ડેરિવેટિવ્ઝમાં રોકાણની પણ મંજૂરી આપવામાં આવી છે. સેબીએ મોટા મૂલ્ય ધરાવતા માન્યતા પ્રાપ્ત રોકાણકારો (લાર્જ વેલ્યુ એક્રેડિટેડ ઈન્વેસ્ટર્સ) માટે વિશેષ જોગવાઈ કરી છે. આવા રોકાણકારોની સંચાલન હેઠળની સંપત્તિમાંથી ૧૦૦ ટકા સુધીનું રોકાણ અનલિસ્ટેડ સિક્યોરિટીઝમાં કરી શકાશે, જો કે તેના માટે યોગ્ય સ્પષ્ટતા અને ગ્રાહક સાથે સંમત થયેલી શરતોનું પાલન પણ જરૂરી રહેશે.

આ દરમિયાન સેબીએ પોર્ટફોલિયો મેનેજર્સ રૂટ ફોર ઈન્વેસ્ટિંગ ઈન મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ (પ્રાઈમ) શરૂ કર્યો છે. જેના હેઠળ પોર્ટફોલિયો મેનેજરો ભારતીય એસેટ મેનેજમેન્ટ કંપનીઓની મ્યુચ્યુઅલ ફંડની ડાયરેક્ટ યોજનાઓ, ઈટીએફ, ઈન્ડેક્સ ફંડ અને સ્પેશ્યલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ (એસઆઈએફ)માં ગ્રાહકોના નાણાનું રોકાણ કરી શકશે. આ વ્યવસ્થા માટે લઘુત્તમ રોકાણ રૂ.૨૫ લાખ નક્કી કરવામાં આવ્યું છે. માત્ર પ્રાઈસ સર્વિસ આપતી સંસ્થાઓએ ઓછામાં ઓછી રૂ.બે કરોડની નેટવર્થ જાળવવી પડશે.

નવા નિયમોમાં ઈન્ડિપેન્ડન્ટ ફંડ મેનેજરોની જોગવાઈ પણ કરવામાં આવી છે. તેઓ રજીસ્ટર્ડ પોર્ટફોલિયો મેનેજર સાથે મળીને ગ્રાહકોના પોર્ટફોલિયોનું સંચાલન કરી શકશે, પરંતુ તેમની કામગીરી માટેની જવાબદારી રજીસ્ટર્ડ પોર્ટફોલિયો મેનેજરની રહેશે. આ ઉપરાંત, પ્રિન્સિપલ ઓફિસર માટેની શૈક્ષણિક લાયકાતમાં છૂટ આપવામાં આવી છે. હવે સ્નાતક થયેલી વ્યક્તિ પણ આ પદ માટે લાયક ગણાશે. સેબીના બોર્ડે સપ્ટેમ્બરમાં આ દરખાસ્તને મંજૂરી આપ્યા બાદ આ નવા નિયમો જાહેર કર્યા ચે. આ ફેરફારથી પોર્ટફોલિયો મેનેજમેન્ટ ક્ષેત્રમાં રોકાણની વધુ તકો અને નવી સર્વિસિઝનો માર્ગ ખુલવાની અપેક્ષા છે.

# રેલવેના ફ્રેઈટ લોડિંગમાં ૬ ટકાથી વધુ વધારો

મુંબઈ, તા. ૧૩

ભારતીય રેલવેના ફ્રેઈટ લોડિંગમાં સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે ૬ ટકાથી વધુ વધારો થઈ ૧૩.૫૫ કરોડ ટન રહ્યું છે. કોલસો જે હાલમાં ચર્ચાનો મુદ્દો રહ્યો છે તેની હેરફેર મોટેપાયે રેલવે દ્વારા થાય છે. ગત મહિને કોલસાના લોડિંગમાં વાર્ષિક ધોરણે ૯ ટકા વધારો થયો હોવાનું પ્રાપ્ત સરકારી ડેટામાં જણાવાયું હતું. વીજ પૂરવઠા ટકાવી રાખવા ભારતીય રેલવેએ સપ્ટેમ્બરમાં કોલસાના પરિવહનમાં ઝડપ કરી હતી. કોલસા ઉપરાંત અનાજના લોડિંગમાં પણ ૨૫ ટકા વધારો જોવા મળ્યો હતો. રેલવેની ફ્રેઈટ રેવેન્યુમાં દ્વીઅંકની નજીક વૃદ્ધિ જોવા મળી છે.

## કેશ ફ્યુચર ઓપ્શન

મંગળવારના રોજ ઓવરઓલ માર્કેટબ્રેથ પોઝિટિવ જોવાઈ હતી. માર્કેટ મૂડ ઈન્ડેક્સ એક્સ્ટ્રીમ ફીઅર ઝોનમાં આવ્યો છે જે નીચા મથાળે ખરીદીનો સંકેત સૂચવે છે.

### ફ્યુચર માર્કેટ

- શ્રીરામ ફાઈનાન્સ : (૯૯૦)નો ઓક્ટોબર માસનો ફ્યુચર ૯૯૦ ઉપર ૯૫૫નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૦૧૫, ટાર્ગેટ -૨ ૧૦૩૫ સુધી સુધારાની શક્યતા છે.

- હિટાચી એનર્જી ઈન્ડિયા : (૩૦૨૬૦)નો ઓક્ટોબર માસનો ફ્યુચર ૩૦૨૬૦ નીચે ૩૧૨૦૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૯૨૦૦, ટાર્ગેટ -૨ ૨૯૬૦૦ સુધી ઘટાડાની શક્યતા છે.

### કેશ માર્કેટ

- સ્નેડર ઈલેક્ટ્રિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર : (૧૨૦૯) ૧૨૦૯ ઉપર ૧૧૭૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૨૨૮, ટાર્ગેટ -૨ ૧૨૪૫ સુધી સુધારાની શક્યતા છે.

- શેફલર ઈન્ડિયા : (૩૬૨૧) ૩૬૨૧ નીચે ૩૭૪૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૫૬૦, ટાર્ગેટ -૨ ૩૫૨૦ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

## છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૨૧૯૦૩૮
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૭૦૨૬
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૭૬૧૭
અમ. ચાંદી ૨૨૨૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૫૨૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૫૨૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૧૫૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

## અમદાવાદના બજારો

**તેલતેલીબિયા**

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૫૦-૩૧૫૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૨૯૫૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૫૫૦-૨૭૫૦
રાઈસબ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૫૦
સોયાબીન નવો ડબો ૨૬૦૦
દિવેલ ૨૪૦૦
પામોલીન જુનો ડબો ૨૩૩૦
પામોલીન નવો ડબો ૨૪૫૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૦૦
તીખું સરસીયું ૩૦૦૦-૩૦૫૦
સનફ્લાવર ૨૬૦૦
મકાઈ તેલ૨૪૫૦

## સોના-ચાંદી બજાર

**અમદાવાદ**

ચાંદી ચોરસા ૨૧૯૦૦૦-૨૨૨૦૦૦
ચાંદી રૂપુ ૨૧૮૮૦૦-૨૨૧૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૪૦૦-૨૭૦૦
સોનું (૯૯.૯) ૧૪૯૫૦૦-૧૫૨૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૯૨૦૦-૧૫૨૨૦૦
હોલમાર્ક ૧૪૯૪૫૦

**મુંબઈ**

ચાંદી ૨૧૯૦૩૮
સોનું (૯૯.૫) ૧૪૦૦૨૬
સોનું (૯૯.૯) ૧૪૭૬૧૭

**રાજકોટ**

ચાંદી ૨૨૨૫૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૫૪૫૦૦
સીક્કા (૧ ગ્રામ) ૧૫૪૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૭૫૦૦

## રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૭૫
રાજકોટ મગફળી ૧૭૪૦-૧૭૫૦
સોનુ ૨૪ કેરેટ ૧૫૪૫૦૦
૧ કિલો ચાંદી ૨૨૨૫૦૦

# સિંગતેલમાં આગેકૂચ: રૂમાં નવી આવકો ધીમી રહેતાં તેજીનો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

**મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલના ભાવમાં તેજી આગળ વધી હતી. સોયાતલ તથા સનફલાવરના ભાવ પણ ઉંચકાયા હતા. અન્ય ખાદ્યતેલો શાંત હતા. દરમિયાન, તહેવારોના માહોલમાં બજારમાં મોસમી માગ જળવાઈ રહી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.**

## વિશ્વ બજારમાં મલેશિયા ખાતે પામતેલ ઉંચકાયું

દરમિયાન,રૂના બજારભાવ વિવિધ મથકોએ તાજેતરમાં ખાંડીના રૂ.૩૦૦૦થી ૪૦૦૦ ઉંચકાઈ રૂ.૬૮ હજાર આસપાસ રહ્યા હતા. નવી આવકો અપેક્ષાથી ઓછી રહી હતી. આ વર્ષે વરસાદની અનિયમિતતાના પગલે નવા કપાસમાં પેદાશ ઓછી થવાની ભીતિ પણ અમુક વર્ગ દર્શાવી રહ્યો હતો.

વિશ્વ બજારમાં આજે મલેશિયા ખાતે પામતેલ વાયદાના ભાવ ૪૫ પોઈન્ટ વધ્યા હતા. જો કે વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા છતાં મલેશિયામાં પામતેલ વાયદાના ભાવ ઘટવાના બદલે ઉંચા બોલાતા થતા બજારના જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા. દરમિયાન, ઘરઆંગણે હઝીરા ખાતે આજે સોયાતેલના ભાવ વિવિધ ડિલીવરીના રૂ.૧૪૪૦થી ૧૪૪૫ રહ્યા હતા. મુંદ્રા-હઝીરા ખાતે આયાતી પામતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૨૦થી ૧૪૩૫ રહ્યા હતા. સનફલાવરના ભાવ ઓકટોબરના રૂ.૧૬૭૦થી ૧૬૮૦ રહ્યા હતા. મુંદ્રા ખાતે સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૩૫ તથા ડિસેમ્બરના રૂ.૧૪૪૫ રહ્યા હતા. સોયાબીનની આવકો આજે મધ્ય પ્રદેશમાં ૩ લાખ ૨૫ હજાર ગુણી તથા મહારાષ્ટ્રમાં ૧ લાખ ૨૫ હજાર ગુણી અને રાજસ્થાનમાં ૧ લાખ ૭૫ હજાર ગુણી આવી હતી. ઓલ ઈન્ડિયા આવકો ૬ લાખ ૭૫ હજાર ગુણી આવી હતી. મધ્ય પ્રદેશમાં સોયાબીનના ભાવ રૂ.૬૪૦૦થી ૬૬૦૦ રહ્યા હતા.

મગફળીના ભાવ સૌરાષ્ટ્ર ખાતે જાતવાર ૨૦ કિલોદીઠ રૂ.૧૪૦૦થી ૧૪૨૫ તથા ઉંચામાં ભાવ રૂ.૧૭૦૦થી ૧૭૨૫ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે આજે સિંગતેલના ભાવ રૂ.૧૭૫૦થી ૧૭૭૫ રહ્યા હતા. આ ભાવોએ પણ બાયર્સ વધુ રહ્યા હતા. ત્યાં કોટન વોશ્ડના ભાવ રૂ.૧૫૨૫ તથા પામતેલના ભાવ રૂ.૧૪૧૦ અને સોયાતેલના ભાવ રૂ.૧૪૨૦ રહ્યા હતા.

# વેપાર કરાર હેઠળ UKમાંથી આવેલી કારની પ્રથમ બેચને કસ્ટમની મંજૂરી મળી

અમદાવાદ, તા.૧૩

ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારની ટેરિફ-રેટ ક્વોટાની જોગવાઈઓ હેઠળ યુનાઈટેડ કિંગડમ (યુકે)થી આયાત કરાયેલી કારને ભારતીય કસ્ટમ્સ દ્વારા મંજૂરી મળી ગઈ છે. આ પગલું ૧૫ જુલાઈથી અમલમાં આવેલા આ કરારના અમલીકરણમાં પ્રારંભિક પ્રગતિ દર્શાવે છે.

યુકેની કાર માટે ભારતના ટેરિફ-રેટ ક્વોટા ના પ્રથમ રાઉન્ડ હેઠળ, ૫,૦૦૦ યુનિટના ક્વોટા સામે ૬૪૨ વાહનોની આયાત માટે સાત અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી. આ કરાર પાત્રતા ધરાવતા યુકે વાહનોને નિર્ધારિત મર્યાદામાં રાહત દરે ટેરિફ સાથે ભારતમાં પ્રવેશવાની મંજૂરી આપે છે.

દરમિયાન, ભારતીય નિકાસકારોએ આર્થિક અને વેપાર કરાર અમલમાં આવ્યાના પહેલા જ દિવસે યુકે ખાતે ૫૦થી વધુ કન્સાઈનમેન્ટ (માલના જથ્થા) રવાના કર્યા હતા. આ શિપમેન્ટ્સમાં સ્માર્ટફોન, ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ મશીનરી, સોનાના દાગીના, તૈયાર વસ્ત્રો (રેડીમેડ ગારમેન્ટ્સ), ઊનનો દોરો (વુલન યાર્ન), ચા અને કોફીનો સમાવેશ થતો હતો.

## BSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| HCL ટેક | ૧૩૨૧.૦૦ | ૮.૨૮ |
| TCS | ૨૨૬૭.૦૦ | ૬.૫૯ |
| ટેક મહિન્દ્રા | ૧૫૪૨.૦૦ | ૪.૯૦ |
| ઈન્ફોસીસ | ૧૦૬૨.૨૦ | ૪.૪૪ |
| હિંદ લીવર | ૧૮૭૫.૫૦ | ૨.૯૪ |
| ટ્રેન્ટ | ૨૯૮૬.૦૦ | ૨.૬૧ |
| બજાજ ફીન | ૯૮૨.૭૦ | ૨.૨૭ |
| ટાઈટન | ૪૪૮૫.૦૦ | ૧.૭૦ |
| BEL | ૩૭૯.૯૦ | ૧.૬૯ |
| મહિન્દ્રા | ૨૮૬૩.૦૦ | ૧.૬૯ |
| ભારતી એરટેલ | ૧૮૦૬.૨૦ | ૧.૫૯ |
| SBI | ૯૫૫.૯૦ | ૧.૫૮ |

## NSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| HCL ટેક | ૧૩૨૬.૦૦ | ૮.૪૨ |
| TCL | ૨૨૬૯.૩૦ | ૬.૭૯ |
| શ્રીરામ ફીન | ૯૮૮.૦૦ | ૬.૩૧ |
| ટેક મહિન્દ્રા | ૧૫૪૩.૫૦ | ૪.૯૩ |
| ઈન્ફોસીસ | ૧૦૬૨.૧૦ | ૪.૧૩ |
| હિંદ લીવર | ૧૮૭૫.૫૦ | 3.0૧ |
| બજાજ ઓટો | ૧૦૩૧૮.૦૦ | ૨.૮૩ |
| બજાજ ફાય | ૯૮૨.૭૫ | ૨.૬૬ |
| ટ્રેન્ટ | ૨૯૮૭.૮૦ | ૨.૫૭ |
| અદાણી એન્ટર | ૨૬૯૫.૦૦ | ૨.૪૭ |
| હિંદાલકો | ૯૦૨.૨૫ | ૨.૨૪ |
| અલ્ટ્રાટેક | ૧૦૭૫૦.૦૦ | ૨.૧૯ |
| બજાજ ફીન | ૧૭૫૫.૭૦ | ૨.૦૮ |

## ચીમનભાઈ માર્કેટ

**૨૦ કિલો**

બટાકા દેશી ૧૦૦-૧૮૦
બટાકા ડીસા ૨૦૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૭૦૦-૯૦૦
ડુંગળી એમપી૪૪૦-૮૦૦

## અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૫૦-૨૦૦
ટગર ૬૦૦
ડમરો ૧૫-૨૦
લીલી ૨૦-૨૫
હજારી ગલ૨૦૦-૪૦૦


## ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ્સ
CLASSIFIEDS | ટચૂકડી જાહેરખબર
PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES
Call : 8799236001/2/3
ટચૂકડી જાહેરખબર હવે દરરોજ પ્રસિદ્ધ કરાય છે.

**એજ્યુકેશન** — શિક્ષક-આચાર્ય
Required Experienced or Fresher tutor for tuition class, Paldi 9898465363

**સેલ્સ માર્કેટીંગ** — સેલ્સમેન ગર્લ
જોઈએ છે લેડીઝ વેસ્ટર્ન વેરના શોરૂમ (ગુરૂકુળ) માટે સેલ્સગર્લ- એજ્યુકેટેડ, (અનુભવી/ ફ્રેશ), ભાષાકીય પ્રભુત્વ ધરાવનાર, 35 વર્ષ સુધીના. સેલેરી 18000/-થી 30000/- (લાયકાત મુજબ). મોબાઈલ 9016579963, 9327612797
જોઈએ છે સેલ્સ હેલ્પર, લગ્ન કંકોત્રીના શોરૂમ માટે. મેઘા કાર્ડ, 7, બેઝમેન્ટ, મરડીયા પ્લાઝા, સીજી રોડ. Mobile- 9879672333

**સેલ્સ એક્ઝિક્યુટીવ**
Required Sales Executive for commercial appliances sales for Pvt. Ltd. Co. Experienced & Freshers can also apply. Send your CV on coldway.in@gmail.com / 7226944222
જોઈએ છે. ફિમેલ સેલ્સ એક્ઝિક્યુટિવ, ઉંમર મહિલા સ્પીકિંગ, મિનિમમ 3 વર્ષનો અનુભવ, સરસપુર. 9327578369

**સ્ટાફ** — એકાઉન્ટ
Required Accountant with Computer knowledge -2, For CTM area. Contact: 9428510801, 9428510809.
જોઈએ છે. અનુભવી એકાઉન્ટન્ટ, ફુલ ટાઈમ માટે. સેટેલાઈટ- 9913955545
જોઈએ છે એકાઉન્ટન્ટ ટેલિના જાણકાર, અનુભવી/ ફિન જાણ્યું. નવા વાડજ. 7048292220

**ઓફિસસ્ટાફ**
જોઈએ છે ક્લાર્ક, 12 પાસ/ ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટર જાણકાર, પાલડી/ડિયામાં 9824240775
જોઈએ છે પ્રતિષ્ઠિત કંપનીને પેમેન્ટ ક્લેક્શન માટે (યુવક- 5), બાપુનગર, નરોડા, મણીનગર, નિકોલ, ચાંદખેડા, બોપલ, વેજલપુર તેમજ નારણપુરા વિસ્તાર માટે અનુભવી/ બિન અનુભવી (પગાર Rs 28,900). 9512888355
જોઈએ છે સ્ટાફ કેશ કાઉન્ટર તથા કોમ્પ્યુટર ઓપરેટર કરી શકે તેવા (Male /Female). ઉંમર 40 અંદર. મણીનગરના પ્રખ્યાત કપડાના શોરૂમ માટે. M. 9909286680
જોઈએ છે. ઓફિસમાં જેન્ટ્સ ખૂન કમ ડિલિવરી માટે (લખવ- સવારે 10 થી 8 સુધી) ...
જોઈએ છે યુવક/ યુવતીઓ (15), બેન્કમાં કામ કરી શકે તેવા ગ્રેજ્યુએટ, પગાર 18000/- (M) 7096354753
જોઈએ છે અર્જન્ટ ફિમેલ પર્સનલ સેક્રેટરી આશ્રમરોડ ઓફિસ. 8963970805

**જનરલ**
જોઈએ છે યુવક, રમકડાંની દુકાનમાં કામ માટે, ઉંમર 25થી 35 વોરા સ્ટ્રીટ, જેતલપુર મોલ, 9824032064
તાત્કાલિક જોઈએ છે યુવક-યુવતીઓ (ધો.૧૦ પાસ) MIRAYA ENGINEERING SOLUTIONS 701, Arcus Hexa, Mercedes Showroom ...
જોઈએ છે હેલ્પર નારોલમાં ઉંમર 18થી 45 વર્ષ ધોરણ 8 પાસ, નારોલ ઇન્ડસ્ટ્રીઝ 212 સુધામ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ... 9925028500
જોઈએ છે ઈવેન્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ મેનેજર અનુભવી બિન અનુભવી ઈશનપુર 9898058460
જોઈએ છે સ્ટાફ, દુકાન માટે, ઉંમર 25 વર્ષ સુધી, પીરાણા. 9377453538
જોઈએ છે અનુભવી એકાઉન્ટન્ટ, અનુભવી/ બિન અનુભવી સેલ્સમેન- હેલ્પર, (સુરત, શેરખી, સાણંદ, વસ્ત્રાપુર, ચહેરામાં) 8160065398
Requires Back Office Executive, Male/ Female. Any Graduate. Fresher/ Experience. Age: 25- 35. Salary: in line with Industrial Standards. Gloline Equipment Pvt. Ltd. Sarkhej. Off. SG Highway, Ahmedabad. Mobile: 7600004880. Email: harish@gloline.in

**એન્જીનીયર** — જનરલ
Requires Sales Manager Male. 5- 10 Years Experience of Industrial Sales. Age: 30- 40. Salary: in line with Industrial Standards. Gloline Equipment Pvt. Ltd. Sarkhej, off. SG Highway, Ahmedabad. Mobile: 7600004880. Email: harish@gloline.in

**મેડીકલ** — ડોક્ટર-નર્સ
Require Doctor MS Gynaecologist MD Paediatrician Contact- 97260 42633
Required Experienced Medical Officer for Children Hospital in Gomtipur. 11. 30 to 3. 30. 6. 30 to 9. WhatsApp resume on 9925655985
જોઈએ છે ટ્રેઈન નર્સિંગ સ્ટાફ, હોસ્પિટલ માટે, સેટેલાઈટ એરિયામાં. 8826565753

**કેમીસ્ટ-ફાર્માસીસ્ટ**
જોઈએ છે ફાર્માસીસ્ટ આશ્રમ રોડ રિલીફ રોડની દુકાન માટે મોબાઈલ 9879169177

**લેબ ટેકનીશીયન**
જોઈએ છે બ્લડ બેન્ક ટેકનીશીયન અને બ્લડ કલેકશન બોય, સંજીવની બ્લડ બેંક, પાલડી. Mobile- 9327015909

**ટેકનીકલ** — ટેકનીશીયન
જોઈએ છે સ્પ્રે પેઈન્ટર, કલર કામ અને પાવડર કોટિંગ કામના જાણકાર, તથા હેલ્પર, ઓઢવ, આર્મર ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ 3737, ફેઝ -4, જીઆઈડીસી, વટવા.
તાત્કાલિક જોઈએ છે ફિલ્ડ સર્વિસ એન્જિનિયર, પ્રોટેક્ટ વર્ગ સેનિટાઇઝર, યુવીએસ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં. મો: 9898564343, 9824072721 પર ફોન કરી અથવા વોટ્સએપ પર રિઝ્યુમ મોકલો.

**જનરલ**
Require Electrician & plumber for site (Fresher or 2 to 3 year of experience) Walk- in for interview with prior appointment at Apurva Water Management Systems Pvt. Ltd. Address- 403, Sahajanand Complex, Shahibaug, Ahmedabad- 380004. PH. 9925231958, 079-25624472

**કોમ્પ્યુટર** — કોમ્પ્યુટર ઓપરેટર
જોઈએ છે અનુભવી કોમ્પ્યુટર ઓપરેટર કમ ઓફીસ આસીસ્ટન્ટ, ફુલ /પાર્ટ ટાઈમ અંગ્રેજી- ગુજરાતીના જાણકાર, પાલડી ઓફિસમાં અરજી વોટ્સએપ કરો. 9824077735
જોઈએ છે કોમ્પ્યુટર ઓપરેટર ટ્રાન્સપોર્ટ લાઈનના બે વર્ષના અનુભવી છવારા અન્ય માટે ભાવના રોડલેન્ડ Mo: HR 9322717032

**જનરલ** — ગૃહ કાર્ય
જોઈએ છે ઘરકામ ઘરકામ સાચવવા માટે બાઈઓની દિવસ/ 24 કલાક માટે, કાયમી પોલ્સ અમદાવાદમાં. 9904809959/ 9904809987

**ડ્રાઈવર**
જોઈએ છે બોલેરો ડ્રાઈવર અને હેલ્પર બારેજા ખેડા માટે વર્કિંગ અનલોડીંગ કરી શકે એવા સારા 9825087452
જોઈએ છે ડ્રાઈવર, નવરંગપુરામાં ઘર માટે અનુભવી ઓટોમેટીક ગાડી માટે, પગાર 18થી 20 હજાર. સંપર્ક- 7433000722

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ ટચૂકડી જાહેરખબર
નોકરી વિષયક

## સપ્ટેમ્બર ૨૦૧૩ પછી પહેલી વાર ગુવારના ભાવમાં ઉછાળો

# ગુવારના ભાવમાં તીવ્ર વધારો, ૧૩ વર્ષની ટોચે

અમદાવાદ, તા. ૧૩

ચાલુ સિઝનમાં નબળું ચોમાસું, ઓછું વાવણી અને બજારોમાં ખૂબ જ ઓછી આવકને કારણે ગુવારના ભાવમાં અચાનક ઉછાળો આવ્યો છે. ગુવારના બીજના ભાવ રૂ. ૭,૯૦૦ ને વટાવી ગયા છે, જે સપ્ટેમ્બર ૨૦૧૩ પછી પહેલી વાર જોવા મળ્યું છે. નવેમ્બર ૨૦૧૪ પછી પહેલી વાર ગુવાર ગમ પણ રૂ. ૧૫,૫૦૦ને વટાવી ગયો છે. ઓછા ઉત્પાદન અને મજબૂત વૈશ્વિક માંગના ભયથી ભાવ સતત વધી રહ્યા છે.

## નબળું ચોમાસું, ઓછી વાવણી અને બજારમાં ઘટતી આવકની ગુવારના ભાવ પર અસર, તેની પાછળ ગુવાર ગમ પણ ઉંચકાયો

ઓક્ટોબર ૨૦૨૬માં ગુવાર બજાર રેકોર્ડબ્રેક ઉછાળાનો ટ્રેન્ડ અનુભવી રહ્યું છે. ઓછા ઉત્પાદન અને મજબૂત વૈશ્વિક માંગના ભયથી ભાવ સતત વધી રહ્યા છે. દેશભરના મુખ્ય બજારોમાં ગુવાર બીજનો સરેરાશ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮,૦૦૦ની આસપાસ છે. કેટલાક બજારોમાં, ઉચ્ચ ગુણવત્તાવાળા ગુવાર બીજનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૯,૦૦૦ સુધી પહોંચી ગયો છે. હાજર બજારની સાથે, વાયદા બજારમાં પણ તેજી જોવા મળી રહી છે.

બજાર નિષ્ણાતોના મતે, ગુવાર બીજનો ભાવ ટૂંક સમયમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૮,૦૦૦ને વટાવી શકે છે. જો ઉપર તરફનો ટ્રેન્ડ ચાલુ રહેશે, તો તે ભવિષ્યમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૦,૦૦૦ને પણ સ્પર્શી શકે છે. તેવી જ રીતે, ગુવાર ગમનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧૮,૦૦૦ થી રૂ. ૨૦,૦૦૦ સુધી વધી શકે છે.



નિષ્ણાતોના મતે, આ વર્ષે પાક ઓછો છે. નવો પાક બજારમાં આવવા લાગ્યો છે, પરંતુ ભાવ વધવાને કારણે ખેડૂતોએ પોતાનું ઉત્પાદન રોકી રાખ્યું છે. આના કારણે બજારનું આગમન નબળું પડ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં થયેલા નુકસાનને કારણે ઘણા ખેડૂતોએ ગુવારની ખેતી છોડી દીધી હતી. આ વર્ષે, વરસાદના અનિયમિત વિતરણને કારણે પાકને પણ નુકસાન થયું છે, જેના કારણે ઉત્પાદન ઓછું થયું છે.

બીજી તરફ, ખેડૂતો ૨૦૧૨ જેવી જ બજારમાં તેજીની આશા રાખી રહ્યા છે. આ આશામાં, તેઓ હાલમાં તેમનો પાક વેચવાનું ટાળી રહ્યા છે.

**૨૦૧૨માં ગુવારમાં ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો હતો**

ભારતીય કૃષિ બજારના ઈતિહાસમાં ગુવારના ભાવમાં સૌથી મોટો ઉછાળો ૨૦૧૨ માં થયો હતો. માર્ચ ૨૦૧૨ માં, ગુવાર બીજના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦,૦૦૦થી વધીને રૂ.૩૨,૦૦૦ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. દરમિયાન, ગુવારગમના ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૯૮,૩૫૦ની ઐતિહાસિક ટોચે પહોંચ્યા હતા.

ઓક્ટોબરમાં ગુવારના ભાવમાં થયેલા તીવ્ર વધારા અંગે, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં જૂના પાકની ઓછી ઉપલબ્ધતા અને ચોમાસાને લગતા પુરવઠાના જોખમોને કારણે ભાવમાં વધારો થયો છે. નવા પાકનું આગમન શરૂ થઈ ગયું છે. આમ છતાં, નબળા ચોમાસા પછી પાક ઓછો થવાની શક્યતાને કારણે ખરીદદારો વહેલા પુરવઠા માટે ઊંચા ભાવ ચૂકવી રહ્યા છે.

રાજસ્થાનમાં ચોમાસાના વરસાદમાં ૧૭.૩૩% ઘટાડો થવાથી વરસાદ આધારિત ગુવારની ખેતી અને નવા પાકની ઉપલબ્ધતા અંગે ચિંતા વધી છે. આ કારણ પણ ગુવારના ભાવને ટેકો આપી શકે છે. ભારતમાં ગુવારના વાવેતર વિસ્તારમાં ઘટાડો અને ઔદ્યોગિક માંગમાં સતત સુધારાને કારણે ગુવાર બીજ અને ગુવાર ગમ બજાર મજબૂત રહે છે.

# LTCG ટેકસ નાબુદ કરવા બાબતે સરકાર સમીક્ષા કરી રહી હોવાનો દાવો

મુંબઈ, તા. ૧૩

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) રિસર્ચે ઈક્વિટીસ પરના લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેકસ નાબુદ કરવા અને મૂડી પ્રવાહ આકર્ષવા હોલ્ડિંગનો સમયગાળો બેથી ત્રણ વર્ષ સુધી વધારવા અનુરોધ કર્યો છે. ભારતીય ઈક્વિટીસમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)ના સતત આઉટફલોસ વચ્ચે રોકાણકારોનું સેન્ટિમેન્ટ વધારવાના હેતુ સાથે આ હાકલ આવી પડી છે. એલટીસીજી ટેકસ રદ કરવા બાબત સરકાર સમીક્ષા કરી રહી હોવાની પણ સ્પષ્ટતા આવી પડી છે.

રૂપિયા સામે હાલના પડકારોને પહોંચી વળવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા લેવાઈ રહેલા પગલાં પૂરતા નહીં હોવાનું જણાવી એસબીઆઈ રિસર્ચે મૂડી પ્રવાહને મજબૂત બનાવવા સરકાર દ્વારા માળખાગત પગલાની આવશ્યકતા પર ભાર મૂકયો હતો.

ઈક્વિટી સેગમેન્ટમાં મૂડી પ્રવાહ ટકાવી રાખવા હોલ્ડિંગ સમયગાળો ૨-૩ વર્ષ સુધી લંબાવવા સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ અને ઈક્વિટી પરના એલટીસીજી ટેકસને નાબુદ કરવો જોઈએ.

ભારતીય ઈક્વિટીસમાંથી એફપીઆઈના થઈ રહેલા જંગી આઉટફલોસ સામે રિપોર્ટમાં ચિંતા વ્યકત કરવામાં આવી છે.

સતત આઉટફલોસથી રોકાણકારોનું માનસ નબળુ પડે છે એમ જણાવી ભારતીય ઈક્વિટીસ સામે વૈશ્વિક મૂડી આકર્ષવા નીતિવિષયક દરમિયાનગીરી પર રિપોર્ટમાં ભાર મુકાયો છે.

ભારતમાં ઈન્વેસ્ટમેન્ટ મારફત સારા વળતર મેળવવાની તકો રહેલી છે. દેશની નામાંકીત લિસ્ટેડ કંપનીઓ સારા વળતર પૂરા પાડવાનો આવકાશ ધરાવે છે.




વેરા સંબંધિત પ્રોત્સાહનો ભારતીય ઈક્વિટીસની સ્પર્ધાત્મકતામાં વધારો કરાવશે. દબાણની સ્થિતિમાં પણ ભારતનું ફોરેકસ રિઝર્વ પૂરતા પ્રમાણમાં હોવાની રિપોર્ટમાં નોંધ લેવાઈ હતી.

એકસટર્નલ કમર્સિઅલ બોરોઈંગ્સને લાગુ કરવામાં આવતા વિથહોલ્ડિંગ ટેકસ પર વ્યાપક સ્પષ્ટતા લાવવા પણ અનુરોધ કરાયો છે.

દરમિયાન ઈક્વિટીસ પર એલટીસીજી ટેકસ નાબુદ કરવા સરકાર સમક્ષ રજૂઆત આવી છે અને સરકાર તેના પર તપાસ કરી રહી હોવાનું એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું.

એલટીસીજી મુદ્દે હિસ્સેદારોના મતો સાંભળવા સરકાર ખુલ્લુ મન ધરાવે છે, તેના નાણાં પ્રધાન નિર્મલા સીતારામનના આવી પડેલા નિવેદન બાદ અધિકારીની આ સ્પષ્ટતા આવી પડી છે.

## એફપીઆઈના આઉટફલોથી રોકાણકારોનું માનસ ખરડાયું

# સોનામાં ઘટાડોઃ ચાંદીમાં બે દિવસમાં રૂ.૪૦૦૦ તૂટ્યાઃ ક્રૂડમાં ફરી પીછેહટ

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી તૂટી જતાં ઝવેરી બજારમાં કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી તથા તેના પગલે તહેવારો ટાંણે બજાર ભાવ ઘટતા જોવા મળ્યા હતા. વિશ્વ બજારના સમાચાર જો કે બેતરફી વધઘટ બતાવી રહ્યા હતા.

## ક્રૂડની માંગનો અંદાજ ઓપેકે ઘટાડતાં ભાવ બેકફૂટ પર

અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૫૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૫૨૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૫૨૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૨૦૦૦ તૂટી રૂ.૨૨૨૦૦૦ રહ્યા હતા. ચાંદીના ભાવ બે દિવસમાં રૂ.૪૦૦૦ ગબડ્યા હતા.દરમિયાન, વિશ્વ બજારમાં આજે ચાંદીના ભાવ ઔંસના ૬૦.૬૧ વાળા નીચામાં ભાવ ૫૯.૫૭ થઈ ૬૦.૩૯થી ૬૦.૪૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક સોનાના ભાવ ઔંસના ૪૧૭૧ વાળા જો કે વધી ઉંચામાં ભાવ ૪૨૦૦ થઈ ૪૧૮૫થી ૪૧૮૬ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલરના ભાવ ગબડી નીચામાં રૂ.૯૫ નજીક ચાલુ બજારે ઉતરી ગયાના સમાચાર મળ્યા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૪૦૦થી ૫૦૦ ઘટી રૂ.૧૪૭૦૨૬ તથા ૯૯૯ના રૂ.૧૪૭૬૧૭ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૩૦૦ તૂટી રૂ.૨૧૯૦૩૮ રહ્યા હતા.મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૬૦૭૧૭ વાળા રૂ.૬૦૫૭૮ ખુલી રૂ.૬૦૭૫૩ બંધ રહ્યા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૬૯૮ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૧૪૯ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૧૪ ટકા પ્લસમાં રહ્યા હતા. દરમિયાન વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ૧૦૬.૦૬ વાળા નીચામાં ભાવ ૧૦૪.૩૫ થઈ ૧૦૪.૭૯ ડોલર રહ્યા હતા. ક્રૂડની વૈશ્વિક માગનો ગ્રોથ જે વર્ષના આરંભમાં દૈનિક ૧૪ લાખ બેરલ્સ બતાવાયો હતો તે હવે ઘટાડી ૪ લાખ બેરલ્સ કરાયાનું ઓપેકના સૂત્રોએ જણાવ્યું હતું.

# રૂપિયામાં સ્પ્રિંગ જેવો ઉછાળોઃ ડોલર બે દિવસમાં ૧૭૭ પૈસા તૂટયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,મંગળવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઘટાડો ઝડપી ગતિએ આગળ વધતાં રૂપિયામાં તેજી આગળ વધી હતી. શેરબજાર ઉછળતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડના ભાવ ઘટતાં કરન્સી બજારમાં રૂપિયાની તેજીને આજે નવું કારણ મળ્યું હતું.

## ડોલર તૂટી નીચામાં ૯૫.૦૫ થઈ ૯૫.૨૮ બંધ રહ્યોઃ ૯૪ સુધી ઉતરવાની શક્યતા

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૫.૨૮ |
| પાઉન્ડ | રૂા. ૧૨૬.૧૪ |
| યુરો | રૂા. ૧૦૬.૫૨ |
| યેન | રૂા. ૦.૬૦ |
| બ્રેન્ટ ક્રૂડ | ૧૦૫ ડોલર |

ડોલરના ભાવ રૂ.૯૫.૭૯ વાળા આજ સવારે રૂ.૯૫.૧૭ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૫.૦૫ સુધી ઉતરી ઉંચામાં ભાવ રૂ.૯૫.૩૧ થઈ રૂ.૯૫.૨૮ રહ્યા હતા. ડોલરના ભાવ આજે વધુ ૫૧ પૈસા તૂટતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૫૩ ટકા ઉંચકાયો હતો.દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૨૩ ટકા ઘટયો હતો ડોલરનો ગ્લોબલ ઈન્ડેકસ ઉંચામાં આજે ૦.૨૩ ટકા ઘટયો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં આજે ૧૦૨.૫૭ તથા નીચામાં ૧૦૨.૨૫ થઈ ૧૦૨.૩૫ રહ્યાના સમાચાર દરિયાપારથી મળ્યા હતા. મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ વધુ ૬૨ પૈસા તૂટી નીચામાં ભાવ રૂ.૧૨૫.૬૦ થઈ રૂ.૧૨૬.૧૪ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૫૭ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૬.૧૬ થઈ રૂ.૧૦૬.૫૨ રહ્યાના નિર્દેશો હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે વધુ ૦.૧૭ ટકા ઘટી હતી. ચીનની કરન્સી રૂપિયા સામે આજે વધુ ૦.૫૪ ટકા તૂટી હતી. રૂપિયાના ભાવ ડોલર સામે બે દિવસમાં આશરે ૧૭૭ પૈસા ઉછળતાં નવો રેકોર્ડ સર્જાયો હતો. રિઝર્વ બેન્કની સક્રિયતા વચ્ચે વિવિધ બેન્કો દ્વારા ડોલરમાં વેચવાલી વધ્યાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ હતી. ડોલરના ભાવ વધુ ઘટી નીચામાં રૂ.૯૪થી ૯૪.૫૦ થવાની શક્યતા વચ્ચે કરન્સી બજારમાં ડોલરમાં આયાતકારોની નવી ખરીદી પણ ધીમી પડી હોવાનું બજારના જાણકારો દર્શાવી રહ્યા હતા.

# બેંકોએ ફોરેક્સ ટ્રેડિંગના કડક નિયંત્રણોમાં છૂટછાટ માટે RBI પાસે રાહત માંગી

અમદાવાદ, તા.૧૩

બેંકો અને ફોરેન એક્સચેન્જ (વિદેશી હૂંડિયામણ) બજારના સહભાગીઓએ રિઝર્વ બેંકનો સંપર્ક સાધીને ફોરેક્સ ટ્રેડિંગના કડક નિયંત્રણોમાં છૂટછાટ, નિયમોના અમલીકરણની અંતિમ તારીખ લંબાવવા અને કામગીરી સંબંધિત બાબતો પર સ્પષ્ટતા માંગી છે. કેન્દ્રીય બેંકના પગલાંથી સપ્તાહના પ્રારંભે રૂપિયામાં તીવ્ર સુધારો જોવા મળ્યો હતો.

## કેન્દ્રીય બેંકના આકરા પગલાંથી રૂપિયામાં સુધારો જોવાયો

મુખ્ય સ્થાનિક અને વિદેશી બેંકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ફોરેન એક્સચેન્જ ડીલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ આરબીઆઈને પત્ર લખીને કેટલીક જોગવાઈઓમાં છૂટછાટ, નિયમપાલન માટે વધારાનો સમય અને અમલીકરણ અંગે સ્પષ્ટતા માંગી હતી, તેમ આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું.

નવા નિયમોનું પાલન કરવા માટે અમલીકરણની ટૂંકી સમયમર્યાદા, વધતો ખર્ચ, ગ્રાહકોના વધારાના દસ્તાવેજો (ડોક્યુમેન્ટેશન) અને સિસ્ટમમાં ફેરફાર કરવાની જરૂરિયાત અંગે બેંકોએ ચિંતા વ્યક્ત કરી છે.શનિવારે રિઝર્વ બેંક એ રૂપિયાને ટેકો આપવા માટે ત્રણ-સ્તરીય વ્યૂહરચના જાહેર કરી હતી. તેણે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે ખાસ ડોલર વિન્ડો ખોલી હતી, ફોરેન એક્સચેન્જ ડેરિવેટિવ્ઝ પરના નિયંત્રણો કડક કર્યા હતા અને બેંકો પર વધારાની અનામત (રિઝર્વ) જરૂરિયાતો લાગુ કરી હતી.

આ પગલાંથી રૂપિયા પરનું દબાણ ઘટાડવામાં મદદ મળી છે, પરંતુ ડેરિવેટિવ્ઝ પરના નિયંત્રણો અને અનામતની જરૂરિયાત ધિરાણકર્તાઓમાં કામગીરી સંબંધિત પડકારો, ઊંચો ખર્ચ અને લિક્વિડિટી (રોકડ પ્રવાહ) પરની અસર અંગે ચિંતા વધારી છે.

સૌથી મોટી ચિંતા એ નિયમ અંગે છે કે બેંકોએ ૨૦ લાખ ડોલરથી વધુના દરેક પાત્ર વ્યવહારના નોશનલ મૂલ્યના ૨૦% જેટલી રકમનું ફોરેન એક્સચેન્જ રિસ્ક રિઝર્વ રિઝર્વ બેંક પાસે જાળવવું પડશે.બેંકરોનું કહેવું છે કે આ જરૂરિયાતથી મોટી રકમ બ્લોક થઈ શકે છે અને ફોરેક્સ વ્યવહારોનો ખર્ચ વધી શકે છે.

## LTCG, STTમાં રાહતના નાણા પ્રધાનના સંકેતે

# IT, ઓટો, બેંકિંગ શેરોમાં તેજી : સેન્સેક્સ ૧૧૦૯ પોઈન્ટની છલાંગે ૭૩૦૩૪

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, મંગળવાર

લોંગ ટર્મ કેપિટલ ગુઈન ટેક્ષ (એલટીસીજી) અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેકશન ટેક્ષ (એસટીટી) સંબંધિત લાંબા સમયથી ટ્રેડરો, ઈન્વેસ્ટરોની રાહતની માંગને લઈ હવે સરકારની વાટાઘાટ-વિચારણાના નાણા પ્રધાન નિર્મલા સીતારામને સંકેત આપતાં ભારતીય શેર બજારોને આજે જોઈતો બૂસ્ટર ડોઝ મળ્યો હતો. કોર્પોરેટ પરિણામોની ત્રિમાસિક સીઝન શરૂ થવા સાથે આઈટી જાયન્ટ એચસીએલ ટેકનોલોજીસના ગઈકાલે અપેક્ષાથી સારા રિઝલ્ટ જાહેર થતાં ફંડોએ આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોની આગેવાનીએ આક્રમક તેજી કરી હતી. વૈશ્વિક મોરચે પણ ક્રુડ ઓઈલના ભાવ બે ટકા જેટલા ઘટી આવતાં તેમ જ ઓઈલ કંપનીઓની ડોલરની દૈનિક જરૂરિયાતને આરબીઆઈ દ્વારા પૂરી કરવાની નવી પહેલને પરિણામે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો બે દિવસમાં દોઢ રૂપિયા જેટલો મજબૂત બનતાં શેરોમાં તેજી આક્રમક બની હતી. સેન્સેક્સ ૧૧૦૯.૧૦ પોઈન્ટની છલાંગે ૭૩૦૩૩.૭૮ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૩૫૮.૬૦ પોઈન્ટ ઉછળીને ૨૨૭૨૧.૯૫ બંધ રહ્યા હતા.

### આઈટી શેરો ઉછળ્યા

એચસીએલ ટેકનોલોજીસના ત્રિમાસિક પરિણામમાં ચોખ્ખો નફો ૨૧.૨ ટકા વધીને રૂ.૫૧૩૨ કરોડ થતાં અને આવક ૧૧.૫ ટકા વધીને રૂ.૩૫૬૨૦ કરોડ થતાં શેરમાં આકર્ષણે રૂ.૧૦૧ ઉછળીને રૂ.૧૩૨૧, ટાટા એલેક્સી રૂ.૧૭૧.૪૦ વધીને રૂ.૩૪૨૬.૪૦, એમ્ફેસીસ રૂ.૧૨૧.૪૦ વધીને રૂ.૨૪૬૫, ટેક મહિન્દ્રા રૂ.૭૨ વધીને રૂ.૧૫૪૨, વિપ્રો રૂ.૭.૩૦ વધીને રૂ.૧૬૮.૯૦, કોફોર્જ રૂ.૮૨.૩૦ વધીને રૂ.૧૯૨૫.૯૫, ઈન્ફોસીસ રૂ.૪૫.૨૦ વધીને રૂ.૧૦૬૨.૨૦, એક્સેલ સોફ્ટ રૂ.૩.૪૨ વધીને રૂ.૮૨.૯૩, માસ્ટેક રૂ.૬૭.૧૫ વધીને રૂ.૧૭૧૩.૫૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૧૩૪૦.૫૫ પોઈન્ટ ઉછળીને ૨૮૫૬૦.૪૯ બંધ રહ્યો હતો.

### ઓટો શેરોમાં ફરી આક્રમક ખરીદી

તહેવારોની સીઝન શરૂ થતાં વાહનોની ખરીદી વધવાની અપેક્ષાએ આજે ફંડોએ પસંદગીના ઓટોમોબાઈલ શેરોમાં ફરી આક્રમક ખરીદી કરી હતી. ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૧૧.૯૦ વધીને રૂ.૪૧૬.૮૫, અશોક લેલેન્ડ રૂ.૨.૯૫ વધીને રૂ.૧૪૭.૩૫, બજાજ ઓટો રૂ.૧૮૯.૧૫ વધીને રૂ.૧૦,૨૪૯.૧૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૪૭.૫૫ વધીને રૂ.૨૮૬૩, હીરો મોટોકોર્પ રૂ.૭૩.૭૦ વધીને રૂ.૪૯૯૯.૮૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૨૬.૯૦ વધીને રૂ.૧૯૬૯ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૬૯૭.૪૪ પોઈન્ટ ઉછળીને ૫૬૨૫૯.૨૦ બંધ રહ્યો હતો.

### બેંકેક્સ ૫૭૮ પોઈન્ટ ઉછળ્યો

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોએ આજે મોટી ખરીદી કરી હતી. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૩.૧૦ વધીને રૂ.૮૭૬, કેનેરા બેંક રૂ.૨.૧૦ વધીને રૂ.૧૨૦.૨૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૪.૯૦ વધીને રૂ.૯૫૫.૯૦, એચડીએફસી બેંક રૂ.૯.૯૫ વધીને રૂ.૭૧૪.૨૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૧૫.૨૦ વધીને રૂ.૧૩૬૦.૨૦, બેંક ઓફ બરોડા રૂ.૨.૬૦ વધીને રૂ.૨૩૭.૬૦, એક્સિસ બેંક રૂ.૧૩ વધીને રૂ.૧૨૬૯ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૫૭૭.૯૩ પોઈન્ટ વધીને ૬૨૪૩૯.૧૫ બંધ રહ્યો હતો.

### કન્ઝયુમર શેરોમાં ફંડોની ખરીદી

તહેવારોની સીઝન શરૂ થતાં હોમ એપ્લાયન્સિસની માંગમાં પણ વૃદ્ધિની અપેક્ષાએ ફંડોએ આજે કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં મોટી ખરીદી કરી હતી. બ્લુ સ્ટાર રૂ.૨૭.૧૦ વધીને રૂ.૧૫૯૨, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૧૦૮.૯૦ વધીને રૂ.૬૬૩૯, વોલ્ટાસ રૂ.૧૬ વધીને રૂ.૧૦૩૭ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૮૫૭.૧૪ પોઈન્ટ ઉછળીને ૫૭૯૭૦.૪૮ બંધ રહ્યો હતો.

### મેટલ-માઈનીંગ શેરોમાં તેજી

મેટલ-માઈનીંગ શેરોમાં પણ ફંડોએ ફરી તેજી કરી હતી. નાલ્કો રૂ.૯ વધીને રૂ.૩૨૦,હિન્દાલ્કો રૂ.૧૫.૭૦ વધીને રૂ.૯૦૦.૪૦, ટાટા સ્ટીલ રૂ.૨.૪૦ વધીને રૂ.૧૭૪.૭૦ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૫૪૫.૧૮ પોઈન્ટ ઉછળીને ૩૮૩૭૬.૬૭ બંધ રહ્યો હતો.

### ઓઈલ શેરો વધ્યા

ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ બે ટકા જેટલા ઘટી આવતાં અને રૂપિયાની મજબૂતીના આકર્ષણે ફંડોની આજે ઓઈલ-ગેસ શેરોમાં પણ પસંદગીની ખરીદી રહી હતી. અદાણી ટોટલ ગેસ રૂ.૯.૪૦ વધીને રૂ.૫૭૨.૪૦, ઓએનજીસી રૂ.૨.૫૦ વધીને રૂ.૨૨૨.૫૦, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૭.૭૦ વધીને રૂ.૧૧૬૬.૭૦, બીપીસીએલ રૂ.૧.૮૦ વધીને રૂ.૨૮૬.૮૦ રહ્યા હતા.

### FPIs/FIIની રૂ.૧૩૦૫ કરોડની વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે મંગળવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૧૩૦૫.૧૩ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૨૪૩૯.૨૪ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી.

### રોકાણકારોની સંપતિ વધી

શેરોમાં આજે સેન્સેક્સ, નિફટીમાં આક્રમક તેજી સાથે અનેક શેરોમાં ફંડોની ખરીદીએ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૪.૫૮ લાખ કરોડ વધીને રૂ.૪૭૦.૦૩ લાખ કરોડ રહ્યું હતું.

## નિફટી સ્પોટ ૩૫૯ પોઈન્ટ ઉછળીને ૨૨૭૨૨ : રોકાણકારોની સંપત્તિમાં રૂ.૪.૫૮ લાખ કરોડનો વધારો

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં વીજ ઉત્પાદનમાં ૧૧ ટકાનો વધારો

મુંબઈ, તા. ૧૩

હીટવેવ્સને પરિણામે વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશમાં વીજ ઉત્પાદનમાં વાર્ષિક ધોરણે ૧૧ ટકા વધારો થઈ ૫૩૬ અબજ યુનિટસ જોવા મળ્યું છે. વીજની ટોચની માગ ૧૮ ટકા વધી ૨૭૦ ગીગા વોટ જેટલી જોવા મળી હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું.

## વીજની જંગી માંગ છતાં કોલસા આધારિત પ્લાન્ટસમાં ઓછું ઉત્પાદન

ઊંચા તાપમાનને કારણે વીજ માગમાં જોરદાર વધારો છતાં, કોલસા આધારિત વીજ પ્લાન્ટસ તેની સંપૂર્ણ ક્ષમતાએ કામ કરતા નથી.

મોટા હાઈડ્રોપાવરને બાદ કરતા સપ્ટેમ્બર ત્રિમાસિકમાં રિન્યુએબલ વીજ ઉત્પાદન પ્રથમ જ વખત ૧૦૦ અબજ યુનિટને પાર કરી ગયા છે. સૌર ઊર્જા ઉત્પાદન ૩૯ ટકા વધી ૫૧ અબજ યુનિટ જ્યારે પવન ઊર્જા ઉત્પાદન ૨૯ ટકા વધી ૪૫ અબજ યુનિટ રહ્યું હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું હતું.

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં કુલ વીજ ઉત્પાદનમાં સોલારનો હિસ્સો ૧૦ ટકા રહ્યો છે. જે પ્રથમ જ વખત જોવા મળ્યું છે.

ગત ત્રિમાસિકમાં કોલસા આધારિત વીજ પ્લાન્ટસ તેની ક્ષમતાના ૬૮ ટકાએ કામ કરતા હતા. કોલસાની રવાનગીમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

ઓગસ્ટમાં ભારતની વીજ ઉત્પાદનની સ્થાપિત ક્ષમતા ૫૫૫ ગીગા વોટ રહી હતી.

# વિક્રમી ઈન્ફલો વચ્ચે એસઆઈપી સ્ટોપેજ પ્રમાણ ઘટી ૭૮.૫૦ ટકા

મુંબઈ, તા. ૧૩

સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી)નું સ્ટોપેજ પ્રમાણ ગત મહિને ઘટી ૭૮.૫૦ ટકા રહ્યુ હતુ જે ઓગસ્ટમાં ૮૧.૧૦ ટકા જોવા મળ્યુ હતું.

## ગત મહિને એસઆઈપી ખાતાની કુલ સંખ્યા વધી ૧૦.૮૯ કરોડ પહોંચી

ગત મહિને એસઆઈપી બંધ કરવાની અથવા સમાપ્ત થવાની માત્રા નીચી રહી હતી એમ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા જણાવે છે. ગત મહિને એસઆઈપી મારફતનો ફલો રૂપિયા ૩૨૪૯૦ કરોડ સાથે ઓલટાઈમ હાઈ રહ્યો હતો.

સપ્ટેમ્બરમાં નવા એસઆઈપીની નોંધણી પણ નીચી રહી છે. કુલ ૪૯.૬૮ લાખ એસઆઈપી બંધ કરી દેવાયા હતા અથવા તો તે સમાપ્ત થયા હતા. ઓગસ્ટમાં આ આંક ૫૩.૮૨ લાખ રહ્યો હતો. આની સામે નવા એસઆઈપી ખોલવાનો આંક ૬૩.૨૬ લાખ રહ્યો હતો જે ઓગસ્ટમાં ૬૬.૪૦ લાખ જોવા મળ્યો હતો.નવા એસઆઈપી ખૂલવાની સરખામણીએ બંધ થવાની માત્રા વધુ રહેતા એસઆઈપી સ્ટોપેજ પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો છે.

સપ્ટેમ્બરમાં કાર્યરત એસઆઈપી ખાતાની સંખ્યા વધી ૧૦.૮૯ કરોડ રહી હતી જે ઓગસ્ટમાં ૧૦.૭૫ કરોડ જોવા મળી હતી.

ઓગસ્ટમાં એસઆઈપીની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) જે રૂપિયા ૧૮.૬૨ લાખ કરોડ હતી તે સપ્ટેમ્બરમાં ઘટી રૂપિયા ૧૭.૮૬ લાખ કરોડ રહી હોવાનું પણ એમ્ફીના ડેટા જણાવે છે.

## ધીરૂભાઈ પાસે બીજાઓને અશક્ય લાગે તેવા સ્માર્ટ સપનાં જોવાની ક્ષમતા હતી

# ચોરવાડનો એ છોકરો જેણે ભારતના બચતકારોને શેરધારકોમાં ફેરવી દીધા

[illegible]

## ધીરૂભાઈ અંબાણી મધ્યમ વર્ગના ઘરો સુધી શેરબજારને લઈ ગયા અને ઉદ્યોગ સાહસિકતાથી બન્યા "ઔદ્યોગિક ગુજરાતના નાથ"





[illegible]

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લો મહેસાણા તથા તાલુકા કડીનાં મોજે ગામ ચંદ્રાસણની સીમમાં આવેલ રેવન્યુ સરવે નંબર ૩૪૧ (જુના બ્લોક / સરવે નંબર ૮૫૧ (૧ પૈકી)) ની કુલ્લે આશરે ૩૭૧૭ ચોરસમીટરની (કુલ્લે આશરે ૧૧૯ ચોરસમીટરનાં પોત ખરાબા અ સહીતની) જુની શરતની ખેતીની જમીન રામાભાઈ બીજલભાઈ ભરવાડ, રહેવાસી ભરવાડ વાસ, નારણપુરા, દોદર, અમદાવાદ ૩૮૨૧૭૦ નાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, હિત, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા (પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેવી.

તારીખ :- ૧૩/૧૦/૨૦૨૬

**પી પરીખ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,**
**પરિમલ બિપીનચંદ્ર પરીખ,**
**દિપાંગ પિયુષ પરીખ,**
**તરંગ પરિમલ પરીખ,**
**ઉત્સવ પિયુષ પરીખ,**
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેઘ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લો ગાંધીનગર તથા તાલુકા ગાંધીનગરનાં મોજે ગામ રતનપુરની સીમનાં રેવન્યુ સરવે નંબર ૪૩ (જુના બ્લોક / સરવે નંબર ૨૨) ની કુલ્લે આશરે ૨૩૪૩૧ ચોરસમીટરની જમીન પૈકી કુલ્લે આશરે ૪૭૫૬ ચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન પૃથ્વીસિંહ સેધાજી, રહેવાસી ૨૧૯, નિશાન પાછળ, રતનપુર, લવારપુર, ગાંધીનગર ૩૮૨૩૫૫ નાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેવી.

તારીખ :- ૧૩/૧૦/૨૦૨૬

**પી પરીખ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,**
**પરિમલ બિપીનચંદ્ર પરીખ,**
**દિપાંગ પિયુષ પરીખ,**
**તરંગ પરિમલ પરીખ,**
**ઉત્સવ પિયુષ પરીખ,**
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેઘ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫

## જાહેર નોટિસ

મારા અસીલ વીરમ વેન્ડર્સ પ્રા. લિ. 7, નટવરશ્યામ સોસાયટી, ઓર્કિડ પાર્ક સામે, સેટેલાઈટ, અમદાવાદ, તા. 26-11-2021 ના પૂરક કરારથી, નંદિની ગ્રુપ (નંદિની હાઈટ્સ, નંદિની સોલિટેર)ના ભાગીદાર શ્રી જીગ્નેશ સુધીરભાઈ શાહના રેફરન્સથી અને માધ્યમથી, મે. સ્વરા મેનેજમેન્ટ કન્સલ્ટન્સી એલએલપીમાં 10% ના ભાગીદાર છે, અને મારા અસીલે ભાગીદારી પેટે રૂ. 1.25 કરોડ તથા તે ઉપરાંત અન્ય રકમ ચૂકવેલ છે. મારા અસીલને ભાગીદારોના વોટ્સએપ ગ્રુપમાં ભાગીદાર તરીકે સામેલ કરવામાં આવેલ હતા. એલએલપીએ આ રકમ બેલેન્સશીટમાં ખોટી રીતે લોન તરીકે દર્શાવી હિસાબો ખોટી રીતે રજૂ કરેલ છે, MCA માં મારા અસીલના નામ વગરનો કરાર ફાઈલ કર્યો છે તથા ગુજરેરામાં લોન ન હોવાની ખોટી રજૂઆત કરી છે.

ફા. પ્લો. 252 ટી. પી. સ્કીમ 19 (મેમનગર), મોજે શેખપુર-ખાનપુર, અમદાવાદ ખાતેની સ્વરા સ્કાયગ્રીન્સ (રેરા નં. PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/RN190AA10090/170922) યોજનાના 48 ફ્લેટ પૈકી 10% ભાગીદારી પેટે મારા અસીલ 5 ફ્લેટનો હક્ક ધરાવે છે. જે પૈકી ફ્લેટ નં. A-201, A-502, A-1002, B-102 તથા અન્ય એક ફ્લેટ મારા અસીલ માટે નિર્ધારિત છે. આ અંગે તા. 03-10-2026 ના રોજ કાનૂની નોટિસ આપવા છતાં આજદિન સુધી મારા અસીલને રૂ. 1.25 કરોડ, નફાનો હિસ્સો, હિસાબો કે કોઇ નિરાકરણ આપવામાં આવેલ નથી. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે હવેથી કોઈએ પણ મે. સ્વરા મેનેજમેન્ટ કન્સલ્ટન્સી એલએલપી કે તેના ભાગીદારો સાથે ઉક્ત યોજનાના ફ્લેટ અંગે ખરીદ, બાનાખત, વેચાણ દસ્તાવેજ, ગીરો કે અન્ય કોઇ વ્યવહાર કરવો નહીં. આમ છતાં વ્યવહાર કરનાર તે પોતાના જોખમે અને ખર્ચે કરશે. જે મારા અસીલને બંધનકર્તા નથી, અને આવો વ્યવહાર કરનાર તમામ સામે દીવાની તથા ફોજદારી રાહે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે ગુજરેરા સમક્ષ ફરિયાદ તથા સબ-રજિસ્ટ્રારને વાંધો રજૂ કરેલ છે. ઉપરાંત, મારા અસીલની રકમ સમયસર નહીં મળે તો, મારા અસીલ તે વસૂલ કરવા માટે સંબંધિત ભાગીદારના અન્ય પેઢીઓ તથા યોજનાઓમાંના હિસ્સા અને મિલકત સામે કાયદેસર કાર્યવાહી કરવાનો હક્ક અનામત રાખે છે.

અમદાવાદ.
તા. 14/10/2026

**એડવોકેટ**
**સુનિલ એ. છાબરિયા,**
408, એરિઝોના, હયાત રીજન્સી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.
મો. 9327004906

## જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈદરીશ એમ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ખોખરા-મહેમદાવાદ, તાલુકો મણીનગર, જીલ્લો અમદાવાદ, ટી.પી.સ્કીમ નં.૭ ના ફાયનલ પ્લોટ નં. ૩૫, સબ પ્લોટ નં.૧ ની ૧૦૭૨ ચો.મી. ક્ષેત્રફળની બીનખેતીની જમીન કે જે હાલ સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે વોર્ડ ટી.પી. ૭ ખોખરા-મહેમદાવાદ, સીટી સર્વે નં.૧૫૧૩, ટી.પી. નં.૭, ફાયનલ પ્લોટ નં.૩૫ પૈકીથી આવેલ છે અને સીટી સર્વે નંબરમાં પણ તેની જમીનનું ક્ષેત્રફળ ૧૦૭૨ ચો.મી. બતાવેલ છે તે જમીનના કાયમી ભાડાપટ્ટાના હકકો ઓમસેતુ કોમ્પલેક્ષ એપાર્ટમેન્ટ એસોસીએશન અને તેના ચેરમેન કસ્તુરચંદ સુવાલાલ અગ્રવાલ અને ડીરેકટર/સભ્યો ધર્મેન્દ્રભાઈ સુવાલાલ અગ્રવાલ, રેખાબેન ધર્મેન્દ્રભાઈ અગ્રવાલ, અજીતભાઈ કસ્તુરચંદ અગ્રવાલ, રીયાબેન અજીતભાઈ અગ્રવાલ, કલ્પેશભાઈ કસ્તુરચંદ અગ્રવાલ તથા રવિભાઈ ધર્મેન્દ્રભાઈ અગ્રવાલ સર્વે રહે. અમદાવાદના આવેલા છે. સદરહુ જમીન કાયમી ભાડાપટ્ટેદાર તરીકે સીટી સર્વે રેકર્ડમાં ઓમસેતુ કોમ્પલેક્ષ એપાર્ટમેન્ટ એસોસીએશનના નામે ચાલે છે. સદરહુ જમીનમાં સદરહુ એસોસીએશન અને તેના ઉપર મુજબના સભ્યો સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક હીસ્સો નથી તથા મજકુર જમીન સદરહુ એસોસીએશન તથા તેના ઉપર મુજબના સભ્યોએ કોઈને કોઈપણ રીતે લખી આપેલ નથી કે અન્ય રીતે તબદીલ કરેલ નથી તેમ જણાવી મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની સદરહુ એસોસીએશન તથા તેના ઉપર મુજબના સભ્યોએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં અન્ય કોઈ વ્યકિતનો બાનાખત મુજબનો, કબજા કરાર મુજબનો, બાનાચિઠ્ઠી મુજબનો, એલોટમેન્ટ મુજબનો, શેર હોલ્ડર તરીકેનો કે અન્ય કોઈ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે અન્ય કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશુ અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહી. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૧૩-૧૦-૨૦૨૬

**ઈદરીશ એમ.બંગાલી**
**B.A. LL.M., એડવોકેટ**
**ઈરફાન આઈ.બંગાલી**
**B.Sc., LL.B., એડવોકેટ**
**ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ**
**એડવોકેટસ-Law firm since 1980**
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોનનં.૨૬૫૮૬૬૫૭,૨૬૫૮૬૬૫૮

## જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, તાલુકો : ઘાટલોડીયાના મોજે ગામ : ત્રાગડની સીમના બ્લોક/સર્વે નંબર: ૦ ગામતળ ૨૦ની હે.આરે.ચો.મી. ૦-૮૩-૬૧ ના ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન (૧) ભીખીબેન ગાભાજી ચૌહાણ (૨) અમરતલાલ ગાભાજી ચૌહાણ (૩) ગંગીબેન ગાભાજી ચૌહાણ (૪) દિનેશકુમાર ગાભાજી ચૌહાણનાઓની સહમાલીકી, સહ કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન - ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

**ભક્તિ એસોસીએટ્સ,**
**હાર્દિક બી. સુવાગીયા, એડવોકેટ**
**મોબાઈલ: ૯૭૧૪૦૪૦૦૩૬**
ઓફિસ: ૨૦૪, સંકલ્પ આઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

## જાહેર નોટિસ

**મોજે -પાદરા**

ડીસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ તારાપુર તાલુકાના મોજે-પાદરા ગામની સીમના (A) સર્વે નં. ૬૪ ની હે.આરે.ચો.મી. ૦-૫૭-૬૭, (B) સર્વે નં. ૫૯ ની હે.આરે.ચો.મી. ૧-૩૭-૫૯, (C) સર્વે નં. ૬૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૫-૫૩ તથા (D) સર્વે નં. ૭૮ ની હે.આરે.ચો.મી. ૦-૫૮-૬૮ ની ખેતીની જમીન લીલાબેન તે રાયાભાઈ વાઘરીના દીકરી અને રમણભાઈ વાઘરીના પત્નીની સ્વતંત્રએ માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઇપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૪-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ/૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૦ (વેજલપુર) તથા તાલુકે દશક્રોઈના મોજે ગામ કાસીન્દ્રાની સીમના બ્લોક/ સર્વે નંબર-૧૦૮૩ (જુના બ્લોક/સર્વે નંબર-૫૫૦) ક્ષેત્રફળ ૨૩૭૭ સમચોરસમીટરની ખેતીની જમીન (૧) દેવેન્દ્રભાઈ શનાભાઈ ગોહેલ (૨) દશરથભાઈ શનાભાઈ તથા (૩) સ્વ. રેવાબેન શનાભાઈ ભુદરભાઈની વિધવા ના વારસદાર તરીકે દેવેન્દ્રભાઈ શનાભાઈ તથા દશરથભાઈ શનાભાઈ, બંન્ને રહેવાસીઃ- ગામ કાસીન્દ્રા, તાલુકો દશક્રોઈ, જીલ્લા અમદાવાદના એ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ-૧૩/૧૦/૨૦૨૬

**હિરેન રાવલ એન્ડ એસોસીએટસ**
**એડવોકેટસ**
**વિનીત એચ. રાવલ (એડવોકેટ)**
**સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)**
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૭૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ કલોલ તાલુકા કલોલનાં ગામ મોજે ગણપતપુરાની સીમનાં ખાતા નં.૪૦૨ નાં બ્લોક નં. ૨૫૭ (જુના બ્લોક નં.૧૭) ની હે૦-આરે ૩૯-૮૭ ચો. મી. એટલે કે ૩૯૮૭ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન પટેલ પ્રહલાદભાઈ અંબાલાલની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી તથા તે જમીન અમારા અસીલને વેચાણ આપવાની હોવાથી અમારી પાસે ટાઈટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઇનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૧૩/૧૦/૨૦૨૬

**ડી. વી. દેસાઈ એન્ડ કંપની, એડવોકેટસ**
**વતી રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)**
**હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)**
**પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)**
**પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)**
**દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)**
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
**ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦**

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ અમદાવાદના તાલુકા ધોલેરાના મોજે મુંડીની સીમના ખાતા નંબર-૩૯૮ ના બ્લોક/ સર્વે નંબર-૩૩૩ (જુનો સર્વે નંબર-૨૩૪ પૈકી), આકાર-૨.૦૦ ની ૨૦,૧૫૭ ચોરસ મીટર વાળી બીનખેતીની જમીન (૧) કાજોલ રતનલાલ બોથ્રા (૧૦,૪૫૨ ચો.મી.) તથા (૨) સેજલબેન જયેશકુમાર શાહ (૯,૭૦૫ ચો.મી.) નાઓના નામે રેવન્યુ રેકર્ડમાં માલીકી દરરજે ચાલે છે. સદર જમીન તેઓની સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજા રહીત અને કાનુની વિવાદોથી પર હોવાનું જણાવી કાજોલ રતનલાલ બોથ્રાના ઓએ અન્ય ખાતેદારોની મુકત સંમતીથી અમારી પાસે ટાઈટલ કલીયરન્સની કામગીરી અમોને સોપેલી છે. જેથી આ જાહેર નોટીસ આપી લાગતા વળગતા સર્વે શખ્સો, વ્યકિત, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા અન્ય જાહેર કે ખાનગી સંસ્થા કે ઓથોરીટી, કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોન્ટ્રાકટર, પ્રોજેકટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી કે ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, એસાઈનમેન્ટના કરાર, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું, મનાઈ હુકમ કે અન્ય કોઈ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે સદર જમીન અંગેના જુના ટાઈટલ ડીડસ બાબતે કે મજકુર જમીન અંગે રેવન્યુ રેકર્ડસમાં થયેલ વખતો વખતનાં ફેરફાર બાબતે કે બીજી રીતે સદર જમીન પર હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય કે તો તેઓએ તેમની પુરાવા સાથે લેખીતમાં જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન - ૧૫ (પંદર) ની અંદર નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી કરવી અન્યથા તેવા હકક, દાવા કે અલાખા પર કોઈપણ લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનને ટાઈટલ કલીયરન્સ આપવામાં આવશે અને કોઈના કોઈપણ પ્રકારના કલેઈમ નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માનવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તારીખ : ૧૩/૧૦/૨૦૨૬

**ફોર, એસ. એન્ડ પી. લીગલ**
**(એડવોકેટસ)**
સી-૮૦૨, ક્રિશ કયુબિકલ, થલતેજ ગામ મેટ્રો સ્ટેશનની પાસે, સિંધુભવન રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.
મો. ૯૧૭૩૪૮૫૦૪૨

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૧ (અસલાલી) ના તાલુકા દશક્રોઈ ના મોજે ગામડી ની સીમના ખાતા નં.૩૪૧ માં ચાલતા રિ-સર્વે/ બ્લોક નં.૫૩૮ (જુના સર્વે નં. ૫૯૮) ની ૧-૫૦-૧૬ હે.આરે.ચો.મી., આકાર રૂા.૯.૬૦ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન અમરતજી ચમનજી, રમણજી ચમનજી નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**વિજય આર. ભરવાડ, એડવોકેટ**
ઓફીસ : ૨૧૧, અર્થ બિઝનેસ સેન્ટર, શિવ બિઝનેસ હબની પાસે, એસ.પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦.
મો. ૯૯૭૪૩ ૨૬૧૭૨

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા ધોળકા મોજે ગામ ગાણોલની સીમના ખાતા નંબર ૫૪૮ બ્લોક નંબર ૭૮૯ (જુના સર્વે નંબર ૪૨૭) ની કુલ હે.આરે.ચો.મી ૧-૦૪-૦૬ ની જુની શરતની ખેતીની જમીન., મહીપતસિંહ મોહનસિંહ વાઘેલા તથા રવિન્દ્રસિંહ મોહનસિંહ વાઘેલાના કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૭/૧૦/૨૦૨૬

**Kavya Manish Shah,**
**Advocate**
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad– 380015.
Ph.no.- 87809 42447

## જાહેર નોટિસ

**મોજે-કુંડલ**
**સર્વે નં-૮૧**
**જુનો સર્વે નં. ૧૮૭/૨**

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદ, તાલુકા-સાણંદના મોજે -કુંડલ ગામની સીમના ખાતા નંબર- ૩૬૨ ના બ્લોક/સર્વે નં.-૮૧ (જુના બ્લોક/સર્વે નં.-૧૮૭/૨) ની હે.આરે.ચો.મી. ૦-૭૯-૯૦ ક્ષેત્રફળ ધરાવતી આકાર રૂ. ૧.૭૦ વાળી ખેતીની જમીન ૧) વાઘજીભાઈ નાગરભાઈ ૨) આત્મારામ વીરસંગભાઇ ૩) ગજરાબેન વીરસંગભાઇ ૪) દશરથભાઈ વીરસંગભાઇ ૫) વીરમાભાઈ વીરસંગભાઇનાઓની સંયુકત માલિકી, કબજાભોગવટાની આવેલી હોવાનું જણાવી અમારી પાસે સદરહું જમીન અંગે ટાઇટલ કલીયરન્સ સર્ટીફિકેટની માગણી કરેલ છે. જેથી આ નોટિસ આપી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે સદર જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દાવો, બોજો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ (સાત)માં અમોને તે બદલના દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજી. પોસ્ટથી જાણ કરવી. જો આમ કરવામાં કસુર કરવામાં આવશે તો સદર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દાવો, બોજો કે અલાખો પોષાતો આવેલ નથી અગર હોયતો તેવા હકકો જતા યાને વેવ(Waive) કરેલ છે તેમ માની ટાઇટલ કલીયરન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે જે જાણશો અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેવી.

તા. ૧૪/૧૦/૨૦૨૬

**Dhaval S. Prajapati**
**Advocate**
Office : 208A, E-Block, Ganesh Glory 11, Jagatpur Road, Jagatpur, Ahmedabad-382470
Mo. No. 89803 82887

## જાહેર ચેતવણી

**ગામ- હાથીજણ, બ્લોક/સર્વે નં.૩૮૯, ૩૭૮, ૩૯૨, ૩૯૬, ૩૯૮.**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ ભાવેશકુમાર.વી. દવે તે અમોના ઉપરોક્ત જણાવેલ સરનામેથી અમારા અસીલશ્રી રાહુલભાઇ રમેશભાઇ ચૌહાણ, રહે.૨૪૦- ૪,પટેલ વાસ, ઇસનપુર, અમદાવાદનાની સુચના અને ફરમાઇસથી આ જાહેર ચેતાવણી આપી જણાવીએ છીએ કે.. જત ડિસ્ટ્રીક્ટ : અમદાવાદના તાલુકા : વટવાના મોજે ગામ : હાથીજણની સીમના (૧) બ્લોક-સર્વે નં.૩૮૯ ની કુલ ૧૪૧૬૪ ચો.મી. ક્ષેત્રફળની જમીન, (૨) બ્લોક-સર્વે નં.૩૭૮ ની કુલ ૧૦૨૧૮ ચો.મી. ક્ષેત્રફ્ળની જમીન, (૩) બ્લોક-સર્વે નં.૩૯૨ ની કુલ ૨૯૦૩૭ ચો.મી. ક્ષેત્રફળની જમીન, (૪) બ્લોકસર્વે નં.૩૯૬ ની કુલ ૬૫૭૬ ચો.મી. ક્ષેત્રફળની જમીન, (૫) બ્લોક-સર્વે નં.૩૯૮ ની કુલ ૧૬૬૯૩ ચો.મી. ક્ષેત્રફળની જમીન જે જમીનો શંકરજી જેસંગજીની માલીકી કબજા ભોગવટા વાળી જમીનો આવેલ જેઓનુ તા.૦૮-૦૫-૧૯૮૧ ના રોજ અવસાન થતા તેઓના સીધીલીટીના વારસદારો તરીકે (૧) બબુબેન શંકરજી જેસંગજીની વિધવા, (૨) કાળાજી શંકરજી, (૩) મોહનજી શંકરજી, (૪) મીઠીબેન શંકરજી,(૫) કાશીબેન શંકરજી,(૬) અમરતબેન શંકરજી,(૭) મંગુબેન તે શંકરજી જેસંગજીની દિકરી તે ઠાકોર ભલાજીના પત્નીનાઓ આવેલા હતા જે પૈકી મંગુબેન શંકરજીનુ નામ સદરહુ જમીનના રેવન્યુ રેકર્ડમાથી નોંધ નં.૩૬૩૮ તા. ૦૧/૧૨/ ૧૯૯૫ ના રોજ પડાવીને ખોટી અને ગેરકાયદેસર રીતે નામ કમી કરવામા આવેલ હતુ જ્યારે ખરી હકીકતે મંગુબેન શંકરજીના કાયદેસરના સીધીલીટીના વારસદારોમાં (૧) લલીતાબેન ભલાજી ઠાકોર, (૨) ભવાનભાઇ ભલાજી ઠાકોરનાઓ આવેલ હતા. આમ ઉપરોક્ત વર્ણવેલ જમીનો અંગે વર્ષ ૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન મંગુબેન શંકરજીના વારસદારો એવા (૧)લલીતાબેન ભલાજી ઠાકોર,(૨) ભવાનભાઇ ભલાજી ઠાકોરનાઓ અમારા અસીલશ્રીના સંપર્કમાં આવેલ અને ઉપરોક્ત જમીનોમાં તેઓના નામો દાખલ કરવા અંગે જણાવેલ હતુ અને ઉપરોક્ત જમીનો અંગે કરવી પડતી તમામ કાર્યવાહીઓ તથા તે અંગે કરવો પડતો તમામ ખર્ચ અમારા અસીલશ્રીને કરવાનુ નક્કી કરવામાં આવેલ હતુ. આમ ઉપરોક્ત જમીનો અંગે નામદાર સીવીલ કોર્ટ સમક્ષ સ્પે.દિ.મુ.નં.૩૦૯/ ૨૦૨૪ થી દાવો દાખલ કરવામાં આવેલ હતા ત્યારબાદ ઉપરોક્ત વર્ણવેલ જમીનો અંગે અમારા અસીલશ્રી તથા મરહુમ મંગુબેન શંકરજીના વારસદારો એવા (૧)લલીતાબેન ભલાજી ઠાકોર,(૨) ભવાનભાઇ ભલાજી ઠાકોર વચ્ચે તા.૦૩/૦૫/ ૨૦૨૫ ના રોજ નોટરી એડવોકેટ PRANAV.H.NANDHA સમક્ષ રૂબરૂ હાજર રહી S.NO.T/106 થી સમજુતીનો કરાર લખી આપવામાં આવેલ અને હાલમાં આ સમજુતી કરારનો અમલ જીવંત, જારી આવેલ હતો અને છે. આમ ઉપરોક્ત જમીનોમાં હિત,હિસ્સો, અમારા અસીલશ્રીનો સમજુતી કરારની રૂઇએ કાયદેસરનો હક્ક, અધિકાર પોષાતો આવેલ હતો અને છે તેમ છતા હાલમાં ભવાનભાઇ ભલાજી ઠાકોરનાઓ દ્વારા અમારા અસીલશ્રીની જાણ બહાર ઉપરોક્ત જમીનોના હાલના ૭/૧૨ ના કબજેદારો સાથે સમાધાન કરવા અંગેની પેરવીઓ કરી રહેલ હોય અને ઉપરોક્ત જમીનો અંગેની કાર્યવાહીઓ કરવામાં વિલંબ કરી રહેલ હોય. આથી, આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે, ઉપરોકત વિગતે દર્શાવેલી જમીન બાબતે (૧) લલીતાબેન ભલાજી ઠાકોર,(૨) ભવાનભાઇ ભલાજી ઠાકોરનાઓ સાથે કોઇએ કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવો નહિ અને જો કોઇપણ વ્યક્તિ તેઓ સાથે મજકુર જમીન બાબતે કોઇપણ પ્રકારના લખાણો કે નાણાંકીય વ્યવહારો કરશે તે વ્યવહારો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં અને તે તમામની સઘળી જવાબદારી જે તે વ્યક્તિની રહેશે અને અમારા અસીલશ્રીને તેઓની વિરૂધ્ધ કાયદેસરની દિવાની તેમજ ફોજદારી રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની નોંધ લેવી.

તા.૧૩/૧૦/૨૦૨૬.
મારી સુચના અને ફરમાઇશથી
રાહુલભાઇ રમેશભાઇ ચૌહાણ

**BHAVESHKUMAR. V. DAVE**
**ADVOCATE**
OFFICE:-134/Nandanvan Hight
Nr. Aakruti Township.
NAROL-AHMEDABAD 382405

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ મહેસાણાના કડી તાલુકાના મોજે થોળ ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૮૯૧ (રી-સર્વે અગાઉનો જુનો સર્વે/બ્લોક નંબર-૨૨૨૩) ની ૧૦૫૩૪ ચોરસમીટર પૈકી ૩૬૦૦ ચોરસમીટર જમીન ઠાકોર ભીખાજી બેચરજીએ પોતાની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે તો સદર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, ગણોતહક્ક, ગાડાહક્ક, રસ્તાહક્ક, કબજાહક્ક, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે ના હક્કો રહેલ/કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો તે તમામ મિલકતના માલીકની અથવા અમારા અસીલની તરફેણમાં બીનશરતી જતા (Waive)કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ :- ૧૪ - ૧૦ - ૨૦૨૬

**પ્રથિત શ્રેણીક શાહ**
**(MCA, DLP, LL.M.) એડવોકેટ,**
**જાનકી શ્રેણીક શાહ**
**(B.com, LL.B.) એડવોકેટ,**
૫૧૨, શિવાલીક સ્કવેર, અદાણી સીએનજી પંપ પાસે, વાડજ, અમદાવાદ-૨૭.
(મો). ૯૮૨૪૭૧૨૦૫૧

## જાહેર નોટિસ

**(નોટિસનો વળતો જવાબ)**

અમો એડવોકેટ ભવદીપસિંહ પી. પરમાર, અમારા અસીલ શ્રી પ્રતાપસિંહ હિંમતસિંહ ચૌહાણ તથા અન્ય તમામ મૂળ જમીન માલિકો (''અમારા અસીલો'') ની સૂચનાથી, તમારા અસીલો (''તમારા અસીલો'' ) વતી તમોએ સ્પીડ પોસ્ટથી મોકલેલ તા. ૩૦-૯-૨૦૨૬ ના જવાબ (''તમારો જવાબ'') નો, અમારા અસીલોએ ગુજરાત સમાચારમાં પ્રસિદ્ધ કરાવેલ જાહેર ચેતવણી (''અમારી જાહેર ચેતવણી'') ના સંદર્ભમાં, આ જાહેર નોટિસથી વળતો જવાબ આપીએ છીએ. તમારા જવાબમાં સ્પષ્ટ કબૂલ કરેલ હકીકતો સિવાયની તમામ બાબતોનો ઈન્કાર છે. અમારી જાહેર ચેતવણીની તમામ હકીકતો સાચી અને દસ્તાવેજી પુરાવાથી સમર્થિત છે અને કાયમ રાખવામાં આવે છેઃ ૧. અમારા અસીલો જમીનના મૂળ માલિકો તથા પ્રત્યક્ષ કબ્જેદાર છે. તમારા અસીલોની પેપર નોટિસોને કારણે જાહેર જનતા, બેંકો તથા નાણાકીય સંસ્થાઓ છેતરાય નહીં તે માટે સાચી હકીકત જાહેર કરવાનો તેમને કાયદેસરનો હક્ક છે; અમારી જાહેર ચેતવણી ખોટી કે ટકી ન શકે તેવી હોવાનું તમારું કથન ખોટું છે. તે પ્રમાણિત રેકર્ડ, અદાલતી કાર્યવાહી તથા મહેસૂલી હુકમો પર આધારિત અને સદ્‌ભાવનાથી, જાહેર હિતમાં હોવાથી બદનક્ષીકારક નથી. તમારા અસીલો ફોજદારી ફરિયાદ કરવા સ્વતંત્ર છે, પરંતુ આવી ધમકીથી અમારા અસીલો ડરવાના નથી; યોગ્ય ફોરમમાં કાયદેસર જવાબ અપાશે. ૨. તમારી કબૂલાતો અને વિરોધાભાસઃ તમોએ પારા (૪) માં જૂના સર્વે નં. ૫૧૯/૨ ની જમીન મૂળ શ્રી પ્રતાપસિંહ હિંમતસિંહ ચૌહાણ તથા ૭/૧૨ માં દર્શાવેલ અન્ય વ્યક્તિઓની માલિકીની હોવાનું અને પારા(૬), (૯) માં રજી. નં. ૭૧૪, ૭૧૫, ૭૧૬ ના દસ્તાવેજો પાવર ઓફ એટર્ની મારફત થયાનું સ્વીકારેલ છે, એટલે મૂળ માલિકોએ જાતે દસ્તાવેજ કરેલ નથી. પારા (૪) માં ''જાતે પોતે'' લખાણ કરી આપ્યાનું જણાવો છો, જે પારા (૬), (૯) સાથે વિરોધાભાસી છે; વાસ્તવમાં મૂળ માલિકો પૈકી કોઈની સહી નથી. ૩. મનાઈ હુકમ (Stay Order) નો ભંગઃ રેગ્યુલર દિવાની મુકદમા નં. ૫૨/૨૦૦૧ ના કામે નામદાર સિવિલ કોર્ટ, ખેરાલુએ તા. ૩૦/૦૩/૨૦૦૨ ના રોજ સ્પષ્ટ મનાઈ હુકમ ફરમાવેલ કે, દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી વિવાદિત ૪૭૬ એકર જમીનનું વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરવું નહીં. છતાં તમારા અસીલોએ ગેરકાયદેસર રીતે તા. ૦૨-૦૬-૨૦૦૭ ના રોજ રજી. બાનાખત (નં. ૭૧૪) તથા તા. ૦૯-૦૫-૨૦૦૮ ના રોજ પાવર ઓફ એટર્ની ઊભા કરેલ છે. મનાઈ હુકમ (Status Quo/Stay) દરમ્યાનનો કોઈપણ કરાર કે પાવર ઓફ એટર્ની શરૂઆતથી જ રદબાતલ (Void ab initio) ગણાય છે. મનાઈ હુકમનો ઉલ્લેખ તમારા અસીલોના કહેવાતા રજી. બાનાખતમાં જ હોવાથી તેઓ તેનાથી માહિતગાર હતા; તમારો બચાવ ટકે તેમ નથી. ૪. મૈયત વ્યક્તિના નામે પાવર ઓફ એટર્નીઃ તા. ૦૯-૦૫-૨૦૦૮ ના કથિત પાવર ઓફ એટર્ની વખતે મૂળ માલિકો પૈકી શ્રી ભવાનસિંહ ગુલાબસિંહ ચૌહાણ મૈયત હતા. મૈયત વ્યક્તિ પાવર ઓફ એટર્ની કરી આપી શકે નહીં અને તેમના નામે કે તેમની તરફથી દર્શાવેલ પાવર ઓફ એટર્ની શરૂઆતથી જ શૂન્ય છે. વળી, વહીવટકર્તાના કાયદાકીય વારસો હોતા નથી. ૫. પાવર ઓફ એટર્ની રજૂ ન કરવા બાબતેઃ કથિત વેચાણ દસ્તાવેજોમાં તા. ૨૯/૦૭/૨૦૦૯ ની પાવર ઓફ એટર્નીનું વર્ણન છે, પરંતુ તે દસ્તાવેજ સાથે જોડેલ નથી; આધાર તરીકે દર્શાવેલ પાવર ઓફ એટર્ની રજૂ જ ન થવાથી દસ્તાવેજો શંકાસ્પદ અને આધારહીન છે. - ૬. બાનાખત, ચતુર્સીમા તથા ક્ષેત્રફળઃ (૧) રજી. બાનાખતની ચતુર્સીમા - દક્ષિણે ''તારણધારણ માતા જતો માર્ગ'' હાલના બ્લોક નં. ૮૫૯ ની સ્થિતિ દર્શાવે છે; બ્લોક નં. ૮૫૧ નો તેમાં સમાવેશ થતો નથી. (૨) બાનાખતમાં ૨૩૧ એકર (૯,૩૪,૮૫૭ ચો.મી.) જમીન દર્શાવેલ છે, જ્યારે એકલા બ્લોક નં. ૮૫૧ ની જમીન ૯,૯૮,૮૧૭ ચો.મી. એટલે બાનાખતના સમગ્ર ક્ષેત્રફળ કરતાં ૬૩,૯૬૦ ચો.મી. વધારે છે. ત્રણ જુદા વેચાણ દસ્તાવેજોમાં એક જ ચતુર્સીમા દર્શાવેલ હોવાથી, ''સર્વે નં. ૫૧૯/૨ ની આખી જમીન પૈકીના દસ્તાવેજો અને દરેકમાં પુરેપુરી જમીનનું ખુંટ વર્ણન'' નું તમારા પારા (૮) નું કથન ટકતું નથી; તેથી બાનાખત કે કથિત દસ્તાવેજો બ્લોક નં. ૮૫૧ કે સર્વે નં. ૫૧૯/૨ ની આખી જમીનને લાગુ પડતા નથી. (૩) બાનાખત (વેચાણ અંગેનો કરાર) થી મિલકતમાં કોઈ હક્ક, હિત કે માલિકી ઉત્પન્ન થતી નથી (ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ, કલમ ૫૪); તા. ૦૮/૦૨/૨૦૧૨ ના ''સંદેશ'' દૈનિકમાં નોટિસ પ્રસિદ્ધ થયા છતાં આજ દિન સુધી તમારા અસીલોએ કરાર પાલનનો દાવો કરેલ નથી. ૭. કબ્જા બાબતેઃ કબ્જો સોંપાયાનું તમારું કથન ખોટું છે; કારણ કે તા. ૦૯-૦૫-૨૦૦૮ ના કથિત પાવર ઓફ એટર્નીમાં પ્રત્યક્ષ કબ્જો સોંપવાનો કોઈ ઉલ્લેખ નથી અને તમારા રજી. બાનાખતમાં પણ કબ્જો ન લીધેલ હોવાનો ઉલ્લેખ છે. ૮. મહેસૂલી રેકર્ડઃ તમારા અસીલોએ ૨૦૦૮ ના બોગસ પાવર ઓફ એટર્નીના આધારે તા. ૨૬-૧૧-૨૦૧૯ ના રોજ એકબીજાની તરફેણમાં કરેલ રજી. વેચાણ દસ્તાવેજો (નં. ૭૧૪, ૭૧૫, ૭૧૬) ના આધારે પડાવેલ વેચાણ નોંધો (નં. ૩૫૨૯, ૩૫૩૦, ૩૫૩૧) ને મામલતદારશ્રી, સતલાસણા (તા. ૨૪/૦૯/૨૦૨૦), પ્રાંત અધિકારીશ્રી, ખેરાલુ (તા. ૧૪/૦૯/૨૦૨૧) તથા કલેક્ટરશ્રી, મહેસાણા (તા. ૦૭/૦૪/૨૦૨૬, હુકમ નં. આરટીએસ/રીવીઝન/એમએસએન/૧૨૧, ૧૨૨, ૧૨૩, /૨૦૨૧) એ નામંજૂર કરેલ છે. કલેક્ટરશ્રીએ મહેતા પરિવારની રિવિઝન અરજી નામંજૂર કરી નોંધ નં. ૩૫૩૦ ની નામંજૂરી કાયમ રાખેલ છે અને મામલો સિવિલ કોર્ટના અધિકારક્ષેત્રનો હોવાનું નોંધેલ છે. આમ, હારી જવા છતાં આ હકીકત છુપાવી તમોએ જાહેર જનતાને ગેરમાર્ગે દોરેલ છે. ૯. રે. દિ. મુ. નં. ૫/૨૦૧૨ તથા શ્રી કીર્તિસિંહ સાથેનો કરારઃ રે. દિ. મુ. નં. ૫/૨૦૧૨ ના કામે તમામ સંબંધિત પક્ષકારો કોર્ટના હુકમનામાથી માહિતગાર હતા. તે હુકમનામા અન્વયે મૂળ માલિકોએ મહેસાણાના રહીશ શ્રી કીર્તિસિંહ ગણેશજી રાજપૂત સાથે આશરે ૮૦૦ વીઘા જમીનનો કાયદેસર વેચાણ કરાર કરેલ છે. વર્ષ ૨૦૨૧ માં શ્રી કીર્તિસિંહ તથા અમારા અસીલો દ્વારા તૈયાર કરાયેલ વેચાણ દસ્તાવેજ સરકારી પ્રક્રિયાના કારણે નોંધાઈ શક્યો ન હતો, પરંતુ કરાર આજે પણ પૂર્ણપણે અમલમાં છે. ૧૦. માંગણી અને ચેતવણીઃ તમારા અસીલોએ નોટિસ પ્રસિદ્ધ થયેથી (૧) સદરહુ જમીન બાબતે વેચાણ, બાનાખત, ગીરો, પાવર, સોદાચિઠ્ઠી કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહીં, ત્રાહિત વ્યક્તિના હક્ક ઊભા કરવા નહીં તથા અમારા અસીલોના કબ્જા-ભોગવટામાં દખલ કે ખલેલ કરવી નહીં; (૨) પેપર નોટિસોમાંની ખોટી તથા ગેરમાર્ગે દોરનારી હકીકતો પાછી ખેંચી જાહેર જનતાને સાચી હકીકતની જાણ કરવી; અન્યથા અમારા અસીલો, ખર્ચ તથા નુકસાનીના વળતર સહિત દિવાની કાર્યવાહી, તેમજ બનાવટી દસ્તાવેજો, છેતરપિંડી અને ગુનાહિત કાવતરા અંગેની ફોજદારી કાયદાની જોગવાઈઓ હેઠળ તમારા અસીલો તથા સંડોવાયેલા તમામ ઈસમો વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી તથા અન્ય કાયદેસર પગલાં લેશે, જેના ખર્ચ અને પરિણામોની સંપૂર્ણ જવાબદારી તમારા અસીલોની રહેશે. આ નોટિસથી અમારા અસીલોના કોઈ હક્ક, દાવા કે દલીલો જતા કરાતા નથી; તમામ હક્કો અબાધિત છે. આ નોટિસ જાહેર જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સ્થળ: પાલનપુર
તારીખ: ૧૩ / ૧૦ / ૨૦૨૬

**અમારા અસીલો વતીઃ**
**ભવદીપસિંહ પી. પરમાર, બી.કોમ., એલએલ.બી., એડવોકેટ**
પુષ્પાવતી સોસાયટી, આબુ હાઇવે, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોનઃ ૮૦૦૦૧૩૧૩૧૩



ઈન્ડોનેશિયામાં બાલી ટાપુ ખાતે વન્યજીવોની ચોરી કરતાં દાણચોરોએ પોલીસ પાછળ પડવાના લીધે ત્યજી દીધેલી બોટમાંથી ગ્રીન સી ટર્ટલ મળી આવ્યા હતા. આ દુર્લભ કાચબાની કિંમત લાખો રૂપિયામાં મૂકાતી હોવાથી તેની દાણચોરી થાય છે. પોલીસે આ કાચબાને બોટમાંથી જપ્ત કરીને પછી સમુદ્રમાં પરત જવા દેવા માટે છૂટા મૂક્યા હતા.

ચૂંટણી કમિશનરોની નિમણૂક મુદ્દે સુપ્રીમ સુનાવણી કરશે

# દિલ્હીને ઠપ કરવા સામેની અરજીની સુપ્રીમમાં હવે આવતીકાલે સુનાવણી

નવી દિલ્હી, તા. ૧૩

**દિલ્હીમાં ૫૦ જેટલા મેટ્રો સ્ટેશનો, ઈન્ટરનેટ સેવાને બંધ કરવા સામે થયેલી અવમાનના સહિતની અરજીઓની હવે સુપ્રીમ કોર્ટ ૧૫મી ઓક્ટોબરના સુનાવણી કરશે. કેન્દ્ર સરકારને આ મુદ્દે જવાબ આપવા વધુ સમય આપ્યો છે. સુપ્રીમના સંકુલમાં કોઈ પણ રાજકીય પ્રદર્શનો પર પ્રતિબંધ મુકવા મુદ્દે પણ ૧૫મીએ સુનાવણી થશે.**

## સુપ્રીમના સંકુલમાં રાજકીય દેખાવો પર પ્રતિબંધ મુકવા માગની પણ ૧૫મીએ સુનાવણી

દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો, પોલીસ પ્રસાશન દ્વારા પત્રકારો-વકીલોની અટકાયત, મેટ્રો સ્ટેશનો બંધ કરી તેવા સહિતના મુદ્દે થયેલી અરજીની સુનાવણી કરનારી બેંચમાં સામેલ ન્યાયાધીશ વી મોહનાનુ સ્વાસ્થ્ય સારુ ના હોવાથી મંગળવારે સુનાવણી નહોતી થઈ શકી. બાદમાં સોલિસિટર જનરલે મામલાને મુલતવી રાખવા કહ્યું હતું. તેથી હવે ૧૫મી તારીખે આગળ સુનાવણી થશે.

જ્યારે ભાજપના નેતા ગૌરવ ભાટીયા દ્વારા સુપ્રીમ કોર્ટના સંકુલમાં રાજકીય વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધની માગ કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. જેની પણ ૧૫મી ઓક્ટોબરના સુનાવણી કરવામાં આવશે. આ અરજીમાં ભાટીયાએ રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતનાને પક્ષકાર બનાવ્યા છે. બીજી તરફ ચૂંટણી કમિશનરોની નિમણુંક સમિતિમાંથી મુખ્ય ન્યાયાધીશની બાદબાકી કરતા ૨૦૨૩ના કાયદાને સુપ્રીમમાં પડકારાયો છે. જેની સુનાવણી કરવા માટે પણ સુપ્રીમ તૈયાર થઈ ગઈ છે.




સરકારે જંતરમંતરને વિરોધ પ્રદર્શનની યાદીમાંથી બહાર મૂકતા કેટલાય દેખાવકારોનો ગરાસ લૂંટાઈ ગયો છે. હવે દેખાવ કરવા માટે છેક રામલીલા મેદાન કે બીજા એક કે બે સ્થળ જવું પડશે. સરકારના આ નિર્ણયથી ભડકેલા વિદ્યાર્થી સંગઠનોએ તેમના આગવા અંદાજમા પ્લેકાર્ડ બતાવી વિરોધ વ્યક્ત કર્યો હતો.

ધ્વજારોહણ સમારોહને શાસકીય દરજ્જાની માગણી

# કુંભમેળાનાં ધીમાં કામો સામે સાધુ-સંતોની આંદોલનની ચેતવણી

મુંબઈ, તા.૧૩

**નાસિક- ત્ર્યંબકેશ્વરમાં ૨૦૨૬- ૨૭ દરમ્યાન યોજાનારા સિંહસ્થ કુંભમેળાના વિવિધ કામો માટે સરકારે કરોડો રૂપિયાની ફાળવણી કર્યા છતાં અત્યંત ધીમી ગતિએ ચાલી રહેલા કામો સામે નારાજી વ્યક્ત કરીને સાધુ-સંતો તેમજ સ્થાનિકોએ ઉપવાસ- આંદોલન શરૂ કરવાની ચેતવણી આપી છે.**

## કુંભમેળાને લગતી સરકારી મીટિંગોમાં સાધુસંતોની ઘોર ઉપેક્ષા : કોઈ સૂચનો પણ સ્વીકારાતા નથી

સ્વામી સોમેશ્વરાનંદ સરસ્વતી મહારાજે નાસિક અને ત્ર્યંબકેશ્વરમાં અત્યંત મંથર ગતિએ કામો ચાલી રહ્યા છે એવો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે કામની ઝડપ વધારવામાં નહીં આવે તો ઉપવાસ- આંદોલન શરૂ કરવામાં આવશે. અમે ચક્રતીર્થ પર થનારા ધ્વજારોહણ સમારોહને શાસકીય દરજ્જો આપવાની પણ માગણી કરી છે.

અખાડા પરિષદ અને સાધુ- સંતોનું કહેવું છે કે કુંભમેળા પ્રાધિકરણ અને પ્રશાસન દ્વારા યોજાતી મીટિંગોમાં તેમને સામેલ કરવામાં નહોતા આવ્યા અને સાધુ- સંતો દ્વારા કરવામાં આવેલા સૂચનો ધ્યાનમાં નથી લેવામાં આવ્યા.

બીજી તરફ કુંભમેળાને લગતી વ્યવસ્થા સંભાવતા પાલક પ્રધાન ગિરીશ મહાજને એવો દાવો કર્યો હતો કે સડકો પહોળી કરવાના, નવા રસ્તા- પુલ બાંધવાના તથા ઘાટોના નિર્માણ સહિતના ૩૪ હજાર કરોડના ઈન્ફ્રા- પ્રોજેક્ટસની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. સમયસર આ બધા કામો પૂરા કરવામાં આવશે.

નાસિક અને ત્ર્યંબેશ્વરમાં ઔપચારિક રીતે સિંહસ્થ કુંભમેળાનો આરંભ ૩૧મી ઓક્ટોબરે ધ્વજારોહણ સમારોહથી થશે.

અધિક મુખ્ય સચિવને હાજર રહેવા આદેશ

# ઉ.પ્રદેશમાં મેડિકલ કોલેજોમાં અનામત મુદ્દે હાઈકોર્ટ નારાજ

લખનઉ, તા. ૧૩

**હાઈકોર્ટની લખનઉ બેન્ચે પ્રદેશની ચાર મેડિકલ કોલેજોમાં અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓને નિર્ધારિત મર્યાદાથી વધુ અનામત આપીને પ્રવેશ આપવાનાં કેસમાં રાજ્ય સરકારનાં વલણ પર ઉગ્ર નારાજગી વ્યક્ત કરી છે.**

## અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓને નિર્ધારિત મર્યાદાથી વધુ અનામત આપવાનો કેસ

કોર્ટે સમાજ કલ્યાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવને સંબધિત રેકોર્ડ સાથે કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો છે. બીજા અન્ય એક આદેશમાં રાજ્ય સરકારનાં ભરતી નિયમોને કાયદેસર ગણીને જુનિયર એનાલિસ્ટ (ફૂડ)માં બીટેકને સામેલ કરવાની માંગને હાઈકોર્ટે ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિ રાજન રોય અને ન્યાયમૂર્તિ મંજીવ શુકલાની ખંડપીઠે આ આદેશ રાજ્ય સરકારની તરફથી દાખલ એક વિશેષ અપીલ પર આપ્યો છે. કોર્ટે જણાવ્યું છે કે રાજ્ય સરકારે ગયા વર્ષે ખાતરી આપી હતી કે શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭થી પ્રદેશની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે રિઝર્વેશન એક્ટ, ૨૦૦૬ની જોગવાઈઓનું પાલન કરવામાં આવશે. આમ છતાં વર્તમાન સત્રમાં અનામતની નિર્ધારિત ક્ષમતાથી વધુ પ્રવેશ આપવાની વાત સામે આવી છે. એક્ટ હેઠળ અનુસુચિત જાતિ માટે ૨૧ ટકા, અનુસુચિત જન જાતિ માટે ૨ ટકા અને અન્ય પછાત વર્ગ માટે ૨૭ ટકા અનામત નિર્ધારિત છે. આ પ્રમાણે કુલ અનામત ૫૦ ટકા છે.

મુંબઈમાં સેંકડો આંદોલનકારીઓની અટકાયત સામે અરજી

# સીઈસી વિરુદ્ધ દેખાવોમાં અટકાયતો પર સંપૂર્ણ મનાઈનો હાઈકોર્ટનો ઈનકાર

મુંબઈ, તા.૧૩

**બોમ્બે હાઈકોર્ટે મંગળવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોની પોલીસ અટકાયત સામે વ્યાપક આદેશો પસાર કરવાનો ઈનકાર કર્યો હતો, જોકે, અદાલતે ખાતરી આપી હતી કે અટકાયતો ગેરકાયદેસર થયું હોવાની વાત અદાલત સમક્ષ મૂકાશે તો અદાલત ચોક્કસ તે અંગે કાર્યવાહી કરશે.**

## અદાલતે સ્પષ્ટ કર્યું કે અમે કોઈ ગેરકાયદેસર અટકાયત નહીં ચલાવી લઈએ, એવું કાંઈ ધ્યાને લવાશે તો કાર્યવાહી કરાશે

મુંબઈ પોલીસે સપ્તાહના અંતે દિલ્હીમાં આંદોલનને ટેકો આપવા માર્ચ કાઢનારા મહિલાઓ અને વિદ્યાર્થીઓ સહિત સેંકડો શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની ગેરકાયદે અટકાયત કરી હોવાનો આરોપ મૂકતી સાગર દેવરેની એક અરજીની સુનાવણી વખતે અદાલતે આમ જણાવ્યું હતું.

અરજદારનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટે કોર્ટને શાંતિપૂર્ણ પ્રદર્શનો દરમિયાન પોલીસને વધુ અટકાયત કરવાથી રોકવા માટે વચગાળાનો આદેશ જારી કરવા વિનંતી કરી હતી. જોકે, ડિવિઝન બેન્ચે પોલીસ કાર્યવાહી પર સામાન્ય સ્ટે માટેની અરજીને નકારી કાઢી હતી.

કોઈ વ્યક્તિને અટકાયતમાં લેવામાં નહીં જ આવે તેવો સીધો આદેશ અમે નહીં આપીએ. જો તમે આવો કોઈ કિસ્સો હોય તો અમે તેનું ધ્યાન રાખીશું. અમે કંઈપણ ખોટું થવા દઈશું નહીં,એમ કોર્ટે અવલોકન કર્યું હતું.

અધિક સરકારી વકીલ મનીષ ઉપાધ્યાયે અરજીમાં કરવામાં આવેલા દાવાઓ પર સંબંધિત અધિકારીઓ પાસેથી સૂચનાઓ મેળવવા માટે સમય માંગ્યો હતો.

વિનંતી સ્વીકારીને, હાઈકોર્ટે આ મામલાની સુનાવણી મુલતવી રાખી અને અરજીની વધુ સુનાવણી ૧૯ ઓક્ટોબર પર મુલતવી રાખી હતી.

દેવરેની અરજીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ, વકીલો અને અન્ય લોકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાની માંગ કરવામાં આવી હતી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે મુંબઈના નાગરિકોએ ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન માટે એકતા દર્શાવવા માટે સમગ્ર શહેરમાં શાંતિપૂર્ણ દેખાવો યોજ્યા હતા ત્યારે પોલીસે બિનજરૂરી રીતે અને કોઈપણ અધિકાર વિના, સગીર બાળકો અને વિદ્યાર્થીઓ તથા મહિલાઓ સહિત સેંકડો લોકોની અટકાયત કરી હતી.

કાયદા અમલીકરણ એજન્સીઓએ અત્યંત સંયમ રાખવો જોઈએ અને શાંતિપૂર્ણ સભાના અધિકારનું સન્માન કરવું જોઈએ,એમ અરજીમાં જણાવાયું છે.

અરજીમાં પોલીસને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની મનસ્વી અને ગેરબંધારણીય અટકાયતનહીં કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી.

### ફ્રીજનું તાપમાન

(૧૫મા પાનાનું ચાલુ)

કંપનીઓને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું.

ફ્રાન્સની સાયબર સુરક્ષા એજન્સીના રિપોર્ટ મુજબ હેકર્સે ડેનિશ કંપની ડૈનફોસ દ્વારા લગાવાયેલા રેફ્રિજરેશન કંટ્રોલરના જૂના અને આઉટડેટેડ સોફ્ટવેરની ખામીઓનો લાભ ઉઠાવ્યો અને ઈન્ટરનેટ મારફત રિમોટલી સિસ્ટમ સુધી પહોંચ બનાવી હતી.

સાયબર થ્રેટ ઈન્ટેલિજન્સ એજન્સી સેકોઈયાના નિષ્ણાતોએ ચેતવણી આપી કે સ્પેન, પોર્ટુગલ, પોલેન્ડ, જર્મની અને બેલ્જિયમમાં પણ આ પ્રકારના હુમલાનું જોખમ છે.

સાયબર નિષ્ણાતોએ કહ્યું કે, ઈન્ટરનેટ સાથે જોડાયેલી સિસ્ટમ્સને લેટેસ્ટ સોફ્ટવેરથી સુરક્ષિત રાખવાની પાયાની બાબતનું પાલન નહીં થયું હોવાથી આ પ્રકારનો હુમલો થયો છે.

દરમિયાન નેધરલેન્ડની સૌથી મોટી સુપરમાર્કેટ ચેન અહોલ્ડ ડેલહાઈઝે પણ તેના નેટવર્કમાં સુરક્ષા સંબંધી સમસ્યાઓના કારણે તેની હોમ ડિલિવરી એપ બંધ કરી દીધી છે. અમેરિકન સૈન્ય બેઝમાં પણ ઓગસ્ટના અંતમાં રેફ્રિજરેશનની સમસ્યાઓ થઈ હોવાના અહેવાલ હતા.

### હુથીના

(૧૫મા પાનાનું ચાલુ)

જણાવ્યું હતું કે તેઓ ઓઈલ એકમોથી દૂર રહે. હુથીઓની આવકને ફટકો મારવા માટે સાઉદીએ આ પગલું ભર્યુ છે. હુથીઓએ જણાવ્યું હતું કે સાઉદીના હુમલાના પગલે હવે અમે સાઉદીના દરેક ઓઈલ સંકુલ પર હુમલા કરીશું.

આ સ્થિતિના પગલે ભારતની ઈન્ડિગો, એર ઈન્ડિયા એક્સપ્રેસ, એર ઈન્ડિયા અને અકાસા એરે સાઉદી અરેબિયાની શેહેર સાથે જોડતી ફ્લાઈટ્સ ૧૭મી ઓક્ટોબર સુધી રદ કરવાનો નિર્ણય લીધો છે. રિયાધ, જેદ્દાહ, દમામ અને મદીનાની ફ્લાઈટ ૧૭મી ઓક્ટોબર સુધી રદ કરવામાઁ આવી છે.

હીઝબુલ્લાહે આશ્ચર્યજનક રીતે જણાવ્યું હતુ કે ઈઝરાયેલ પરના હુમલામાં જેટલા લેબનોનવાસીઓના મકાનોને નુકસાન થયું છે તે દરેક મકાનદીઠ ૧૪,૦૦૦ ડોલરનું વળતર તે આપશે. આમ તેણે લેબનોનમાં તેનો સમર્થન આધાર વધારવાના હેતુથી આ વાત કરી હોવાનું માનવામાં આવે છે.

ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્ટડી ઓફ વોરે જણાવ્યું હતું કે ઈરાન શિપ-ટુ-શિપ-ઓઈલ ટ્રાન્સફરને ટાર્ગેટ બનાવે તેવી સંભાવના છે. તે હોર્મુઝ પર ગુમાવેલો અંકુશ પરત મેળવવા બધા જ પ્રયત્નો કરી છૂટશે તેમ માનવામાં આવે છે. યુકે મરીનનું કહેવું છે કે કમસેકમ ત્રણ જહાજો પર અજાણ્યા શસ્ત્ર વડે હુમલો કરવામાં આવ્યો છે. બીજી બાજુ ઈરાનના ટોચના સિક્યોરિટી વડાએ પણ જણાવ્યું હતું કે ઈરાને તાજેતરના મહિનાઓમા રોજના પાંચ સ્મગલિંગ શિપને ટાર્ગેટ કર્યા છે.બીજી બાજુએ ઈઝરાયેલે મંગળવારે ગાઝામાં કરેલા હુમલામાં એકનું મોત થયું છે.

# રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકાથી મહત્તમ રૂ. ૩૦૦ સુધીના એમડીઆરનો ગુરુવારથી અમલ થવાનો હતો

### યુપીઆઈ પેમેન્ટ

(પહેલા પાનાનું ચાલુ)

જાહેરાતના સમયથી વેપારીઓ અને ઉદ્યોગ જગતના એક મોટા વર્ગ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી એટલે કે સીટીઆઈએ એમડીઆરના નિર્ણયને વેપારીઓના ધંધાને નુકસાન પહોંચાડનારો ગણાવ્યો હતો અને તેને પાછો ખેંચવાની માગ કરી હતી.

સૂચિત એમડીઆરનો રિટેલર્સ, પેટ્રોલ પંપ એસોસિએશન, મોટા સ્ટોક બ્રોકર્સે પણ તિવ્ર વિરોધ કર્યો હતો. અનેક વેપારીઓ અને મોટા બ્રોકર્સે એમડીઆરના પગલે યુપીઆઈથી ટ્રાન્ઝેક્શનની સંખ્યા ઘટી જવાની અને વેપારીઓ ફરીથી રોકડ પર પાછા ફરશે તેવી આશંકા વ્યક્ત કરી હતી. એનપીસીઆઈએ કહ્યું હતું કે, તહેવારોની આ મોસમ દેશના વેપારીઓના કારોબાર માટે મોટી તક હોય છે. વેપારીઓના વિરોધને જોતાં તેમની સાનુકૂળતા માટે હાલ એમડીઆરનો અમલ મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે. હવે દિવાળી પછી કોઈક તારીખે તેની જાહેરાત કરાશે.

**જંતર મંતરમાં પ્રવેશ બદલ આશુતોષ, સૌરવ સહિત ૧૨ સામે એફઆઈઆર**

જંતર મંતરમાં પ્રવેશ કરવા બદલ દિલ્હી પોલીસે કોકરોચ જનતા પાર્ટીના સૌરવ દાસ, આશુતોષ રાંકા અને અન્ય ૧૨ લોકોની સામે એફઆઈઆર દાખલ કરી છે. કોકરોચ જનતા પાર્ટીના ૧૧ લોકોની અટકાયત કરાઈ હતી. સવારે અટકાયત થયા બાદ પોલીસ દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# આશુતોષ, સૌરવ સહિતના લોકોએ થોડા સમય માટે ધરણાં સુત્રોચ્ચાર કર્યા, પોલીસે તમામની અટકાયત કરી લીધી

# વિજય ના થાય ત્યાં સુધી વિરોધ થતો રહેશે : રાહુલના ઘરે વિપક્ષના નેતાઓની ચા પર ચર્ચા બાદ જાહેરાત

## સીજેઆઈની ટિપ્પણી બાદ હવે મખ્ખી જનતા પાર્ટી : ૭૨ કલાકમાં ત્રણ લાખ ફોલોઅર્સ

નવી દિલ્હી, તા. ૧૩

કોકરોચ બાદ હવે માખી નામની પાર્ટીનું સોશિયલ મીડિયા પર એક પેજ ભારે ચર્ચામાં છે.

તાજેતરમાં જ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે માખીને મારવા માટે હથોડાનો ઉપયોગ ના કરાય. દિલ્હીમાં બધુ બંધ કરવા મુદ્દે આ ટિપ્પણી તેમણે કરી હતી. જોકે અગાઉ કોકરોચ અંગેની ટિપ્પણી બાદ કોકરોચ જનતા પાર્ટી રચાઈ અને દેશભરમાં દેખાવો થયા, એવી જ રીતે હવે માખી અંગે સીજેઆઈની ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર મખ્ખી જનતા પાર્ટી બનાવાઈ છે. જેના ૭૨ કલાકમાં જ ત્રણ લાખ ફોલોઅર્સ થઈ ગયા હતા. મુખ્ય ન્યાયાધીશે પ્રદર્શનકારીઓને રોકવા માટે દિલ્હી પોલીસ દ્વારા અનેક મેટ્રો સ્ટેશનો બંધ કરવાને લઈને આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે માખીને મારવા હથોડાનો ઉપયોગ ના કરાય.

## પાક.ના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સે જુઠ્ઠાણુ ફેલાવ્યું : દિલ્હી પોલીસ

દિલ્હીમાં તાજેતરમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોને લઈને દિલ્હી પોલીસે ચાર એફઆઈઆર દાખલ કરી છે. જેમાં દાવો ચાર સોશિયલ મીડિયા એકાઉન્ટ સંચાલકોને આરોપી બનાવાયા છે. સાથે જ દાવો કરવામાં આવ્યો છે કે આ સોશિયલ મીડિયા એકાઉન્ટમાંથી કેટલાક પાકિસ્તાનથી ઓપરેટ થાય છે અને દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો અંગે જુઠાણા ફેલાવે છે, ભારત વિરોધી માહિતી જાહેર કરીને કાયદો વ્યવસ્થાને બગાડવા પ્રયાસો કરી રહ્યા છે. દિલ્હી પોલીસના અધિકારીઓના જણાવ્યા મુજબ ૧૦મી ઓક્ટોબરના સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવ્યો હતો કે વિરોધ પ્રદર્શનોમાં કેટલાક લોકો માર્યા ગયા છે. આવા દાવા કરનારા પાકિસ્તાનના સોશિયલ મીડિયા એકાઉન્ટને ભારતમાં ડિએક્ટિવેટ કરવામાં આવ્યા હતા. સોમવારે પણ દિલ્હી પોલીસે કહ્યું હતું કે સોશિયલ મીડિયા પર જુઠી માહિતી ફેલાવનારા સામે આકરા પગલા લેવામાં આવશે.

### દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

દિલ્હી આવી રહ્યા છે.

**વિદ્યાર્થી પ્રદર્શનોનો નિવડો લાવવા કિરણ બેદીની ફોર્મ્યુલા**

દિલ્હીમાં વારંવાર વિદ્યાર્થી અને યુવાનોના વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. પ્રદર્શનનો નિવડો કઈ રીતે લાવવો એની સમજણ સરકારને પડતી નથી. સરકાર જો કડકાઈ બતાવે તો સુપ્રિમ કોર્ટ વાંધો લે છે અને જો હળવાશથી કામ કરે છે તો સરકારની બેઈજ્જતી થાય છે. આવી પરિસ્થિતિમાં ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી કિરણ બેદીએ એક ઉપાય બતાવ્યો છે. કિરણ બેદીએ આ માટે સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સ (સીડીવી)નો ઉપયોગ કરવાની સલાહ આપી છે. એમના કહેવા પ્રમાણે આ વોલિયેન્ટર્સને સૌથી આગળ રાખવા જોઈએ જ્યારે તોફાનો કાબુમાં રાખતી પોલીસને એમની સુરક્ષા માટે રાખવી જોઈએ. બેદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, સિવિલ ડિફેન્સ વોલિયેન્ટર્સ બીએસએફની માફક પ્રથમ સુરક્ષા પંક્તિમાં રહીને કામગીરી કરી શકે છે. આ વોલિયેન્ટર્સ પાસે લાકડીઓ હોવી જોઈએ નહીં.

**સુપ્રિમ કોર્ટ પરિસરમાં ભીડ ભેગી કરવા સામે અરજી**

સુપ્રિમ કોર્ટ પરિસરમાં સોમવારે રાત્રે વિરોધપક્ષના નેતાઓ પહોંચ્યા પછી મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. હવે આ મામલો કોર્ટમાં પહોંચ્યો છે. આ ઘટના બાબતે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. સિનિયર એડવોકેટ ગૌરવ ભાટીયા અને મહેશ જેઠમલાણીએ સીજેઆઈ સૂર્યકાંત સામે આ મામલે જલ્દી સુનાવણી કરવાનો આગ્રહ રાખ્યો છે. સીજેઆઈએ આ અરજીની સુનાવણી ૧૫મી ઓક્ટોબરે કરવા સહમતી બતાવી છે. સોમવારે રાત્રે જ્યારે વિરોધપક્ષના નેતાઓ પોતાના સમર્થકો સાથે સુપ્રિમ કોર્ટના પરિસરમાં પ્રવેશ્યા હતા ત્યારે હોબાળો થઈ ગયો હતો. સીજેઆઈ સૂર્યકાંતને નિશાન બનાવીને કેરળ કોંગ્રેસે સોશ્યલ મીડિયા પર મૂકેલી પોસ્ટ બાબતે કોર્ટના અવમાનનાની કાર્યવાહી કરવાનું પણ અરજીમાં કહેવાયું છે. સુપ્રિમ કોર્ટના વકીલ વિનીંત જિંદલે જરૂરી કાર્યવાહી કરવા સીજેઆઈને આગ્રહ કર્યો છે. સુપ્રિમ કોર્ટ પરિસરમાં વિરોધપક્ષના નેતાઓએ જે સુત્રોચ્ચાર કર્યા હતા એની તપાસ કરવાની માંગણી પણ કરવામાં આવી છે.

**ચાર રાજ્યના રાજ્યપાલ બદલાયા, ફાયદો શું?**

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મૂએ દેશના કેટલાક રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂક કરી છે. સિક્કીમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરને કેરળના નવા રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તામિલનાડુની જવાબદારી સોંપાઈ છે.

આ સિવાય વ્રજ મોહન રામને ઓડિસા, ડો. સુધા યાદવને કર્ણાટક અને ડો. ઢાલ સિંહ બીસેનને ઉત્તરાખંડના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. દુષ્યંત ગૌતમ સિક્કીમના રાજ્યપાલ બન્યા છે. ગોવા વિધાનસભાના અધ્યક્ષ રહી ચૂકેલા આર્લેકર આ પહેલા હિમાચલ પ્રદેશ અને બિહારના રાજ્યપાલ રહી ચૂક્યા હતા. આપણા દેશના બંધારણ પ્રમાણે રાજ્યપાલના પાવર મર્યાદીત છે. એમનો મોભો અને માનપાન ઊંચા હોય છે, પરંતુ છેવટે તો એમણે કેન્દ્ર સરકારની કઠપૂતળી તરીકે જ કામ કરવું પડે છે.

**સાગરીકા ઘોષનો ખુલાસો, સીજેઆઈનું રાજીનામું કોઈએ માંગ્યું નથી**

કેરળ કોંગ્રેસએ દેશના મુખ્ય ન્યાયાધીશનું રાજીનામું માંગ્યા પછી બીજા કેટલાક વિરોધપક્ષોએ પોતાની અસહમતી દર્શાવી છે.

તૃણમુલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને પક્ષના ઉપપ્રમુખ સાગરીકા ઘોષએ કહ્યું છે કે, એમનો પક્ષ અને ઈન્ડિયા ગઠબંધનના બીજા પક્ષો પણ સીજેઆઈનું રાજીનામું માંગવાના પક્ષમાં નથી. સાગરીકા ઘોષએ સોશ્યલ મીડિયા પર લખ્યું છે કે, પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને ન્યાયતંત્ર પર પૂરો વિશ્વાસ છે. જો કોઈ પક્ષ આવી માંગણી કરતો હોય તો એને તૃણમુલ કોંગ્રેસનો ટેકો નથી. ઘોષએ અપેક્ષા રાખી છે કે ન્યાયતંત્ર બંધારણની રક્ષા કરશે અને દેશના દરેક નાગરીકના અધિકારોની સુરક્ષા પણ નક્કી કરશે. એમનું કહેવું છે કે ન્યાય તમામ સાથે કોઈ ડર કે પક્ષપાત વગર થવો જોઈએ. વિવાદ વધતા જોકે કેરળ કોંગ્રેસએ પોતાની પોસ્ટ હટાવી દીધી છે.

**મહિલા પત્રકારોની થયેલી મારપીટ બાબતે સુપ્રિમ કોર્ટ નારાજ**

દિલ્હીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોના કવરેજ વખતે કેટલીક મહિલા પત્રકારોને માર માર્યો હોવાની વાત સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી હતી. સીજેઆઈ સૂર્યકાંતએ આ બાબતે દિલ્હી પોલીસના એક સિનિયર અધિકારીને રૂબરૂ હાજર થઈને આરોપોનો જવાબ આપવા કહ્યું હતું. કેસની સુનાવણી ગુરુવારે રાખવામાં આવી છે. સીજેઆઈ સૂર્યકાંત સામે સિનિયર એડવોકેટ ઈન્દિરા જયસિંહે નેટવર્ક ઓફ વિમેન ઈન મીડિયા, ઈન્ડિયા (એનડબ્લ્યુએમઆઈ)ની અરજીનો ઉલ્લેખ કર્યો હતો. વિરોધ પ્રદર્શનનું કવરેજ કરી રહેલા પત્રકારો અને મહિલાઓની સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા કરવાની માંગણી પણ કરવામાં આવી હતી. સીજેઆઈએ કહ્યું હતું કે, પોલીસે આ આરોપનો જવાબ આપવો જોઈએ. ઈન્દિરા જયસિંહે કોર્ટને કહ્યું હતું કે આ બાબતે સોલીસીટર જનરલને પહેલા પણ સૂચના આપવામાં આવી છે.

**પંજાબ કોંગ્રેસના નવા પ્રમુખ સામે પણ રાજકીય કાવાદાવા**

પંજાબ કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ પરગટ સિંહ સામે ભૂતપૂર્વ પીસીસી પ્રમુખ અમરિંદર સિંહ રાજા વડીંગ બળવો કરે એવી શક્યતા છે. વડીંગે એમને હોદ્દા પરથી દુર કરનાર ગણાતા નેતાઓ વિરુદ્ધ બદલો લેવાનું નક્કી કર્યું છે. પક્ષમાં બદલાતા સમીકરણો વચ્ચે લુધિયાણાના સાંસદ પોતાની રાજકીય તાકાત બતાવવા સમર્થકોને સાથે લાવી રહ્યા છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીના નજીકના નેતાઓનો વધતો પ્રભાવ અને ભૂપેશ બધેલની જગ્યાએ સચીન પાયલટને પંજાબના પ્રભારી બનાવાયા પછી વડીંગે પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરવાના પ્રયત્નો કર્યા છે. દિલ્હીમાં વડીંગે પંજાબ કોંગ્રેસના નેતૃત્વ સાથે જોડાવાને બદલે પોતાના રહેઠાણે સમર્થકોની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કેટલાક જિલ્લા પ્રમુખો અને ભૂતપૂર્વ ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા.

### કોકરોચ પાર્ટીના

(પહેલા પાનાનું ચાલુ)

ત્યાં જ ધરણા પર બેસી ગયા હતા, જોકે પોલીસ દ્વારા બાદમાં તમામની અટકાયત કરવામાં આવી હતી.

વોટ ચોરી મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે દિલ્હીમાં આંદોલનો ચાલી રહ્યા છે, એવામાં આંદોલન માટે પ્રખ્યાત જંતર મંતરને હવે મંજૂરી માટેના સ્થળોમાંથી બાદ કરી દેવાયું છે. જેને પગલે મંગળવારે કોકરોચ જનતા પાર્ટીના આશુતોષ રાંકા, સૌરવ દાસ વગેરે પોલીસ અને સુરક્ષાદળોથી બચીને જંતર મંતરનો ગેટ પાર કરીને અંદર પ્રવેશ્યા હતા. કોકરોચ પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ કહ્યું હતું કે જંતર મંતર નામનો કિલ્લો અમે ફરી કબજે કરી લીધો છે અને ત્યાં તિરંગો ફરકાવી દીધો છે. જ્યારે જ્ઞાનેશ કુમાર સામે વિરોધ પ્રદર્શનો દરમિયાન મહિલાઓ સાથે પોલીસ દ્વારા મારપીટ કરાઈ હોવાના આરોપો સાથે એનએસયુઆઈ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું, કનોટ પ્લેસ પોલીસ સ્ટેશનની બહાર એનએસયુઆઈના કાર્યકર્તાઓ એકઠા થયા હતા અને સુત્રોચ્ચાર કર્યા હતા. એનએસયુઆઈની મહિલા નેતાને મહિલા પોલીસકર્મી દ્વારા વાળ પકડીને ઘસડવામાં આવી હતી. જેનો વીડિયો વાયરલ થયા બાદ એનએસયુઆઈના કાર્યકર્તાઓ રોષે ભરાયા હતા. સિવિલ સોસાયટીના લોકો અને ઈન્ડિયા ગઠબંધનના નેતાઓએ રાહુલ ગાંધીના ઘર પર મીડિયા સાથે વાત કરી હતી.

## જંતર મંતર કિલ્લો ફરી કબજામાં લઈ લીધો છે : અભિજિત દિપકે



રાહુલે કહ્યું હતું કે વોટચોરીમાં સામેલ હશે તેને છોડવામાં નહીં આવે. આ વિરોધ પ્રદર્શનો નહીં અટકે. રાહુલ ગાંધીએ વિપક્ષના નેતાઓ, સામાજિક કાર્યકર્તાઓને પોતાના ઘરે ચા નાસ્તા માટે આમંત્રણ આપ્યું હતું. જેમાં કોંગ્રેસ ઉપરાંત ડાબેરી પક્ષના નેતાઓ, ટીએમસી, સમાજવાદી પાર્ટીના નેતાઓ સામેલ હતા.

### લદાખ પર

(પહેલા પાનાનું ચાલુ)

ક્યારેય માન્યતા આપી નથી. બીજીબાજુ ભારતે ચીનને બેધડક પ્રતિક્રિયા આપતા કહ્યું કે, લદાખ હંમેશા ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે. ચીનના ઈનકારથી આ સ્થાપિત સત્ય બદલાઈ શકશે નહીં.

લદાખના ૨૮ વ્યૂહાત્મક સ્થળોના નામ અને ભૌગોલિક વિશેષતા જાહેર કરવાના ભારતના પગલાંનો વિરોધ કરતા ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે, ચીને ભારતીય પક્ષ દ્વારા એકતરફી અને ગેરકાયદે રીતે બનાવાયેલા તથાકથિત લદાખ કેન્દ્રશાસિત પ્રદેશને ક્યારેય માન્યતા આપી નથી અને તે ભારતીય પક્ષ દ્વારા જગ્યાઓના તથાકથિત સ્ટાન્ડર્ડ નામ જાહેર કરવાના પગલાંનો આકરો વિરોધ કરે છે.

ચીન-ભારત સરહદનો પશ્ચિમી હિસ્સો હંમેશા ચીનનો રહ્યો છે. ભારતે બે ઓક્ટોબરે તેના સત્તાવાર નકશા પર લદાખમાં ૨૮ વ્યૂહાત્મક સ્થળો અને ભૌગોલિક વિશેષતાઓની ઓળખ જાહેર કરી હતી, જેમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક તણાવવાળા મુખ્ય વિસ્તારો જેમ કે ગોગરા અને હોટ સ્પ્રિંગ્સનો સમાવેશ થાય છે.

ચીનના વિદેશ મંત્રાલયના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, કેન્દ્રશાસિત પ્રદેશ લદાખ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે તે વાતનો પુનરોચ્ચાર કરવામાં આવે છે. ચીનના ઈનકાર કરવાથી વાસ્તવિકતા બદલાતી નથી.

### સુપ્રીમે

(પહેલા પાનાનું ચાલુ)

છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઓળખપત્રની જે કોપી રજુ કરાઈ છે તે ઝાંખી છે.

મંગળવારે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત સમક્ષ આ પિટિશનની સુનાવણીનો મુદ્દો ઉઠાવાયો હતો, જવાબમાં મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે જે પણ ખામીઓ છે તેને સુધારવામાં આવે પછી અમે સુનાવણી કરીશું. આ પિટિશનમાં રાહુલ ગાંધી પણ પક્ષકાર છે.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### હૈદરાબાદમાં બેટિંગ ફ્રેન્ડલી પીચ પર હાઈસ્કોરિંગ મુકાબલાની આશા

## આજે વિન્ડિઝ સામે ચોથી ટી-૨૦ : ભારતને ઘરઆંગણે સળંગ ૧૨મી શ્રેણી જીતવાની તક

હૈદરાબાદ, તા.૧૩

ટીમ ઈન્ડિયા વધુ એક ટી-૨૦ શ્રેણી જીતી લેવાના ઈરાદા સાથે આવતીકાલે હૈદરાબાદમાં રમાનારી ચોથી મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. શ્રેયસ ઐયરની ટીમે બેટિંગ અને બોલિંગમાં સુધારા સાથે આત્મવિશ્વાસ દર્શાવતા ત્રીજી ટી-૨૦ જીતી લીધી હતી. હવે ભારત વિનિંગ કોમ્બિનેશનમાં કોઈ પણ પ્રકારની છેડછાડ કર્યા વિના જ ચોથી મેચમાં ઉતરશે તેમ લાગી રહ્યું છે. ટીમ ઈન્ડિયાને આવતીકાલે ઘરઆંગણે સળંગ ૧૨મી દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણી જીતવાની આશા છે. જ્યારે શૅ હોપના નેતૃત્વ હેઠળની વિન્ડિઝની ટીમે લડાયક દેખાવ સાથે જીતવાનો આત્મવિશ્વાસ દેખાડ્યો છે અને તેઓ શ્રેણીને જીવંત રાખવા માટે પ્રયાસ કરશે.

હૈદરાબાદના ઉપ્પલમા આવતીકાલે સાંજે ૭.૦૦ વાગ્યાથી મુકાબલો શરૂ થશે. ટીમ ઈન્ડિયાએ ટી-૨૦ શ્રેણીના પ્રથમ મુકાબલામાં આઠ વિકેટથી જીત હાંસલ કરી હતી. જોકે બીજી મેચમાં વિન્ડિઝની ટીમે ભારતને આંચકો આપતાં છ વિકેટથી વિજય મેળવ્યો હતો. ત્રીજા મુકાબલામાં ભારતે હાઈસ્કોરિંગ મેચના રોમાંચ બાદ ૧૪ રનથી વિન્ડિઝને હરાવ્યું હતુ.

**હાઈસ્કોરિંગ મુકાબલાની પ્રબળ શક્યતા**

હૈદરાબાદના ઉપ્પલમાં આવેલા સ્ટેડિયમમાં હાઈસ્કોરિંગ મુકાબલાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ મેદાન પર ભૂતકાળમાં ૨૦૮ તેમજ





૧૮૨નો ટાર્ગેટ ચેઝ થયા છે.આ મેદાન પર ૨૦૨૪માં રમાયેલી ટી-૨૦માં બાંગ્લાદેશ સામે ભારત ૩૦૦ રન નોંધાવવાની નજીક પહોંચી ગઈ હતી અને આખરે આઈસીસીના બે પૂર્ણકાલીન સભ્ય દેશો વચ્ચે રમાયેલી ટી-૨૦ના ઈતિહાસમાં ૨૯૭/૬ સાથે ભારતે સેકન્ડ હાઈએસ્ટ સ્કોર કર્યો હતો.

**ભારત વિનિંગ કોમ્બિનેશનને જારી રાખી શકે**

ભારતીય ટીમ મેનેજમેન્ટ વિનિંગ કોમ્બિનેશનમાં હાલના તબક્કે કોઈ પરિવર્તન કરે તેવી શક્યતા નથી. શ્રેણીમાં અભિષેક અને સંજુ સેમસને આગવો પ્રભાવ પાડતી બેટિંગ કરી છે. આ કારણે ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીનો ઈંતજાર હજુ લંબાશે તેમ લાગી રહ્યું છે. શ્રેયસ ઐયર તેમજ કિશન સહિતના બેટ્સમેનોએ પણ આગવો પ્રભાવ પાડ્યો છે. નિતિશ કુમાર રેડ્ડી તેમજ નમન ધીર અને અક્ષર પટેલ ટીમમાં સ્થાન જાળવી રાખવા માટે ફેવરિટ છે. બોલિંગમાં પણ પરિવર્તનની શક્યતા નથી.

**હૈદરાબાદમાં સતત ચોથી ટી-૨૦ જીતવાની આશા**

**ટીમ ઈન્ડિયાની જીતનો રેકોર્ડ હૈદરાબાદમાં ૧૦૦ ટકા રહ્યો છે. ભારત આ મેદાન પર ૨૦૧૯ થી અત્યાર સુધીમાં કુલ ત્રણ ટી-૨૦ રમ્યું છે અને ત્રણેયમાં ભારતે વિજય મેળવ્યો છે. ૨૦૧૯માં છઠ્ઠી ડિસેમ્બરે રમાયેલી મેચમાં ભારતે વિન્ડિઝ સામે જ છ વિકેટથી વિજય મેળવ્યો હતો. આ પછી ૨૦૨૨માં રમાયેલી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને છ વિકેટથી પરાજય આપ્યો હતો. છેલ્લે ૨૦૨૪મા ૧૨મી ઓક્ટોબરે રમાયેલી હાઈસ્કોરિંગ મેચમાંભારતે ૨૯૭/૬નો સ્કોર ખડક્યો હતો અને બાંગ્લાદેશ સામે ૧૩૩ રનથી વિજય મેળવ્યો હતો. હવે ભારત સતત ચોથી જીતની આશા સાથે આવતીકાલે ઉતરશે.**

**વિન્ડિઝની ટીમને શેફર્ડની ઈજાની ચિંતા**

શૅ હોપની આગેવાની હેઠળની વિન્ડિઝની ટીમે ભારત પ્રવાસમાં વન ડે બાદ ટી-૨૦ની શ્રેણીમાં પણ ભારે આત્મવિશ્વાસ સાથે રમતાં વર્લ્ડ ચેમ્પિયન ટીમ પર દબાણ સર્જ્યું હતુ. હવે તેઓ આ સિલસિલો જારી રાખવાનો પ્રયાસ કરશે. બીજી ટી-૨૦માં ઈજાગ્રસ્ત બનેલા શેફર્ડને ત્રીજી મેચમાં તક મળી નહતી. હવે તે આવતીકાલે ફિટનેસ મેળવી લે છે કે નહીં તે જોવાનું રહેશે. ટીમમાં આ સિવાય કોઈ પરિવર્તન કરવામાં આવે તેવી શક્યતા નથી.

ભારત (સંભવિત) : અભિષેક શર્મા, સેમસન (વિ.કી.), કિશન, શ્રેયસ અય્યર, તિલક, ધીર, નિતિશ, અક્ષર પટેલ, પ્રિન્સ યાદવ, મયંક યાદવ, અર્ષદીપ સિંઘ.

વિન્ડિઝ (સંભવિત) : શૅ હોપ (કેપ્ટન, વિ.કી.), કામિલ પૂરણ, હેટમાયર, પોવેલ, રુથરફોર્ડ, શેફર્ડ/ સેમ્પસન, ચેઝ, સ્પ્રિંગર, કીમો પોલ, શૅમાર જોસેફ, મોતી.

**સાંજે ૭.૦૦થી મેચ : વિન્ડિઝની ટીમ શ્રેણી જીવંત રાખવા માટે ઝઝુમશે : વૈભવને હજુ પણ રાહ જોવી પડે તેવી સ્થિતિ**

### વિવાદિત પેરા શૂટર કોચ જય પ્રકાશ નૌટિયાલની હકાલપટ્ટી

## જાપાન પેરા એશિયન ગેમ્સમાં ભારતના ૧૬૬ ખેલાડીઓ મેડલ જીતવા ઉતરશે

નવી દિલ્હી, તા.૧૩

જાપાનમાં શરૂ થઈ રહેલી પેરા એશિયન ગેમ્સમાં ભારતના કુલ મળીને ૧૬૬ ખેલાડીઓ મેડલ જીતવાના ઈરાદા સાથે વિવિધ સ્પર્ધામાં ઉતરશે. પેરા શૂટિંગ ટીમની પસંદગીના વિવાદમાં સપડાયેલા કોચ જય પ્રકાશ નૌટિયાલને પડતા મૂકવામાં આવ્યા છે. ભારતે આ ખેલાડીઓની સાથે ૯૪ ટીમ ઓફિશિઅલ્સ અને ૧૫ કન્ટીજન્ટ સભ્યો પણ મોકલવાનું નક્કી કર્યું છે. જાપાનમાં એશિયન ગેમ્સનું આયોજન સંપન્ન થઈ ગયું છે. હવે પેરા એશિયન ગેમ્સ તારીખ ૧૮મી ઓક્ટોબરથી ૨૪મી ઓક્ટોબર દરમિયાન યોજાવાના છે.

અગાઉ પેરા એશિયન ગેમ્સની ટીમનો સત્તાવાર વિદાય સમારંભ તારીખ ૮મી ઓક્ટોબરે યોજાયો હતો. જોકે આ દરમિયાન બે પેરા શૂટરોએ વિરોધ પ્રદર્શન કર્યું હતુ અને આરોપ મૂક્યો હતો કે, કોચ નૌટિયાલે અમને કહ્યું હતુ કે, જો તમે તમને મળનારી ઈનામની રકમમાંથી અમુક રકમ મને આપશો તો હું તમારી ટીમમાં પસંદગી થાય તેનું ધ્યાન રાખીશ. અલબત્ત, બંને શૂટરોએ તેનો ઈનકાર કર્યો હતો અને તેમની પસંદગી ટીમમાં કરવામાં આવી નહતી.

વિવાદ પછી નૌટિયાલને દૂર કરીને ભારતના પેરા શૂટિંગના કોચ તરીકે લાંબો સમય સેવા આપનાર જીવન એલ. રાયને પેરા એશિયન ગેમ્સ માટેની ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતીય પેરા ખેલાડીઓ કુલ મળીને ૧૦ સ્પર્ધામાં ભાગ



લેવાના છે. ભારતીય ટીમમાં ખેલાડીઓ અને ઓફિશિઅલ્સ તેમજ સ્ટાફના સભ્યો મળીને કુલ ૨૭૫ વ્યક્તિઓ જાપાન જવાના છે.

ભારતની જાપાન પેરા એશિયન ગેમ્સની ટીમમાં સૌથી મોટી સંખ્યામા પેરા એથ્લેટિક્સના ખેલાડીઓ છે. ભારતે ૧૬ મહિલા અને ૪૬ પુરુષ એમ કુલ મળીને ૬૨ પેરા એથ્લીટ્સને જાપાન એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે મોકલવાનો નિર્ણય લીધો છે. જ્યારે સપોર્ટ સ્ટાફના કુલ ૩૬ સભ્યો છે.

વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનારી પ્રજ્ઞાચક્ષુ એથ્લીટ સિમરનનો અગાઉનો સાથી દોડવીર (ગાઈડ) ઉમર સૈફીડોપિંગમાં પકડાયો હતો. હવે તે નવા ગાઈડ શિવમ સાથે એશિયન ગેમ્સમાં ભાગ લેશે. પ્રજ્ઞાચક્ષુ ખેલાડીની સાથે એક ખેલાડી પણ દોડતો હોય છે, જેને ગાઈડ કહેવામાં આવે છે. પેરા એથ્લીટે ગાઈડના હાથમાં બાંધેલી દોરડા જેવી ચીજ પકડીને દોડવાનું હોય છે.

પેરા સાઈક્લિંગમાં પણ પસંદગી ન પામેલા સાઈક્લિસ્ટે વિરોધ પ્રદર્શન કર્યા હતા. જોકે છેલ્લી ઘડીએ કોઈને ટીમમાં તક મળી નહતી. સાઈક્લિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને પેરાલિમ્પિક કમિટિ ઓફ ઈન્ડિયાએ છ સાઈક્લિસ્ટની પસંદગી એશિયન ગેમ્સ માટે કરી હતી. જોકે ખેલ મંત્રાલયે એકમાત્ર પેરાલિમ્પિયન સાઈક્લિસ્ટ અર્ષદ શાઈકને જ તક આપવાનો નિર્ણય લીધો હતો.

**૧૮મી ઓક્ટોબરથી જાપાનમાં પેરા એશિયન ગેમ્સ શરૂ થશે ખેલાડીઓ સાથે ૯૪ ઓફિશિઅલ અને ૧૫ અન્ય સભ્યો પણ જોડાશે**

### ગિલ અને શેફાલી પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીત્યા

દુબઈ : ભારતીય વન ડે ટીમનો કેપ્ટન શુભ્મન ગિલ અને ભારતની આક્રમક મહિલા ઓપનર શેફાલી વર્માએ આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડ જીતી લીધા હતા. ગિલે રેકોર્ડ પાંચમી વખત આ ખિતાબ હાંસલ કર્યો હતો. સપ્ટેમ્બર મહિનાના દેખાવને આધારે આ એવોર્ડ આપવામાં આવ્યા હતા. ગિલે વિન્ડિઝ સામે ૧૧૦ અને ૨૨૩નો સ્કોર કર્યો હતો. શેફાલીએ ભારતને એશિયા કપ અને એશિયન ગેમ્સમાં ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

### યુવરાજ દિલ્હી કેપિટલ્સના સપોર્ટ સ્ટાફમાં સામેલ

નવી દિલ્હી : ભારતના ભૂતપૂર્વ દિગ્ગજ સુપરસ્ટાર યુવરાજ સિંઘને દિલ્હી કેપિટલ્સની ટીમના સપોર્ટ સ્ટાફમાં બેવડી જવાબદારી સોંપવામાં આવી છે. દિલ્હીએ યુવરાજને આસીસ્ટન્ટ કોચની સાથે બેટિંગ કોચની જવાબદારી સોંપી છે. દિલ્હીએ ટીમના નવા હેડ કોચ તરીકે સૌરવ ગાંગુલીની નિયુક્તિ કરી હતી. ટીમના કેપ્ટન તરીકે રિષભ પંતે કમબેક કર્યું છે.

### યુનુસ એશિયાડમાં ત્રણ મેડલ જીતનારા ગુલવીર કોચ હતા

## ભારતના એથ્લટિક્સ કોચ યુનુસ ખાન સસ્પેન્ડઃ ડોપિંગના મામલે કાર્યવાહી

નવી દિલ્હી : ભારતીય એથ્લેટિક્સમાં આગવી ઓળખ ધરાવતા અને આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટીટ્યૂટમાં મધ્યમ અને લાંબા અંતરની દોડના કોચ તરીકેની જવાબદારી સંભાળી રહેલા યુનુસ ખાનને ડોપિંગના મામલે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ભારતની નેશનલ એન્ટી ડોપિંગ એજન્સીએ યુનુસની સામે ડોપિંગના નિયમોના ભંગમાં સહભાગી થવાનો આરોપ મૂકવાની સાથે આ કાર્યવાહી કરી છે. યુનુસ ખાનના માર્ગદર્શનમાં જ જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ત્રણ મેડલ જીતનારા ભારતીય એથ્લીટ ગુલવીર સિંઘની કારકિર્દીની શરુઆત થઈ હતી.તેમની સલાહ પર જ મેરેથોનમાં ભાગ લેવાનું શરુ કરનારા સાવન બેરવાલે જાપાન એશિયન ગેમ્સમાં ૪૮ વર્ષ જૂનો નેશનલ રેકોર્ડ તોડીને મેડલ જીત્યો હતો.



**યુનુસ આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટીટ્યૂટમાં મધ્યમ અને લાંબા અંતરની દોડના હેડ કોચ છે**

નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (નાડા)એ યુનુસ ખાન સામે કરેલી કાર્યવાહી અંગે કોઈ ચોક્કસ વિગતો જાહેર કરી નથી. જોકે તેમની સામે એન્ટી ડોપિંગના આર્ટિકલ ૨.૯ અંતર્ગત પગલા લેવામાં આવ્યા છે. જે નિયમ એથ્લીટ કે અન્ય વ્યક્તિને ડોપિંગના નિયમોનો ભંગ કરવા માટે સહભાગી થવા અંગે કે સહભાગી થવાનો પ્રયાસ કરવા અંગેનો છે. ૨૮ વર્ષના યુનુસ ખાન ૨૦૧૭ સુધી લાંબા અંતરની દોડમાં ભાગ લેતા હતા અને તેઓએ નેશનલ ઈવેન્ટ્સમા મેડલ પણ જીત્યા હતા. યુનુસ ખાને ગુલવીર અને સાવન બેરવાલની સાથે એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીતનારા કાર્તિક કુમારની પ્રતિભાની ખોજ કરી હતી. કાર્તિકે ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં ૧૦૦૦૦ મીટરમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જોકે નવેમ્બર-૨૦૨૫માં કાર્તિકે અમેરિકાની એન્ટી ડોપિંગ એજન્સીએ મુકેલા ત્રણ વર્ષના પ્રતિબંધને સ્વીકારી લીધો હતો. તેના આઉટ ઓફ કોમ્પિટિશન ડોપ ટેસ્ટમાં પ્રતિબંધિત ડ્રગની હાજરી જોવા મળી હતી.

### બરોડાએ ગોવાની ટીમને ફોલોઓન કરી

## રણજી ટ્રોફી : ઓડિશાના ૩૨૪ના સ્કોર સામે ગુજરાતના પ્રથમ ઈનિંગમાં ૪૩૯

અમદાવાદ, તા.૧૩

વેદાંત ત્રિવેદીએ રણજી ટ્રોફીની ડેબ્યુ મેચમાં સદી ફટકારતાં ૧૦૮ રન નોંધાવ્યા હતા. તેની સાથે આર્ય દેસાઈના ૯૪ ઉપરાંત ઉર્વિલ પટેલના ૮૫ અને હર્ષલ પટેલના ૬૦ રનની મદદથી ગુજરાતે ઓડિશા સામે અમદાવાદમાં ચાલી રહેલી રણજી મેચમાં પ્રથમ ઈનિંગમાં ૧૧૫ રનની સરસાઈ મેળવી હતી. ૧૧૫ના દેવા સામે ઓડિશાએ ત્રીજા દિવસના અંતે ૧૧૯/૪નો સ્કોર કર્યો હતો. ગુજરાતને આવતીકાલે મેચના આખરી દિવસે આઉટરાઈટ વિજયની તક છે.



વેદાંત ત્રિવેદી

ગઈકાલના ૯૪ના સ્કોરથી આગળ રમતા વેદાંતે ૧૦૮ રન ૧૭૧ બોલમાં ૧૩ ચોગ્ગા ને એક છગ્ગા સાથે નોંધાવ્યા હતા. ઉર્વિલની આક્રમક ઈનિંગમાં ૭ છગ્ગા અને ચાર ચોગ્ગા સાથે ૮૫ રન માત્ર ૬૭ બોલમાં નોંધાયા હતા. હર્ષલે પાંચ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૬૦ રન કર્યા હતા. બાદલ બિસ્વાલે પાંચ વિકેટ ઝડપી હતી. ગુજરાતે ગઈકાલના ૨૦૫/૨ સ્કોરમાં વધુ ૨૩૪ રન ઉમેરતાં બાકીની વિકેટ ગુમાવી હતી. ઓડિશાએ બીજી ઈનિંગમાં ગુમાવેલી ચારમાંથી ત્રણ વિકેટ અર્ઝાન નાગવાસવાલાએ મેળવી હતી.

**મુંબઈ ઈનિંગથી જીત્યું, પણ મ્હાત્રેને ગંભીર ઈજા**

**વાનખેડે : મુંબઈની ટીમે અપેક્ષા પ્રમાણે ગોવાની ટીમને એક ઈનિંગ અને ૧૫૫ રનથી હરાવ્યું હતુ. મુંબઈના ૪૨૯ના સ્કોર સામે ગોવા ૭૮માં અને ફોલોઓન થયા બાદ બીજી ઈનિંગમાં ૧૯૬માં ખખડ્યું હતુ. બીજી ઈનિંગ મુલાની અને કોતિયને ત્રણ-ત્રણ અને તુષાર દેશપાંડેએ બે વિકેટ મેળવી હતી. જોકે મેચ દરમિયાન મુંબઈના યુવા બેટસમેન આયુષ મ્હાત્રેને ઈજા થઈ હતી અને તે પાંચ-છ સપ્તાહ સુધી નહીં રમી શકે તેવો ભય સેવાઈ રહ્યો છે.**

**બરોડાની ટીમને જીતવાની તક**

બરોડાએ પ્રથમ ઈનિંગ ૪૭૨/૮ રને ડિકલેર કરી હતી. જે પછી મહેશ પિઠિયાએ પાંચ અને ભાર્ગવ ભટ્ટે ચાર વિકેટ ઝડપતાં ગોવાની પ્રથમ ઈનિંગ ૭૧.૧ ઓવરમાં ૧૯૯માં સમેટાઈ હતી. આ પછી બરોડાએ ગોવાને ફોલોઓન કર્યું હતુ અને ગોવાએ ત્રીજા દિવસના અંતે ૧ વિકેટે ૩૫ રન નોંધાવ્યા હતા.

**સૌરાષ્ટ્રની ટીમની પણ નિર્ણાયક સરસાઈ**

સૌરાષ્ટ્રના ૩૯૨ સામે છત્તીસગઢે પ્રથમ ઈનિંગમાં ૧૨૧.૫ ઓવરમાં ૩૧૨નો સ્કોર કર્યો હતો. આ સાથે સૌરાષ્ટ્રે ૮૦ રનની નિર્ણાયક સરસાઈ મેળવી હતી. રવિન્દ્ર જાડેજાએ ત્રણ અને જયદેવ ઉનડકટ-ચેતન સાકરિયા-અંકુર પનવરે ૨-૨ વિકેટ મેળવી હતી. સૌરાષ્ટ્રે ત્રીજા દિવસના અંતે બીજી ઈનિંગમાં વિના વિકેટે ૪૫ રન નોંધાવ્યા હતા.

### હેઝલવૂડની છ વિકેટ : રેનશો પ્લેયર ઓફ ધ મેચ

## ઓસ્ટ્રેલિયાએ સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ૨૧૪ રનથી વિજય મેળવ્યો

ડરબન, તા.૧૩

હેઝલવૂડે ૪૯ રનમાં છ વિકેટ ઝડપીને સપાટો બોલાવતા ઓસ્ટ્રેલિયાએ આઠ વર્ષના ઈંતજારનો અંત આણ્યો હતો અને સાઉથ આફ્રિકાની ભૂમિ પર જ યજમાન ટીમ સામેની પ્રથમ ટેસ્ટમાં ૨૧૪ રનથી વિજય મેળવ્યો હતો. જીતવા માટેના ૪૨૧ રનના મુશ્કેલ પડકારનો પીછો કરતાં સાઉથ આફ્રિકાની બીજી ઈનિંગ ૮૬.૫ ઓવરમાં ૨૦૬ રનમાં સમેટાઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાની ટીમે આ અગાઉ ૨૦૧૮માં રમાયેલી ડરબન ટેસ્ટમાં વિજય મેળવ્યો હતો. જોકે ત્યાર બાદ તેઓ સાઉથ આફ્રિકાની ભૂમિ પર રમાયેલી સળંગ ત્રણ ટેસ્ટ હાર્યા હતા.

**બવુમાની ટેસ્ટ કેપ્ટન તરીકે પ્રથમ હાર**

**સાઉથ આફ્રિકાના ટેસ્ટ કેપ્ટન તરીકે ટેમ્બા બવુમાને પહેલીવખત હારનો સામનો કરવો પડ્યો હતો. બવુમાની કેપ્ટન્સીમાં સાઉથ આફ્રિકાની ટીમ સતત ૧૧ ટેસ્ટ મેચ જીતી હતી. આ ૧૨મી મેચમાં તેની કેપ્ટન તરીકેની વિજયકૂચ અટકી છે.**



રેનશૉને પ્રથમ ઈનિંગમાં ૧૯૦ અને બીજી ઈનિંગમાં ૮૨ રનની ઈનિંગ બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. તેણે બે વિકેટ પણ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાના ૩૯૦ના જવાબમાં સાઉથ આફ્રિકા પ્રથમ ઈનિંગમાં ૨૮૪ રન કરી શક્યું હતુ.

ઓસ્ટ્રેલિયાએ બીજી ઈનિંગ ૩૧૪/૬ પર ડિકલેર કરી હતી અને સાઉથ આફ્રિકાને ૪૨૧ રનનો પડકાર મળ્યો હતો. જેની સામે તેમણે ચોથા દિવસના અંતે ૧૦૨/૪નો સ્કોર કર્યો હતો.

**જીતવા માટેના ૪૨૧ના ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકા ૨૦૬ રનમાં ઓલઆઉટ**

આજે પાંચમા અને આખરી દિવસે સાઉથ આફ્રિકાએ ગઈકાલના સ્કોરમાં વધુ ૧૦૪ રન ઉમેરતાં બાકીની છ વિકેટ ગુમાવી હતી. માર્કરામે ૭૫, જાન્સેને ૩૫ અને મુલ્ડરે ૨૯ રન સાથે સંઘર્ષ કર્યો હતો. હેઝલવૂડે છ અને રેનશૉએ બે વિકેટ ઝડપી હતી. હેઝલવૂડની કારકિર્દીનો આ શ્રેષ્ઠ દેખાવ હતો.

## એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય પુરુષ હોકી ટીમના ચાર ખેલાડીઓ છેલ્લી વખત રમવા ઉતરશે



અમીત રોહિદાસ



જર્મનપ્રીત સિંઘ



નિલાકાંત શર્મા



મનદીપ સિંઘ

બેંગાલુરુ : ભારતની પુરુષ હોકી ટીમના ચાર સ્ટાર ખેલાડીઓ ચાલુ મહિનાના અંતમાં ઘરઆંગણે યોજાનારી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં આખરી વખત રમતાં જોવા મળશે. ભારતીય પુરુષ હોકી ટીમે ૨૦૨૮ના ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને તૈયારી શરુ કરી છે, ત્યારે મનદીપ સિંઘ, અમીત રોહિદાસ, જર્મનપ્રીત સિંઘ અને નિલાકાંત શર્મા એ જાહેરાત કરી છે કે, એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી તેમની કારકિર્દીની આખરી ટુર્નામેન્ટ બની રહેશે. ભારતીય ટીમ જાલંધરમાં ૨૭ ઓક્ટોબરથી પાંચ નવેમ્બર દરમિયાન યોજાનારી ટુર્નામેન્ટમાં હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ ઉતરશે.

### તન્વી શર્માનો પણ ત્રણ ગેમના સંઘર્ષ બાદ વિજય

## ડેનમાર્ક ઓપનમાં કિદામ્બી શ્રીકાંતની આગેકૂચ : લક્ષ્ય અને સિંધુ હારીને બહાર

ઓડેન્સ : ભારતના ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન બેડમિંટન ખેલાડી કિદામ્બી શ્રીકાંતે ડેનમાર્ક ઓપન સુપર ૭૫૦ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં ફ્રાન્સના મેર્કલ સામે ૨૨-૨૦, ૨૧-૧૯થી જીત હાસલ કરી હતી. શ્રીકાંત અગાઉ ૨૦૧૭માં ડેનમાર્કઓપન જીતી ચૂક્યો છે. જોકે ભારતના ટોચના સિંગલ્સ સ્ટાર્સ પી.વી. સિંધુ અને લક્ષ્ય સેન પ્રથમ મેચ જ હારીને બહાર ફેંકાયા હતા. લક્ષ્ય સેનનો વર્લ્ડ નંબર થ્રી અને છઠ્ઠો સીડ ધરાવતા તાઈપેઈના ચોઉ ટિઈન-ચેન સામે ભારે સંઘર્ષ બાદ ૨૧-૧૮, ૧૩-૨૧, ૨૧-૧૫થી પરાજય થયો હતો. જ્યારે પી.વી. સિંધુ મહિલા સિંગલ્સમાં જર્મનીની વોન્ને લી સામે ૧૩-૨૧, ૨૫-૨૩, ૨૧-૧૯થી હારીને બહાર ફેંકાઈ હતી. સિંધુ વર્લ્ડ રેન્કિંગમાં ૧૦માં અને વોન્ને લી છેક ૫૦માં ક્રમે છે. ભારતની તન્વી શર્માએ જાપાનની નિદાઈરાને ૨૧-૧૭, ૧૬-૨૧, ૨૧-૧૯થી મહાત આપી હતી.

**શ્રીલંકાએ ત્રીજી ટી-૨૦માં પાકિસ્તાનને ૮ વિકેટથી હરાવી શ્રેણીમાં વ્હાઈટવોશની નાલેશી અટકાવી**

## અફઘાનિસ્તાનની લડાયક બેટિંગ બાંગ્લાદેશ સામેની ટેસ્ટ ડ્રોમાં ખેંચી

અબુ ધાબી, તા.૧૩

અફઘાનિસ્તાને લડાયક બેટિંગ કરતાં બાંગ્લાદેશ સામેની એકમાત્ર ટેસ્ટ ડ્રોમાં ખેંચી હતી. જીતવા માટેના ૪૭૯ના ટાર્ગેટ સામે અફઘાનિસ્તાનનો સ્કોર ચોથા દિવસના અંતે ૧૩૨/૩ હતો. બાંગ્લાદેશ આખરી દિવસે છેલ્લી બે વિકેટ ઝડપી શક્યું નહતુ અને અફઘાન ટીમ ૩૪૬/૮નો સ્કોર કરતાં મેચ ડ્રો થઈ હતી. ઓપનર અતાલે ૩૩૨ બોલમાં ૯ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૧૧૧ રન ફટકાર્યા હતા. તે ચોથી ઈનિંગમાં સદી ફટકારનારો પ્રથમ અફઘાન બેટર બન્યો હતો. ૯માં ક્રમાંકના બેટર કૈસ અહમદે ૮૦ બોલમાં અણનમ ૪૯ અને ઝિયા ઉર રહમાને ૧૨ બોલમાં ૦* સ્કોર કરતાં આખરી તબક્કામાં સંઘર્ષ કર્યો હતો. અતાલે આઠ કલાક અને ૩૪ મિનિટ બેટિંગ કરી હતી. લિટ્ટનદાસ મેચમાં ૫૩ અને ૧૦૨ રનની ઈનિંગ તેમજ ૮ કેચ ઝડપીને પ્લેયર ઓફ મેચ જાહેર થયો હતો.



### હવે ઓસ્ટ્રેલિયાના ડે મિનોર સામે મુકાબલો

## ઝ્વેરેવ સાત વર્ષ બાદ શાંઘાઈ માસ્ટર્સની ક્વાર્ટર ફાઈનલમાં : બ્યુબીક બહાર ફેંકાયો

બેઈજિંગ, તા.૧૩

વર્લ્ડ નંબર વનનું સ્થાન નિશ્ચિત કરી ચૂકેલા જર્મનીના ટેનિસ સ્ટાર ઝ્વેરેવે ત્રણ સેટના ભારે સંઘર્ષમય મુકાબલામાં કઝાકિસ્તાનના બ્યુબિક સામે ૭-૬ (૮-૬), ૪-૬, ૭-૬ (૭-૧)થી વિજય મેળવ્યો હતો અને સાત વર્ષ બાદ શાંઘાઈ માસ્ટર્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. આ મુકાબલો બે કલાક અને ૩૭ મિનિટ ચાલ્યો હતો.



હવે ક્વાર્ટર ફાઈનલમાં ઝ્વેરેવનો મુકાબલો ઓસ્ટ્રેલિયાના ડે મિનોર સામે થવાનો છે. ડે મિનોરે સીધા સેટોમાં રશિયાના ખચાનોવની સામે ૬-૩ ,૬-૪થી જીત હાંસલ કરી હતી. ફ્રાન્સના ડે જેયાએ ચેક રિપબ્લીકના મેન્સિકને ૭-૬ (૭-૪), ૬-૪થી હરાવી આગેકૂચ કરી હતી. જેયાએ અગાઉ શેલ્ટનને મહાત આપી હતી.



ફ્રાન્સમાં હાઈસ્કૂલને લઈને આખા દેશમાં ચાલતા વિરોધ પ્રદર્શનો અટકવાનું નામ લેતા નથી. વિરોધ પ્રદર્શનો સામે સરકારનો કડક ટીચર જેવો અભિગમ ગમ્યો નથી. તોફાની બાળકો શિક્ષકને જેમ ઘોળીને પી જાય તેમ સરકારના આકરા વલણ છતાં ફ્રાન્સના લોકો ઝૂકવાનું નામ લેતા નથી અને સરકારનો બરોબરનો ક્લાસ લઈ રહ્યા છે. લોકોનું આ વિરોધ પ્રદર્શન સરકારનો દરરોજે જાણે કોઈ નવું જ લેસન આપે છે અને તેનું આગળનું બધુ હોમવર્ક જાણે નિષ્ફળ જઈ રહ્યુ લાગે છે. સરકારે આ પ્રકારના વિરોધ પ્રદર્શનોનો સામનો કરવા માટે નવા જ ક્લાસ લેવા પડશે તેમ લાગે છે.

### દિલ્હીમાં ડાબેરી વિદ્યાર્થી સંગઠનો આંદોલન કરાવી રહ્યા છે : નોમાની

# ફ્રાન્સમાં આંદોલન પાછળ ડાબેરી ઈસ્લામી સંગઠનો : અમેરિકી પત્રકાર

નવી દિલ્હી, તા. ૧૩

અમેરિકી પત્રકારે દાવો કર્યો છે કે ફ્રાન્સમાં હાલ શિક્ષણ બજેટમાં વધારો કરવા અને સ્કૂલોના રિપેરિંગની માગ સાથે યુવાનો રસ્તા પર ઉતર્યા છે અને હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે તેની પાછળ ડાબેરી અને ઈસ્લામી નેટવર્ક જવાબદાર છે. પ્રદર્શન કરનારાઓમાં સામેલ ૫૦ સંગઠનોમાં ૧૫ વિદ્યાર્થી કે યુવા સંગઠનો, ૩૫ ડાબેરી સંગઠનો સામેલ છે.

## ફ્રાન્સમાં અમેરિકન બિઝનેસમેન નેવિલ રોય સિંઘમ ફન્ડિંગ કરી રહ્યા છે, પેલેસ્ટાઈન સમર્થક જૂથો પણ સામેલ

અમેરિકન મીડિયા ફોક્સ ન્યૂઝે ફ્રાન્સમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોમાં જોડાયેલા ૫૦ જેટલા સંગઠનોની ઓળખ કરી હોવાનો દાવો કર્યો છે. જેમાં વધુમાં જણાવાયું છે આ વિરોધ પ્રદર્શનો પાછળ લેબર યુનિયન, કમ્યુનિસ્ટ, સમાજવાદી સંગઠનો અને રાજકીય પાર્ટીઓ સામેલ છે. રિપોર્ટમાં આંતરરાષ્ટ્રીય નેટવર્ક અને વિદેશી ફન્ડિંગના આરોપો પણ લગાવાયા છે, જે આ પ્રદર્શનોને આડકતરી રીતે મદદ કરી રહ્યા છે. સંગઠનોમાં મોટાભાગના ડાબેરી વિચારધારાવાળા, પેલેસ્ટાઈન સમર્થક જુથો પણ સામેલ છે.

અમેરિકન પત્રકાર અસ્રા નોમાનીએ ડાબેરી અને સામાજિક સંગઠનોને લઈને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી, જેમાં તેણે દાવો કર્યો હતો કે કેટલીક વિચારધારા સાથે સંકળાયેલા લોકો વ્યાપક રીતે ડાબેરી વિચારધારાના એજન્ડા આગળ વધારી રહ્યા છે. જે માટે તેઓ યુવાનોના આંદોલનનો ઉપયોગ કરી રહ્યા છે. શંઘાઈમાં રહેતા અમેરિકી મૂળના બિઝનેસમેન નેવિલ રોય સિંઘમનો ઉલ્લેખ કરીને આ પત્રકારે દાવો કર્યો છે કે સિંઘમ સાથે જોડાયેલા લાખો ડોલરનો ઉપયોગ ભારતમાં પ્રોપેગંડા અને પ્રભાવ વધારવાના અભિયાનો માટે થઈ રહ્યો છે. અમેરિકન પત્રકારે દિલ્હીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો પાછળ ઓલ ઈન્ડિયા સ્ટૂડન્ટ એસોસિએશન, સ્ટૂડન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા જેવા સંગઠનોનો હાથ હોવાનો દાવો કર્યો હતો. સાથે જ કોકરોચ જનતા પાર્ટીનું નામ પણ લીધુ હતું. આ પત્રકારે લોકો પાસે ભારતમાં ડાબેરી વિચારધારા સાથે જોડાયેલા લોકો અને સંગઠનોની માહિતી માગી છે.

**ફ્રાન્સમાં વિરોધ કરી રહેલા ૫૦ સંગઠનોમાં ૧૫ વિદ્યાર્થી, ૩૫ ડાબેરી સંગઠનો, આગામી ટાર્ગેટ ભારત હોવાનો દાવો**

### ધર્મના પ્રચારથી સામેની વ્યક્તિની ધાર્મિક લાગણી દૂભવી તેમ કહેવાય નહીં

# ધર્માંતરણનો આગ્રહ કોઈની ધાર્મિક માન્યતાઓનું અપમાન નથી: હાઈકોર્ટ

નાગપુર, તા.૧૩

બોમ્બે હાઈકોર્ટે ઠરાવ્યું છે કે કોઈના ધર્માંતરણનો આગ્રહ રાખવો એ કોઈપણ વર્ગની ધા મક માન્યતાઓનું અપમાન નથી, અને એક દંપતીને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે દબાણ કરવાના આરોપમાં ચાર વ્યક્તિઓ સામેનો કેસ રદ કર્યો છે.

## વટાળ પ્રવૃત્તિ મુદ્દે એફઆઈઆર રદ : ૨૦૨૫માં ગુના વખતે મહારાષ્ટ્રમાં ધર્માંતરણ પ્રતિબંધનો કાયદો જ ન હતો

હાઈકોર્ટની નાગપુર બેન્ચના જસ્ટિસ એમ.ડબ્લ્યુ. ચંદવાણીએ નોંધ્યું હતું કે આરોપીઓ મોટાભાગે તેમના ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા પરંતુ તેમણે દેશના કોઈપણ વર્ગના નાગરિકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી ન હતી.

ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે આરોપીઓએ કહ્યું હતું કે તેઓ ફરિયાદી અને તેની પત્નીને દર મહિને પૈસા ચૂકવશે, તેમના બાળકોનો શૈક્ષણિક ખર્ચ ઉઠાવશે અને જો તેઓ હિન્દુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવવા સંમત થાય તો તેમના માટે ઘર પણ બનાવશે.

આરોપીઓએ દાવો કર્યો હતો કે ભારતના કોઈપણ વર્ગના નાગરિકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો તેમનો કોઈ દુષ્ટ ઈરાદો નહોતો અને તેમણે કોઈ ધર્મનું અપમાન કર્યું નથી.

અરજદારો ફક્ત તેમના ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા અને તેનો અર્થ એ નથી કે આમ કરીને, તેમણે કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી,એમ હાઈકોર્ટે જણાવ્યું હતું.

૯ ઓક્ટોબરના રોજ આપેલા આદેશમાં જણાવાયું છે કે, આરોપીઓ સામેનો કેસ એ છે કે તેમણે ફરિયાદી અને તેમની પત્ની પર હિન્દુ ધર્મ છોડીને ખ્રિસ્તી ધર્મ અપનાવવા દબાણ કર્યું હતું, પરંતુ તેમની ધાર્મિક માન્યતાઓને નુકસાન પહોંચાડ્યું ન હતું.

કોર્ટે એ હકીકતની પણ નોંધ લીધી કે કથિત ગુનો ૨૦૨૫માં થયો હતો જ્યારે રાજ્યમાં એક ધર્મથી બીજા ધર્મમાં લાલચ આપીને ધર્માંતરણ પર પ્રતિબંધ મૂકતો કોઈ કાયદો નહોતો.

મહારાષ્ટ્રે ધર્મની સ્વતંત્રતાના રક્ષણ અને એક ધર્મમાંથી બીજા ધર્મમાં ગેરકાયદેસર રૂપાંતર પર પ્રતિબંધ માટે કાયદો ઘડ્યો છે, જે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અમલમાં આવ્યો હતો,એમ તે નોંધ્યું છે. કોર્ટે ચાર વ્યક્તિઓ - જોસેફ ખુદાવંત, એક વરિષ્ઠ નાગરિક, તેમના પુત્ર વિક્ટર ખુદાવંત, પુત્રવધૂ એલ્વીના ખુદાવંત અને સામાજિક કાર્યકર અનંત માનકર - બધા અમરાવતીના રહેવાસીઓ સામેની એફઆઈઅઆર અને ચાર્જશીટ રદ કરી દીધી છે. આરોપીઓએ જાન્યુઆરીમાં અમરાવતીમાં તેમની સામે નોંધાયેલી એફઆઈઆર અને કેસમાં દાખલ કરાયેલ ચાર્જશીટ રદ કરવાની માંગ કરી હતી.

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT
No. EDN.124/2026/29 Dated Shillong, the 30th September, 2026
PUBLIC NOTICE
Conduct of examinations and academic progression of existing enrolled students of CMJ University, Meghalaya
With reference to the UGC letter D.O. No. 8-21/2010(CPP-I/PU)/78587, dated 02-09-2026, the office of the Administrator, under the Government of Meghalaya, is directed to inform all students of CMJ University as follows: "All students presently studying Diploma, Undergraduate and Postgraduate programmes at the University may be allowed to appear in examinations conducted under the supervision of an external agency/third party, under the overall responsibility of the State Education Department".
Therefore, students are required to complete the form to submit their personal details for the examination using the QR code provided. Failure to submit the details will hinder the examination process, as these details are needed to arrange examinations with third-party institutions. The form link will remain active to accept responses until 01-11-2026.
Link - https://forms.gle/3aMvMVWX2DxnNSzv5
Sd/-
Administrator of CMJ University, Meghalaya & Joint Secretary to the Govt. of Meghalaya
Education Department
MIPR No.: 1769
Dated: 30-09-2026

### કર્ણાટક હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# એસસી, એસટીનો ક્વોટા વધારતો કર્ણાટક સરકારનો કાયદો રદ કરાયો

બેંગાલુરુ, તા. ૧૩

કર્ણાટક હાઈકોર્ટે અનુસુચિત જાતિઓ માટે અનામત ૧૫ ટકાથી વધારી ૧૭ ટકા, અનુસુચિત જન જાતિઓ માટે અનામત ૩ ટકાથી વધારી ૭ ટકા કરવાની જોગવાઈ ધરાવતા કર્ણાટકનાં કાયદાની જોગવાઓ કરી દીધી છે. કોર્ટે જણાવ્યું છે કે વધારવામાં આવેલો ક્વોટા ૫૦ ટકાની મર્યાદાનો ભંગ કરે છે.

## એસસી માટે અનામત ૧૫ ટકાથી વધારી ૧૭ ટકા અને એસટી માટે ૩ ટકાથી વધારી સાત કરાઈ હતી

ચીફ જસ્ટિસ વિભુ બખુ અને જસ્ટિસ કે એસ હેમલેખાની બેન્ચે જણાવ્યું હતું કે કર્ણાટક અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ (શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકોનું અનામત અને રાજ્યની સેવાઓમાં નિમણૂક કે પદોનું અનામત) એક્ટ, ૨૦૨૨ની કલમ ૩ બંધારણની કલમ ૧૪ અને ૧૫નો ભંગ કરે છે કારણકે તેમાં કુલ અનામત ૫૦ ટકાથી વધી જાય છે.

કોર્ટે જણાવ્યું હતું કે આ કાયદાની કલમ ૩ કુલ અનામતને ૫૦ ટકાથી વધારે લઈ જતી હોવાથી રદ કરવામાં આવે છે કારણકે તે બંધારણની કલમ ૧૪ અને ૧૫નો ભંગ કરે છે.

કોર્ટે આ એક્ટની કલમ ૪ને પણ ગેરબંધારણીય ગણાવી રદ કરી કારણકે આ બંધારણની કલમ ૧૪ અને ૧૬નો ભંગ કરે છે. આ કલમમાં રાજ્ય સરકારની નોકરીઓમાં એસસી અને એસટી માટે વધુ અનામતની જોગવાઈ હતી.

૫૦ ટકાની મર્યાદા સુપ્રીમ કોર્ટે ૧૯૯૨માં ઈન્દિરા સાહની વિરુદ્ધ ભારત સંઘ (૧૯૯૨) કેસમાં નક્કી કરવામાં આવી હતી અને ત્યારબાદ અનેક ચુકાદાઓમાં આ મર્યાદાને યથાવત રાખવામાં આવી હતી.

આ એક્ટની બંધારણીય કાયદેસરતાને પડકારવા માટે કર્ણાટકમાં બે અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આ અરજીઓની સુનાવણી દરમિયાન કર્ણાટક હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

### ઓડિશાથી નીકળેલા આ ટ્રકને લખીમપુર ખીરી પહોંચવાનું છે

# ૩૦૮ વ્હીલવાળા ટ્રકને કારણે સાત પાવર સ્ટેશનનો વીજ પુરવઠો બંધ

નવી દિલ્હી, તા. ૧૩

૩૦૮ વ્હીલ ધરાવતુ વિશાળ ટ્રક હવે ઉત્તર પ્રદેશનાં બસ્તી જિલ્લાને પાર કરી ગોંડા અને અયોધ્યાનાં માર્ગે પોતાની અંતિમ મંઝિલ લખીમપુર ખીરીની તરફ આગળ વધી રહ્યું છે.

## ઉ.પ્રદેશનાં બસ્તી જિલ્લાને પાર કરવામાં ટ્રકને ૨૪ કલાકનો સમય લાગ્યો : ઠેર ઠેર ટ્રાફિક જામ

જો કે ત્રણ માળનાં મકાન જેટલી ઉંચાઈ ધરાવતા આ ટ્રકને નીકળવા માટે બસ્તીમાં સાત પાવર સબ સ્ટેશનની વીજળી બંધ કરવી પડી હતી. જેના કારણે આ વિસ્તારમાં કલાકો સુધી વીજ પુરવઠો બંધ રહ્યો હતો. માર્ગમાં આવેલા



વીજળીનાં તાર કાપવા પડ્યા હતાં જ્યારે કેટલીક જગ્યાએ વૃક્ષો પણ હટાવવામાં આવ્યા હતાં. આ ટ્રકને કારણે ટ્રાફિક જામ પણ થયો હતો. આ મહાકાય ટ્રકને જોવા અનેક લોકો બહાર નીકળ્યા હતાં.

૨૦૦ ટન વજન લઈ જઈ રહેલા આ ટ્રકને બસ્તીની સરહદ પાર કરવામાં ૨૪ કલાકનો સમય લાગ્યો હતો. ટ્રક અને તેના પર મુકવામાં આવેલ મશીનની જમીનથી કુલ ઉંચાઈ ૮ મીટર છે એટલે કે લગભગ તેની ઉંચાઈ ત્રણ માળનાં મકાન જેટલી છે. બસ્તીનાં પોલિટેકનિક ચાર રસ્તા પાસેથી આ ટ્રકને નીકળવામાં સાડા ત્રણ કલાક લાગ્યા હતાં. આ સમગ્ર ઓપરેશનમાં વીજળી વિભાગનાં બે એસડીઓ, ૬ જુનિયર એન્જિનિયર, એનએચએઆઈનાં કર્મચારી અને સ્થાનિક પોલીસ સાથે ચાલી રહી છે.

આ ટ્રકમાં કુલ ૩૦૮ વ્હીલ છે. આ ટ્રકની લંબાઈ ૪૧ મીટર છે અને પહોળાઈ ૭ મીટર છે. જમીનથી તેની ઉંચાઈ લગભગ આઠ મીટર છે.

આ ટ્રકને બલરામપુર ચિની મિલનાં નવા બાયોપ્લાસ્ટિક પ્લાન્ટ સુધી લઈ જવાનું છે. આ પ્લાન્ટમાં આ મશીન ફીટ કરવાનું છે.

### યુક્રેન યુદ્ધ બાદ રશિયાએ ૨૧૦ હાઈબ્રિડ હુમલા કર્યા : યુરોપ

# સ્ટારલિંકના નેટવર્કમાં ભાંગફોડ પાછળ રશિયાનો હાથ હોવાનો પોલેન્ડનો આક્ષેપ

(પીટીઆઈ) વોરસો, તા.૧૩

મધ્ય પોલેન્ડના વોલો ક્રોબોવસ્કામાં ૨૩ સપ્ટેમ્બરે સ્ટારલિંકના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં લાગેલી આગ પાછળ રશિયાનો હાથ હોવાનો પોલેન્ડે આક્ષેપ કર્યો છે. આ ભાંગફોડ બદલ જર્મનીમાંથી બે તુર્કીશ નાગરિકોની ધરપકડ કરાઈ હોવાનું પણ પોલેન્ડની ઓથોરિટીએ જણાવ્યું હતું.

## સપ્ટેમ્બરમાં સ્ટારલિંકના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આગ લગાવવા બદલ જર્મનીમાં તૂર્કીના બે શકમંદોની ધરપકડ કરાઈ

પોલેન્ડના અધિકારીઓએ કહ્યું કે વોલાક્રોબોવ્સ્કામાં ૨૩ સપ્ટેમ્બરે અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કની સ્પેસએક્સ કંપનીના સેટલાઈટ ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડતા સ્ટારલિંકના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઈરાદાપૂર્વક આગ લગાવાઈ હતી. અમને એ બાબતમાં કોઈ શંકા નથી કે આ ભાંગફોડ પાછળ રશિયન ઈન્ટેલિજન્સ સર્વિસનો હાથ હતો. રશિયન ઈન્ટિલજન્સ સર્વિસે હવે ગુનાઈત તત્વો સાથે હાથ મિલાવ્યા છે તેમ પોલેન્ડના મંત્રી ટોમાસ સિમોનિયાકે જણાવ્યું હતું.

પોલેન્ડના અધિકારીઓએ કહ્યું હતું કે, સ્ટારલિંકના બેકઅપ જનરેટરને આગ લગાવવા પાછળનો મુખ્ય આશય તેની ઈન્ટરનેટ સેવાઓ ખોરવવાનો હતો. યુક્રેનની સેના દ્વારા આ ઈન્ટરનેટ સુવિધાનો ઉપયોગ થતો હોવાથી તેને નિશાન બનાવાઈ હતી. પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે એક્સ પર પોસ્ટ કરતા કહ્યું કે, સ્ટારલિંકમાં ભાંગફોડની આ ઘટના રશિયાના હાઈબ્રિડ યુદ્ધનું વધુ એક કૃત્ય છે. જોકે, તેમણે આ ઘટનાની અન્ય કોઈ વિગતો જાહેર કરી નહોતી.

પશ્ચિમી દેશોના અધિકારીઓ મુજબ રશિયાએ ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર આક્રમણ કર્યા પછી યુરોપમાં ભાંગફોડની ૨૧૦થી વધુ ઘટનાઓમાં રશિયાનો હાથ છે. યુરોપીયન સંઘના અનેક દેશોના અધિકારીઓએ તાજેતરમાં જ ચેતવણી આપી હતી કે રશિયા યુરોપના અનેક દેશોમાં તોડફોડ, સાયબર હુમલા અને અન્ય હાઈબ્રિડ યુદ્ધ ચલાવી રહ્યું છે.

### વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના કારણે કાશ્મીરના ઊંચા વિસ્તારમાં બરફવર્ષા

(પીટીઆઇ) તા. ૧૩

કાશ્મીરના ઊચાઈવાળા વિસ્તારમાં તાજેતરમાં બરફવર્ષા થઈ છે જ્યારે મેદાની વિસ્તારમાં વરસાદ પડ્યો છે.હવામાન વિભાગે આગામી ૪૮ કલાક દરમિયાન વરસાદ પડવાનું અનુમાન વ્યક્ત કર્યું છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘાટી વિસ્તારમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના પગલે કાશ્મીરના વિવિધ ઊચાઈવાળા વિસ્તારમા હળવાથી મધ્યમ બરફવર્ષા થઈ છે.અધિકારીઓએ કહ્યું હતું કે ગુલમર્ગ અને સોનમર્ગ જેવા પ્રવાસન સ્થળો સાથે જોજિલા એક્સિસમાં પણ તાજી બરફવર્ષાના અહેવાલ મળ્યા છે.જ્યારે શ્રીનગર સહિત મેદાની વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.હવામાન વિભાગે કહ્યું છે કે વિવિધ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ઊચાઈવાળા વિસ્તારોમાં હજુ હળવા પ્રમાણમાં બરફવર્ષા થઈ શકે છે.તેઓએ ઉમેર્યુ હતું કે ૧૩ થી ૧૫ ઓક્ટોબર સુધી કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને કરા પડવાની સંભાવના છે.

Celebrate DIWALI
Khanvel RESORT SILVASSA
Ideal Place For Marriages, Conferences & Relaxation
2½ hrs Drive From Mumbai /Surat /Nashik
sales@khanvelresort.com
www.khanvelresort.com

જાહેર નોટીસ
અમદાવાદ ખાતેની શહેર દિવાની અદાલતમાં (સિટી સિવિલ કોર્ટ)




### વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતીય અર્થતંત્ર મજબૂત

# આઈએમએફએ ભારતનાં જીડીપીનો અંદાજ વધારીને સાત ટકા કર્યો

મુંબઈ, તા. ૧૩

વર્લ્ડ બેંક પછી આઈએમએફએ પણ ભારતનાં જીડીપીનાં વિકાસનાં અંદાજમાં વધારો કર્યો છે. આઈએમએફએ જણાવ્યું છે કે ક્રૂડ ઓઈલનાં ઉંચા ભાવ અને જિયોપોલિટિકલ અનિશ્ચિતતાઓ છતાં મજબૂત ઘરેલુ માંગ અને સર્વિસ સેક્ટરનાં સારા દેખાવને કારણે ભારતમાં વિકાસને ટેકો મળી રહ્યો છે.

## આરબીઆઈએ પણ તેની વર્તમાન નાણાં નીતિની સમીક્ષામાં આર્થિક વિકાસ દરના અંદાજને ૬.૭૦ ટકા પરથી વધારી ૭.૧૦ ટકા કર્યો હતો

ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ)એ વર્તમાન નાણાકીય વર્ષમાં દેશના આર્થિક વિકાસ દરના અંદાજને ૬.૪૦ ટકા પરથી વધારી ૭ ટકા કર્યો છે. ઘરઆંગણે માંગ અને સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં મજબૂતાઈને કારણે વૈશ્વિક આર્થિક સંક્ટ સામે ટકી રહેવામાં ભારતને મદદ મળી છે.

ક્રુડ તેલના ઊંચા ભાવ તથા ભૌગોલિક રાજકીય તંગદિલી વચ્ચે પણ આઈએમએફ દ્વારા આર્થિક વિકાસ દરમાં જુલાઈની સરખામણીએ વધારો કરાયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૮ માટેના જીડીપી અંદાજને પણ ૬.૭૦ ટકા પરથી વધારી ૭ ટકા કરાયો છે. જે ભારતના આર્થિક વિકાસ દરની ગતિ વર્તમાન નાણાકીય વર્ષ પછી પણ જળવાઈ રહેવાના સંકેત આપે છે.

ભારતમાં આર્થિક પ્રવૃત્તિ અગાઉની ધારણાં કરતા ઘણી સારી રહેવા સાથે વિશ્વના મોટા અર્થતંત્રોમાં ભારત ઝડપથી વિકસતો દેશ જળવાઈ રહ્યો છે.

વિશ્વની અન્ય કેટલીક રેટિંગ એજન્સીઓએ પણ ભારત માટેના પોતાના અંદાજમાં તાજેતરમાં વધારો કર્યો છે. વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં દેશનો આર્થિક વિકાસ દર આશ્ચર્યકારક રીતે વધી ૭.૮૦ ટકા આવ્યો છે.

રહ્યું હોવાનું ધ્યાનમાં રાખી અંદાજમાં વધારો કરાયો હોવાનું આઈએમએફ દ્વારા તેના ઓક્ટોબર વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં જણાવાયું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૮૦ ટકા રહ્યો હતો.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ પણ તેની વર્તમાન મહિનાની નાણાં નીતિની સમીક્ષા બેઠકમાં આર્થિક વિકાસ દરના અંદાજને ૬.૭૦ ટકા પરથી વધારી ૭.૧૦ ટકા કર્યો છે. ઊર્જાના ઊંચા ખર્ચ વચ્ચે પણ ઘરઆંગણે માંગમાં સ્થિતિસ્થાપકતા અને સેવા ક્ષેત્રની મજબૂત પ્રવૃત્તિને કારણે ભારત વૈશ્વિક આર્થિક ખલેલો વચ્ચે ટકી

ભારતમાં લોકસંખ્યાને લગતી સાનુકૂળ ગતિશીલતા, મોટા તથા વિસ્તરણ કરી રહેલા ઘરેલુ બજારો તથા સતત માળખાકીય સુધારા વિકાસને ટેકો પૂરો પાડતા પરિબળો બની રહ્યા છે.

### વૈશ્વિક જીડીપીનો અંદાજ ૩ ટકાથી વધારી ૩.૧૦ ટકા કરાયો

(પીટીઆઈ) બેંગકોક, તા. ૧૩

ઈન્ટર નેશનલ મોનિટરી ફંડ (આઈએમએફ)એ મંગળવારે ચાલુ વર્ષ માટે વિશ્વનાં અર્થતંત્ર અંગેના પોતાના અંદાજમાં સુધારો કર્યો છે. આઈએમએફએ જુલાઈમાં વૈશ્વિક અર્થતંત્રનો જીડીપી ૩ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો. જો કે આજે આ અંદાજમાં સુધારો કરી ૩.૧ ટકા કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૫માં વૈશ્વિક જીડીપી ૩.૫ ટકા રહ્યો હતો. આઈએમએફનાં અંદાજ મુજબ ૨૦૨૬ અને ૨૦૨૭માં અમેરિકાનો વિકાસ ૨.૩ ટકાએ સ્થિર રહેશે. આઈએમએફએ જણાવ્યું છે કે ચાલુ વર્ષે ક્રૂડ ઓઈલનાં ભાવ લગભગ ૪૧ ટકા વધીને સરેરાશ ૯૬ ડોલર પ્રતિ બેરલ રહેશે. જેના કારણે વૈશ્વિક મોંઘવારી ગયા વર્ષનાં ૪.૧ ટકાથી વધીને ૪.૭ ટકા થઈ જશે. યુરો કરન્સી ઉપયોગ કરનારા ૨૧ યુરોપિયન દેશોનાં અર્થતંત્રમાં ચાલુ વર્ષે ૧.૧ ટકા અને ૨૦૨૭માં ૧.૨ ટકાનાં દરે વિકાસ થવાનો અંદાજ છે. વિશ્વના બીજા સૌથી મોટા અર્થતંત્ર ચીનનો વિકાસ ચાલુ વર્ષે ૪.૫ ટકા રહેવાનો અંદાજ છે. ઉલ્લેખનીય છે કે આઈએમએફ ૧૯૧ દેશોને લોન આપનારું સંગઠન છે જે આર્થિક વિકાસ અને નાણાકીય સ્થિરતાને વેગ આપવા તથા વૈશ્વિક ગરીબીને ઘટાડવાનું કાર્ય કરે છે.

# ઈન્દોરમાં મિનીબસ ચોરીને બે વાહન સાથે અકસ્માત કર્યો

(પીટીઆઈ) ઈન્દોર, તા. ૧૩

મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક વ્યક્તિએ કથિત રીતે ઊભેલી મિનીબસની ચોરી કરીને લાપરવાહીથી ચલાવતા બે વાહનો અને વીજળીના થાંભલાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રીક્ષા ડ્રાયવર અને પોતે ઈજાગ્રસ્ત થયો હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

એડિશનલ ડેપ્યુટી કમિશનર ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે આ ઘટના વિજયનગર વિસ્તારમાં એમઆર- ૧૦ રોડ પર થઈ હતી. મિનીબસનો ડ્રાયવર બસમા ચાવી છોડીને જતા આ બનાવ બન્યો હતો. તેઓએ વધુમાં કહ્યું હતું કે આરોપી મિનીબસ લઈને ભાગ્યો હતો. તેણે વધુ ઝડપે લાપરવાહીથી બસ ચલાવતા મોટર સાયકલ અને રીક્ષાને ટક્કર માર્યા બાદ ચાર રસ્તે વીજળીના થાંભલાને ટક્કર મારી હતી. બન્ને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

TORRENT POWER
ટોરેન્ટ પાવર લિમિટેડ
નોટીસ
Mobile APP | connect.torrentpower.com | 6655 1912/ 2255 1912

dholera A NEW ERA
Dholera Industrial City Development Limited
Applications are invited from reputed and experienced agencies for the following. The salient features, eligibility criteria and prescribed formats for submission of applications are available at the portal link : dholera.gujarat.gov.in, as mentioned in below table, as amended from time to time including time extension, if any.
Expression of Interest (EoI)

| Sr. No. | Description | Bid Due Date (Physical) |
| --- | --- | --- |
| 1 | EoI for Empanelment of Advertising Agencies for Dholera Industrial City Development Limited (DICDL). | 03.11.2026 up to, 15:00 Hrs |

The submission of application shall be accompanied with the requisite Forms, supporting documents, etc. as required in the EoI Document. The Tender submission must be addressed to : Managing Director - DICDL.
6th Floor, Block No. 1 and 2, Udyog Bhavan, Sector-11, Gandhinagar-382011, Gujarat, India. Phone : +91 - 079-29750500 CIN : U45209GJ2016SGC085839
Email : tender@dicdl.in

# પેરિસ મોટર શોઃ હાઈબ્રીડ-ઈવી મોડેલના પ્રદર્શનને વેગ, પેટ્રોલ-ડીઝલોના મોડેલોને વાગી બ્રેક !


સિટ્રોન-ટુ-સીવી


આલ્પાઈન એસપી-૧ કન્સેપ્ટ


બુગાટી શિરોન


કિલો ઈવી લા બેગ્નોલ


ટિગો-૭


ફિયાટ મલ્ટિપ્લા કન્સેપ્ટ


ડેન્ઝા ઝેડ ઈલેક્ટ્રિક સ્પોર્ટ્સ


આલ્પાઈન એ-૩૯૦ સ્પોર્ટ્સ


સ્પિન્ઝી ડિઝાઈન એલ્યુમ્ની


પીગોટ ૨૦૫ ઈ-ટી૧૬ ઈલેકટ્રિક


ડેન્ઝા એસયુવી હાઈબ્રિડ


બીએડબલ્યુ ૨૧૨ મેવેરો

વિશ્વનું ફોર-વ્હીલર માર્કેટ કઈ દિશામાં જઈ રહ્યુ છે અને કઈ નવી દિશા પકડી રહ્યુ છે તથા કઈ જૂની પ્રણાલિઓ અને ટેકનોલોજીઓ છોડી રહ્યુ છે તે જોવું હોય તો પેરિસ મોટર શોને જોઈ લેવો. ૧૮૯૮થી યોજાતા આ વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત મોટર શોની ૯૧મી આવૃત્તિ હાલમાં ચાલી રહી છે. આ વખતના મોટો શોમાં અમેરિકન, ફ્રાન્સ, જર્મન, બ્રિટિશ અને ચાઈનીઝ કંપનીઓ છવાઈ ગઈ હતી.ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોએ તેનું ઉદઘાટન કર્યુ હતુ અને ફ્રાન્સની સિટ્રોન કંપનીની કારના લેટેસ્ટ મોડેલને નીહાળ્યું હતું. વિશ્વની અગ્રણી મોટર કંપનીઓ જેવી કે જર્મનીની મર્સીડીઝ બેન્ઝ, ફોક્સવાગન, બીએમડબલ્યુ, ટેસ્લા, ચીનની બીવાયડી, રોલ્સરોય્સ સહિતની કંપનીઓએ તેમના વિવિધ મોડેલોના આંખોને આજી દેતા હોય તેવા મોડેલ રજૂ કર્યા હતા. એક મોડેલ જુઓ અને એક મોડેલ ભૂલો તેવી સ્થિતિ હતી. આ ઓટો શોએ સ્પષ્ટ પણ દર્શાવ્યું કે હવે પેટ્રોલ અને ડીઝલ કારનો કદાચ સંભવિત રીતે અંતિમ દાયકો છે. મોટાભાગની કંપનીઓ હવે હાઈબ્રિડ કે ઈલેક્ટ્રિક વ્હીકલ તરફ શિફ્ટ થઈ રહી છે. આમ પેટ્રોલ-ડીઝલ જેવા ઈંધણોવાળા વાહનોનો દબદબો હજી ખતમ નથી થયો, પરંતુ ઘટવા જરૂર માંડ્યો છે. હવે અહીં સૌથી મોટો સવાલ એ છે કે આખા વિશ્વમાં સ્થપાઈ રહેલા એઆઈ ડેટા સેન્ટરો મોટાપાયા પર વીજળીની ખપત કરી રહ્યા છે તે સંજોગોમાં હવે ઈલેક્ટ્રિક વાહનોનો પણ ઉમેરો થશે તો સમસ્યા નહીં સર્જાય. એક સાથે ૧૦ કરોડ વાહનો રોજ ચાર્જ થતાં હોય તો કેટલી વીજળી જાય અને તે વીજળી પણ પાછી રીન્યુએબલ એનર્જીથી બનતી હોય તો વાંધો નથી, પરંતુ તેના માટે કોલસાનો ઉપયોગ કરવામાં આવે તો પછી હતા ત્યાંને ત્યાં જ આવીને ઊભા કહેવાશે. આ સિવાય વિશ્વની દરેક કંપનીઓ ઈવી બનાવવા લાગી છે તે નવો શરૂ થયેલો ટ્રેન્ડ છે, પરંતુ આ ઈવી માટે જરૂરી રેર અર્થ મટીરિયલ આખા વિશ્વમાં એકમાત્ર ચીન પૂરુ પાડે છે તે સંજોગોમાં ચીન ભવિષ્યમાં સપ્લાય ચેઈનનું નાક દબાવીને ટ્રમ્પના ટેરિફની જેમ સપ્લાય ચેઈન પર તેના પ્રભુત્વનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરે તો તેનો કોઈ તોડ તેમની પાસે છે કે નહીં તે બહુ મોટો સવાલ છે.

શાહરૂખની ફિલ્મ ત્રણ વર્ષે આવી રહી છે

## શાહરુખની કિંગના આખરી તબક્કાનું શૂટિંગ મુંબઈમાં

મુંબઈ, તા. ૧૩

શાહરુખની 'કિંગ' ફિલ્મનું છેલ્લા તબક્કાનું શૂટિંગ હાલ મુંબઈના અંધેરી અને ગોરેગાંવ વિસ્તારોમાં ચાલી રહ્યું છે. ફિલ્મમાં કરીના કપૂર સાથે શાહરૂખ ખાનનું ગીત ડેડી કૂલ પણ દક્ષિણ આફ્રિકામાં પાંચ દિવસમાં ફિલ્માવવામાં આવશે. ૨૪ ડિસેમ્બરે ફિલ્મને રિલિઝ કરવાની હોઈ હાલ મુંબઈમાં ચાલી રહેલાં શૂટિંગને પંદર ઓક્ટોબર પહેલાં પુરૂ કરી ડેડી કૂલ ગીતને શૂટ કરવામાં આવશે.



ત્રણ વર્ષના ગાળા બાદ શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ' મોટા પડદે રિલિઝ થઈ રહી છે. ફિલ્મના નિર્દેશક સિદ્ધાર્થ આનંદ શાહરૂખખાનના ૬૧મા જન્મદિને બીજી નવેમ્બરે ફિલ્મનું ટીઝર રિલિઝ કરશે. ૪૫૦ કરોડ રૂપિયાનું તોતિંગ બજેટ ધરાવતી આ ફિલ્મમાં નિર્દેશક સિદ્ધાર્થ આનંદ કોઈ કસર રહેવા દેવા માંગતા નથી.

### નવેમ્બરમાં શાહરુખના ૬૧મા જન્મદિને ટીઝર આવે તેવી સંભાવના

પીએમ રિપોર્ટ આવી ગયો પણ તનુશ્રી પોતાની દુનિયામાં

## તનુશ્રી બેફામ બની : નાના પાટેકર મલેશિયામાં હયાત હોવાનો દાવો

મુંબઈ, તા. ૧૩

નાના પાટેકરના પોસ્ટમોર્ટમનો અહેવાલ આવી ગયો પણ તનુ શ્રી દત્તાએ ઈન્સ્ટાના લાઈવ સેશનમાં જે કહ્યું છે તે સાંભળી ચક્કર આવી જાય તેમ છે. તનુશ્રીએ તેના સેશનમાં નાના મૃતદેહ બાબતે શંકાઓ વ્યક્ત કરી હતી અને તે મલેશિયા કે સિંગાપોરમાં જીવતો હોવાનો દાવો કર્યો હતો.

તનુશ્રીએ જણાવ્યું હતું કે કોઈ ભી સેલિબ્રિટી કી ડેથ હોતી હૈ તો હોસ્પિટલ સે વિડિયો નીકલ આતી હૈ. એક ભી વિડિયો નહીં આયા નાના પાટેકર કા ? યે બાત મુઝે હજમ નહીં હુઈ. ઉસકી ના એક ફોટો હૈ ના વિડિયો હૈ. ડેડ બોડી



કિસીને નહીં દેખી. આપ કો પતા ભી હૈ કી ક્યા ઉસકી મૌત હુઈ ભી હૈ? અસલી બોડી તો થી નહીં વહાં પે. અસલી બોડી તો શાયદ સિંગાપોર, મલેશિયા મેં હૈ. જિન્દા હૈ. તનુ શ્રીએ એમ પણ જણાવ્યું હતું કે કેન આ રિકવેસ્ટ સિંગાપોર એન્ડ મલેશિય પોલીસ ટુ શૂટ ધીસ પરસન ઓન સાઈટ? યહા જો અપની મોત કા ઢોંગ કર કે ગયા હૈ ફેક ડેથ સર્ટિફિકેટ બના કે ગયા હૈ. ધેટ મીન્સ હી ઈઝ એ કન્વિકટેડ ફ્યુજિટીવ.

### સિંગાપોર અને મલેશિયા પોલીસ આ વ્યક્તિને જોતાં જ ઠાર કરે તેવી વિનંતીઃ તનુશ્રી દત્તા

ક્યાં કેવી રીતે ઈજા થઈ તેની સ્પષ્ટતા નહીં

## સિદ્ધાર્થ મલ્હોત્રાનો પગ ભાંગ્યો, રમૂજી અંદાજમાં ફોટો શેર કર્યો

મુંબઈ, તા. ૧૩

સિદ્ધાર્થ મલ્હોત્રાએ તેનો પગ ભાંગ્યો હોવાની તસવીર શેર કરી ચાહકોને ચોંકાવી દીધા હતા. બે દિવસ અગાઉ સિદ્ધાર્થ અને કિઆરાએ તેઓ ફરી માતા પિતા બનવા જઈ રહ્યા હોવાના સમાચાર જણાવ્યા હતા. ગઈકાલે બંને જણાંએ તેમના વેકેશનની તસવીરો શેર કરી હતી.



સિદ્ધાર્થ મલ્હોત્રાએ મુશ્કેલ સમયમાં પણ તેની હાસ્યવૃત્તિનો પરિચય આપતાં જણાવ્યું હતું કે મેં બ્રેક અ લેગ કહેવતને વધારે પડતી ગંભીરતાથી લઈ લીધી. અંગ્રેજીમાં કોઈને શુભેચ્છા આપવાની હોય ત્યારે બ્રેક એ લેગ કહેવતનો ઉપયોગ થાય છે. સિદ્ધાર્થે તેની ઈજા સાથે આ કહેવતને જોડી મજાકીયા અંદાજમાં પોતાની ઈજાની વાત શેર કરી હતી.

જો કે, આ ઈજા કેવી રીતે થઈ અને તેને સાજા થતાં કેટલો સમય લાગશે વગેરે માહિતી તેણે પોતાની પોસ્ટમાં જણાવી નથી.

### સિદ્ધાર્થ કિઆરાએ વેકેશનની તસવીરો મૂક્યાના બીજા જ દિવસે પ્લાસ્ટર સાથેની તસવીર

બાકીનું ૨૦ દિવસનું શૂટિંગ મુંબઈમાં થશે

## અક્ષય કુમારની એક્શન થ્રીલર સમુકનું ૮૦ ટકા શૂટિંગ પૂર્ણ

મુંબઈ, તા. ૧૩

અક્ષય કુમારની આગામી સાયફાય એક્શન થ્રીલર ફિલ્મ 'સમુક'નું ૮૦ ટકા શૂટિંગ પુરૂ થઈ ગયું છે. બાકીના ૨૦ દિવસના શૂટિંગ માટે ટીમ મુંબઈમાં આવી ગઈ છે. ફિલ્મની ટીમે ઓગસ્ટમાં યુકેમાં શૂટિંગ શરૂ કર્યું હતું.



આ ફિલ્મમાં નવી હિરોઈન બનિતા સંધુની એન્ટ્રી થઈ છે. ફિલ્મમાં પર્યાવરણવાદીની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં એક્શનના મામલે કોઈ કચાશ રહી ન જાય તે માટે એકેડમી એવોર્ડ વિજેતા ક્રિએચર ઈફેક્ટસ ડિઝાઈનર એલેક ગિલિસની સેવાઓ લેવામાં આવી છે. એક્શન સિક્વન્સની ડિઝાઈન અને નિર્દેશન બ્રિટિશ એક્શન ડાયરેક્ટર લુક ટમ્બરે કર્યું છે. વિપુલ અમૃતલાલ શાહ અને અક્ષયકુમાર આ ફિલ્મ માટે તેર વર્ષ બાદ ફરી સાથે કામ કરી રહ્યાં છે. ફિલ્મને ૨૦૨૭માં થિયેટર્સમાં રજૂ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

### અક્ષય કુમારની ફિલ્મમાં બનિતા સંધુ પર્યાવરણવાદીની ભૂમિકામાં જોવા મળશે

ભારત ઈચ્છે ત્યારે ઈન્ટરનેટ નેટવર્ક કાબુ કરી શકે કે નહીં અથવા તો નાગરિકોના ડેટા સુરક્ષિત છે કે નહીં તેની ખાતરી વગર મસ્કને લીલીઝંડી ન અપાય

# સ્ટારલિંક : ઈન્ટરનેટ કરતા ડેટા અને સુરક્ષા વધારે મહત્ત્વના

વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિઓમાં સ્થાન ધરાવતા એલોન મસ્કની કંપની સ્પેસએક્સની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક મુદ્દે ભારતમાં ઘણો વિવાદ થયો છે. ખાસ કરીને ભારતની સુરક્ષા સાથે જોડાયેલા ઘણા ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ભારતમાં છેવાડાના વિસ્તારો સુધી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડવાની ક્ષમતા ધરાવતી આ ટેકનોલોજી કુદરતી આપત્તિઓ દરમિયાન સંચાર વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે છે તેવો દાવો છે પણ તેની સાથે કેટલાક મહત્ત્વના સવાલો પણ જોડાયેલા છે. શું રાષ્ટ્રીય સુરક્ષા મુદ્દે તેના પર આંખ મીંચીને વિશ્વાસ કરી શકાય? શું જરૂર પડ્યે ભારત સરકાર તેના ઈન્ટરનેટ નેટવર્કને પોતાની શરતો મુજબ બંધ કે ચાલુ કરાવી શકશે? શું તેનાથી ભારતીય યુઝર્સનો સંવેદનશીલ ડેટા સંપૂર્ણપણે દેશના નિયંત્રણમાં રહી શકશે?

આ એવા સવાલો છે જેને અવગણીને કોઈપણ સુવિધા શરૂ કરવાને મહત્ત્વ આપી શકાય નહીં.

> ઈરાનમાં ડિસેમ્બર ૨૦૨૫ના અંતમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો જાન્યુઆરી ૨૦૨૬માં ઉગ્ર બનતાં સ્થાનિક સરકારે પરંપરાગત ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી હતી. ૨૦૨૬ની શરૂઆતમાં ઈરાનમાં સ્મગલિંગ મારફતે પહોંચેલા આશરે ૫૦,૦૦૦ સ્ટારલિંક ટર્મિનલ્સ ઉપયોગમાં લેવાઈ રહ્યા હતા. ત્યારપછી પ્રદર્શનકારીઓ માટે સ્ટારલિંક બહારની દુનિયા સાથે સંપર્ક સાધવાનું મુખ્ય માધ્યમ બની ગયું : દાણચોરો દ્વારા સ્ટારલિંકનો ઉપયોગ કરવાની ઘટના પણ ભારતમાં બનેલી જ છે. બે વર્ષ પહેલાં આંદામાન નિકોબાર ખાતે દાણચોરો સ્ટારલિંકના ઉપકરણોનો ઉપયોગ કરતા હોવાની અધિકારીઓને જાણ થઈ હતી. ભારતે આ વિશે કંપની પાસે રિપોર્ટ માગ્યો તો કંપનીએ નકારી દીધું હતું. તેણે આંતરરાષ્ટ્રીય કાયદાની વાતો કરી હતી

તાજેતરમાં જાણકારોએ પણ આ જ સવાલોના અનુસંધાનમાં ચેતવણી આપી છે કે સ્ટારલિંક પર વધુ પડતી નિર્ભરતા ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વતંત્રતા માટે જોખમ ઊભું કરી શકે તાજેતરમાં રજૂ થયેલા અહેવાલોમાં એવો તર્ક છે કે ભારતે સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ માટે કડક નિયમો તો બનાવ્યા છે, પરંતુ આ નિયમો છતાં નેટવર્કના સંચાલન પર આખરી નિયંત્રણ સ્પેસએક્સ પાસે જ રહે છે. ભારત માટે આ જ સૌથી મોટી ચિંતા છે.

સ્ટારલિંક પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા એટલે કે લો અર્થ ઓર્બિટ (LEO) માં રહેલા ઉપગ્રહોના નેટવર્ક દ્વારા ઈન્ટરનેટ પૂરું પાડે છે. પરંપરાગત સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓની સરખામણીમાં આ ટેકનોલોજી લો લેટન્સી અને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપવા માટે વિકસાવવામાં આવી છે. તેની મદદથી એવા દુર્ગમ વિસ્તારોમાં પણ ઈન્ટરનેટ પહોંચાડી શકાય છે જ્યાં મોબાઈલ નેટવર્ક કે ફાઈબર બ્રોડબેન્ડ ઉપલબ્ધ કરાવવું મુશ્કેલ અને ખર્ચાળ છે. એક અહેવાલ અનુસાર, એપ્રિલ ૨૦૨૬ના આંકડા મુજબ સ્ટારલિંકના નેટવર્કમાં ૧૦,૦૦૦ થી વધુ સક્રિય ઉપગ્રહો કાર્યરત હતા. તે સમયે આ સંખ્યા પૃથ્વીની ભ્રમણકક્ષામાં રહેલા કુલ સક્રિય ઉપગ્રહોના લગભગ બે તૃતીયાંશ ભાગ જેટલી હતી. કંપની ભવિષ્યમાં પોતાના નેટવર્કને ૪૨,૦૦૦ ઉપગ્રહો સુધી વિસ્તારવાની યોજના પણ ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, ભારત માટે આ ટેકનોલોજીનું આકર્ષણ સ્પષ્ટ છે. દુર્ગમ પહાડી વિસ્તારો, સરહદી ક્ષેત્રો અને કુદરતી આપત્તિથી પ્રભાવિત સ્થળોએ તે સંચારનું વૈકલ્પિક માધ્યમ બની શકે છે. પરંતુ કોઈ વિદેશી કંપનીની ટેકનોલોજી પર નિર્ભરતા વધવાની સાથે એ સુનિશ્ચિત કરવું પણ જરૂરી છે કે જરૂર પડ્યે ભારત પોતાના સુરક્ષા હિતો અનુસાર તેના ઉપયોગને નિયંત્રિત કરી શકે. મહત્ત્વની બાબત એ છે કે, સરકાર સુરક્ષાના કારણોસર કોઈ વિસ્તારમાં ઈન્ટરનેટ બંધ કરવા માંગે, છતાં ત્યાં સ્ટારલિંકની સેવા ચાલુ રહી જાય. આ ઉપરાંત ભારતને કોઈ કટોકટી, યુદ્ધ કે કુદરતી હોનારત દરમિયાન સંચારની સૌથી વધુ જરૂર હોય અને કંપની પોતાના સ્તરે સેવા બંધ કરી દે અથવા તેની ઉપલબ્ધતા મર્યાદિત કરી નાખે. આ ચિંતા માત્ર સામાન્ય ઈન્ટરનેટ કનેક્શન પૂરતી સીમિત નથી. જો સેના, સુરક્ષા એજન્સીઓ કે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર કોઈ મહત્ત્વપૂર્ણ કામગીરી માટે એક જ વિદેશી નેટવર્ક પર અતિશય નિર્ભર થઈ જાય, તો તે નેટવર્કમાં આવતો અવરોધ સમગ્ર કામગીરીને ખોરવી શકે છે. ખાસ વાત એ છે કે, ભારત સરકાર પાસે લાયસન્સ રદ કરવા જેવા નિયમનકારી વિકલ્પો ચોક્કસ છે, પરંતુ તેનાથી એ સુનિશ્ચિત નથી કરી શકાતું કે કંપની કટોકટીના સમયે સેવા ચાલુ જ રાખશે. તેવી જ રીતે, નિયમો હોવા છતાં કોઈ નેટવર્કને પ્રત્યેક પરિસ્થિતિમાં તાત્કાલિક બંધ કરાવી દેવું પણ સરળ નથી.

ભારતે સતર્ક રહેવાની એટલા માટે જરૂર છે, કારણ કે સ્ટારલિંકનો ઈતિહાસ વિવાદાસ્પદ છે. સ્ટારલિંક અંગે અહેવાલની સૌથી મોટી ચિંતાઓમાંની એક યુક્રેન યુદ્ધ સાથે જોડાયેલી છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાના



આક્રમણ બાદ યુક્રેનમાં સ્ટારલિંકની સેવાઓ શરૂ કરવામાં આવી હતી. ધીમે ધીમે આ નેટવર્ક યુક્રેનિયન સરકાર અને સેનાના સંચાર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બની ગયું. એલોન મસ્કે ઘણી વખત જીઓ-ફેન્સિંગ દ્વારા યુક્રેનમાં સ્ટારલિંકની ઉપલબ્ધતા મર્યાદિત કરી હતી. જીઓ-ફેન્સિંગ એક એવી ટેકનીક છે, જેની મદદથી ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સેવાને ચાલુ કે બંધ કરી શકાય છે. અહેવાલ મુજબ, ક્રિમિયા નજીક સ્ટારલિંક સેવા ચાલુ કરવાની યુક્રેનની લશ્કરી વિનંતીને પણ મસ્કે ફગાવી દીધી હતી. માર્ચ ૨૦૨૫માં મસ્કે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે યુક્રેનિયન સેનાનો સંચાર મોટા પાયે સ્ટારલિંક પર નિર્ભર છે અને જો સેવા બંધ થઈ જાય તો મોરચા પર ગંભીર અસર પડી શકે છે. જાણકારોના મતે ભારત સાથે પણ આવું થઈ જ શકે છે. અત્યાધુનિક ટેકનોલોજી ઉપલબ્ધ હોવા છતાં તેના ઉપયોગની આખરી શરતો સર્વિસ પ્રોવાઈડર કંપનીના હાથમાં જ રહે છે. જો કોઈ દેશની સેના કે સરકાર ખાનગી વિદેશી કંપનીના નેટવર્ક પર અતિશય નિર્ભર થઈ જાય, તો તે કંપનીના નિર્ણયો વ્યૂહાત્મક મહત્ત્વ ધારણ કરી લે છે. ભારતના સંદર્ભમાં ચિંતાની બાબત એ છે કે યુદ્ધ કે સરહદી તણાવ દરમિયાન સંચારનું નિયંત્રણ કોઈ બાહ્ય કંપનીના હાથમાં હોવું સુરક્ષા જોખમ પેદા કરી શકે છે.

બીજી તરફ ઈરાનની સ્થિતિ પણ વિચિત્ર થઈ હતી. સ્ટારલિંકના કારણે અહીંયા જુદી સમસ્યા જોવા મળી હતી. અહેવાલ મુજબ, ૨૦૨૬ની શરૂઆતમાં ઈરાનમાં સ્મગલિંગ મારફતે પહોંચેલા આશરે ૫૦,૦૦૦ સ્ટારલિંક ટર્મિનલ્સ ઉપયોગમાં લેવાઈ રહ્યા હતા.

## મણિપુરમાં ઉગ્રવાદીઓ પાસેથી સ્ટારલિંકનું ડિવાઈસ મળ્યું હતું

ભારતમાં સ્ટારલિંક સંબંધિત સુરક્ષા પ્રશ્નો માત્ર ભવિષ્યની આશંકાઓ પૂરતા સીમિત નથી. અહેવાલમાં ડિસેમ્બર ૨૦૨૪ની એ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જ્યારે મણિપુરમાં સુરક્ષા દળોને એક ઉગ્રવાદી જૂથ પાસેથી સ્ટારલિંક ઉપકરણ મળી આવ્યું હતું. આ ઘટના બાદ એલોન મસ્કે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી હતી કે ભારત પર સ્ટારલિંકના સેટેલાઈટ બીમ બંધ છે. પરંતુ અહેવાલ મુજબ, સરહદ નજીક જીઓ-ફેન્સિંગ વ્યવસ્થાની મર્યાદાઓને કારણે કેટલાક વિસ્તારોમાં ઉપકરણ કામ કરવાની સંભાવના નકારી શકાય નહીં. અહેવાલ આ ઘટનાને ભૌગોલિક પ્રતિબંધોની અસરકારકતા સાથે જોડાયેલી ગંભીર ચિંતા તરીકે જુએ છે. સરહદી વિસ્તારોમાં આ પ્રશ્ન વધુ મહત્ત્વનો બની જાય છે, કારણ કે ત્યાં સંચારનો ઉપયોગ સામાન્ય નાગરિકોની સાથે સાથે દાણચોરો, ઉગ્રવાદીઓ કે ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સામેલ તત્ત્વો પણ કરી શકે છે. આવી સ્થિતિમાં સરકારને એ બાબતે પૂર્ણ ભરોસો હોવો જોઈએ કે સેવાની ઉપલબ્ધતા અને તેના ઉપયોગ પર લાદવામાં આવેલા સુરક્ષા પ્રતિબંધો સંપૂર્ણપણે અસરકારક છે. દાણચોરો દ્વારા સ્ટારલિંકનો ઉપયોગ કરવાની ઘટના પણ ભારતમાં બનેલી જ છે. બે વર્ષ પહેલાં આંદામાન નિકોબાર ખાતે દાણચોરો સ્ટારલિંકના ઉપકરણોનો ઉપયોગ કરતા હોવાની અધિકારીઓને જાણ થઈ હતી.

ભારતે આ વિશે કંપની પાસે રિપોર્ટ માગ્યો તો કંપનીએ નકારી દીધું હતું. તેણે આંતરરાષ્ટ્રીય કાયદાની વાતો કરી હતી. હવે જો આવી માહિતી મેળવવા માટે વિદેશી કાનૂની પ્રક્રિયાઓ પર નિર્ભર રહેવું પડે, તો તપાસમાં વિલંબ થઈ શકે છે. જોકે, કંપની ડેટા શેર કરવાનો ઈનકાર કરે તેનો અર્થ એ નથી કે તે ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંકળાયેલ છે.

## કરોડો યૂઝર્સના ડેટાની સુરક્ષા ભારત માટે સૌથી મોટો મુદ્દો છે

સ્ટારલિંક સાથે જોડાયેલું બીજું મોટું જોખમ યુઝર્સના ડેટાની સુરક્ષા છે. અહેવાલ અનુસાર, સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા દ્વારા કંપનીને યુઝર્સના લોકેશન, ઈન્ટરનેટ પ્રોટોકોલ (IP) એડ્રેસ અને સંચાર સંબંધિત અમુક સંવેદનશીલ વિગતો સુધી પહોંચ મળી શકે છે. તાજેતરમાં જારી થયેલા અહેવાલોમાં ગ્લોબલ પ્રાઈવસી પોલિસીનો ખાસ ઉલ્લેખ છે. અહેવાલ મુજબ, આ નવી નીતિમાં ગ્રાહકોના ડેટાનો ઉપયોગ મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડલ્સને તાલીમ આપવા માટે કરવાની મંજૂરી આપવામાં આવી છે. તેમાં લોકેશન વિગતો, IP એડ્રેસ અને કંપની દ્વારા 'કમ્યુનિકેશન ઈન્ફર્મેશન' તરીકે વર્ગીકૃત કરાયેલી ઓડિયો, ઈલેક્ટ્રોનિક કે વિઝ્યુઅલ માહિતીનો સમાવેશ થાય છે. અહેવાલ એ પણ દર્શાવે છે કે આ ડેટા AI પ્રશિક્ષણ માટે અજ્ઞાત થર્ડ પાર્ટી સાથે શેર કરી શકાય છે અને યુઝર્સને બાય-ડિફોલ્ટ આ ડેટા-શેરિંગમાં સામેલ રાખવામાં આવ્યા છે. આ ફેરફાર એટલા માટે વધુ મહત્ત્વપૂર્ણ છે કારણ કે સ્પેસએક્સનો પોતાનો AI વ્યવસાય પણ છે. અહેવાલ અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૬માં સ્પેસએક્સ અને એલોન મસ્કના AI સાહસ 'xAI' ના વિલીનીકરણની જાહેરાત થઈ હતી. xAI સીધું ગ્રોક ચેટબોટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X સાથે જોડાયેલું છે. જાણકારોનો તર્ક છે કે સેટેલાઈટ ઈન્ટરનેટથી પ્રાપ્ત સંચાર ડેટાનો AI ટ્રેનિંગમાં ઉપયોગ અને ત્રીજા પક્ષો સાથે તેનું સંભવિત આદાનપ્રદાન ડેટા પ્રાઈવસીને લઈને નવા પડકારો ઊભા કરે છે. ભારત જેવા દેશમાં જ્યાં કરોડો ઈન્ટરનેટ યૂઝર્સ છે ત્યાં તેમની ડેટા પ્રાઈવસી સૌથી મોટો પડકાર બની શકે છે. આ સંજોગોમાં સરકારે તમામ જોખમો જાણીને જ જોડાણ કરવું જોઈએ.

## સમગ્ર ફ્રાન્સમાં ૭૦૦થી વધુ સુપરમાર્કેટના ફ્રીજ અગનભઠ્ઠી બન્યા !

**ફ્રાન્સના મોલમાં સાયબર હુમલો**

# ફ્રીજનું તાપમાન ૫૦ ડિગ્રી કરી આગ લગાવાઈ

પેરિસ, તા.૧૩

ફ્રાન્સ પર એક બિનપરંપરાગત સાયબર હુમલાએ સમગ્ર દુનિયામાં ચકચાર મચાવી છે. ટેક્નોલોજીના વિકાસ સાથે દુનિયામાં અત્યાર સુધમાં હેકર્સ દ્વારા ગ્રાહકોની માહિતી, પેમેન્ટ સિસ્ટમ્સ અથવા કંપનીઓના ડેટા હેક કરી નાણાં પડાવવામાં આવતા હતા અથવા તેની ક્રેડિટ લઈ રાજકીય હેતુ સર કરાતો હતો. પરંતુ ફ્રાન્સમાં ૭૦૦ જેટલા સુપરમાર્કેટ્સમાં રાતના સમયે ઈન્ટરનેટ સાથે જોડાયેલા રેફ્રીજરેટર અને ફ્રીઝર હેક કરીને તેનું તાપમાન ૫૦ ડિગ્રી કરી દેવાતા અનેક મોલમાં આગ લાગી હતી તેમજ રેફ્રિજરેટરમાં મૂકેલા ખાદ્ય પદાર્થો બગડી જતાં કંપનીઓને લાખોનું નુકસાન થયું હતું. આ સાયબર હુમલાની જવાબદારી હજુ સુધી કોઈએ લીધી નથી.

## રિટેલર કેરેફોરના ૮૦ સુપરમાર્કેટ અને મોનોપ્રિક્સના પાંચ ટકા સ્ટોર્સના ફ્રીજ હેક કરાયા : કરોડો રૂપિયાનું નુકસાન

ફ્રેન્ચ તપાસકારોએ મંગળવારે જણાવ્યું હતું કે, સાયબર હુમલાની આ ઘટનાથી ખાદ્યાન્નનું કોઈ જોખમ ઊભું થયું નથી, પરંતુ બધા જ લોકો માટે આ એક 'વેકઅપ કોલ' સમાન છે. આ સાયબર ગુનામાં કોઈ ખંડણી માગવામાં આવી નહીં હોવાથી તપાસકારો મુંઝવણમાં મુકાઈ ગયા છે. સાયબર હુમલાની આ ઘટનામાં ૩૫૦ જેટલા સુપરમાર્કેટ્સમાં આગ લાગી હોવાનું પણ સામે આવ્યું છે.

ફ્રાન્સના વડાપ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ રાષ્ટ્રીય સાયબર સુરક્ષા એજન્સીને આ ઘટનાની તપાસ કરવા નિર્દેશ આપ્યા છે. દેશના અગ્રણી સુપરમાર્કેટ્સને નિશાન બનાવી ઈન્ટરનેટ સાથે જોડાયેલા રેફ્રિજરેટર અને ફ્રીઝના તાપમાન રાતના સમયે વધારીને ૫૦ ડિગ્રી કરી દેવાયા હતા, જેથી સેંકડો દુકાનોમાં આગ લાગી હતી અને ફ્રીઝરમાં રખાયેલું ફ્રોઝન ફૂડ બગડી ગયું હતું.

### સ્પેન, પોર્ટુગલ, પોલેન્ડ, જર્મની, બેલ્જિયમમાં પણ આ પ્રકારના હુમલાના જોખમની નિષ્ણાતોની ચેતવણી

### હેકર્સે રેફ્રિજરેશન કંટ્રોલરના જૂના-આઉટડેટેડ સોફ્ટવેરની ખામીનો લાભ ઉઠાવ્યો

ફ્રાન્સના મુખ્ય રિટેલ જૂથ લે મસ્કેટિયર્સના જણાવ્યા મુજબ તેની ઈન્ટરમાર્શ બ્રાન્ડના લગભગ ૧૫૦ સ્ટોર્સમાં રેફ્રિજરેશન યુનિટ્સને રાતે સતત છ કલાક સુધી ૫૦ ડિગ્રી પર ગરમ કરાયા હતા. દિગ્ગજ રિટેલર કેરેફોરના ૮૦ સુપરમાર્કેટ અને મોનોપ્રિક્સના પાંચ ટકા સ્ટોર્સ પણ સાયબર હુમલાની ઝપેટમાં આવી ગયા હતા. સ્વાસ્થ્ય જોખમોથી બચવા માટે બધા જ સુપરમાર્કેટ્સે અસરગ્રસ્ત ખાદ્ય પદાર્થો કચરામાં ફેંકી દેવા પડ્યા હતા, જેથી

(અનુસંધાન ૧૧મે પાને)

## ભારતમાં ડેટા સેન્ટર વિકસાવવા માટે

# અદાણી અને એપલના સપ્લાયર જેબિલ વચ્ચે AI ડેટા સેન્ટરના સાધનો માટે સમજૂતી કરાર

નવી દિલ્હી, તા. ૧૩

[illegible]



[illegible]

### આ ભાગીદારીથી ભારતમાં સ્થાનિક અને વૈશ્વિક AI ઇન્ફ્રાસ્ટ્રક્ચર બન્ને માટે એક મહત્વના બજારનું નિર્માણ થશે : જેબિલના સીઈઓ માઈક દસ્તુર

## સાઉદીની સેના વિશ્વમાં આઠમાં નંબર પર આવે છે

# હુથીના ભયથી સાઉદીના ક્રાઉન પ્રિન્સ મહેલ અને બંકરોમાં છૂપાવા મજબૂર

નવી દિલ્હી, તા.૧૩

હુથીઓનો ભય એટલો છે કે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ હવે એકથી બીજા મહેલ સતત નાસતા ફરે છે. છેલ્લા આઠ દિવસથી તે જાહેરમાં જોવા મળ્યા નથી. આ બતાવે છે કે મહેલો પર દરેક પ્રકારની એર ડિફેન્સ સિસ્ટમ હોવા છતાં પણ પ્રિન્સ કેવા નાસતા ફરે છે. ૪૧ વર્ષના પ્રિન્સ છેલ્લે રક્તદાન શિબિરમાં જોવા મળ્યા હતા. હવે હુથીઓ તેમના લોહીના તરસ્યા થયા છે. કદાચ પ્રિન્સે પોતાનો જીવ બચાવવા બીજાનું લોહી લેવું પડે તો આશ્ચર્ય નહીં થાય. આશ્ચર્યની વાત એ છે કે સાઉદીની સેના વિશ્વમાં આઠમાં નંબરે આવે છે.

## હુથીની ઓઈલ ફેસિલિટીઝ પર હુમલા કરવાની તૈયારી: સાઉદીના દરેક ઓઈલ સંકુલ પર વળતો હુમલો કરવાની હુથીઓની ધમકી

વોલ-સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ પ્રમાણે તેઓ એક પછી એક મહેલોમાં લગભગ રોજેરોજ જતા રહે છે અને તે મહેલોની ફરતી તથા ઉપરની છત ઉપર પણ વિમાન વિરોધી તોપો સાથે કડક સલામતી ગોઠવેલી હોય છે. તેઓના શિયાપંથી ઈરાનમાં પુષ્ટી પામેલાં હૂતી વિદ્રોહીઓનો ભય સતાવે છે.

વોલ-સ્ટ્રીટ જર્નલ કહે છે કે સઉદી અરબ પાસે વિશાળ સૈન્ય છે. શસ્ત્રો ખરીદનારો તે વિશ્વનો ૮માં ક્રમનો દેશ છે. ૨૦૨૫માં તેણે તેની જીડીપીના આશરે ૬.૫ ટકા જેટલો ખર્ચ કર્યો છે. જે લગભગ ૮૩ અબજ ડોલર જેટલો થવા જાય છે. છતાં તે હૂતી હુમલા રોકી નથી શકતું. માત્ર થોડા જ હુમલા રોકી શક્યું છે. તેનું કારણ તે દેશની વિશાળતા છે.

હુથીઓએ જણાવ્યું હતું કે સાઉદી અને તેના સમર્થનવાળી યમનની સરકારે તેના અંકુશવાળા વિસ્તારમાં હવાઈહુમલા કર્યા છે. સાઉદીની સરહદ નજીક આવેલા જવાફ પ્રાંતમાં આ હુમલા કરવામાં આવ્યા છે. સાઉદીની આગેવાની હેઠળના જોડાણે સનાના જોડાણે હુમલો કરતાં પહેલા રાજધાની સનાના રહેવાસીઓને

(અનુસંધાન ૧૧મે પાને)

### ઈઝરાયેલી હુમલામાં નુકસાન પામેલા દરેક ઘરને હિઝબુલ્લાહની ૧૪,૦૦૦ ડોલર આપવા તૈયારી

## ૨૮ ઓક્ટોબર સુધીમાં રિપોર્ટ અપાય તેવી શક્યતા

# લીક રોકવા નીટનું પેપર છેલ્લી ઘડીએ તૈયાર કરો : નિલેકણી

નવી દિલ્હી, તા. ૧૩

નીટ -યુજી પેપર લીક પછી પરીક્ષાઓમાં સુધાર માટે રચાયેલ હાઈ પાવર કમિટીનાં પ્રમુખ અને યુઆઈડીએઆઈનાં પૂર્વ ચેરમેન નંદન નીલેકણીએ જણાવ્યું હતું કે પેપર લીકની સમસ્યાને ટેકનિકની મદદથી સુનિયોજિત રીતે સમાપ્ત કરી શકાય છે.

તેમણે જણાવ્યું છે કે અગાઉથી પ્રશ્ન પત્ર કરવાને બદલે પરીક્ષાના દિવસે અંતિમ સમયે એઆઈની મદદથી તે દિવસ માટેનું જ પ્રશ્ન પત્ર તૈયાર કરવામાં આવે. જો અગાઉથી પ્રશ્ન પત્ર બનશે જ નહીં તો લીક થવાનો પ્રશ્ન જ રહેશે નહીં.

## કોમ્પ્યુટર પર પરીક્ષા લેવા અંગે વિચારણા ચાલુ : વિવિધ સંસ્થાઓ પાસેથી વિગતો મંગાવવામાં આવી

જો કે આ માટે તેમણે એક વિશાળ પ્રશ્ન બેંક તૈયાર કરવા જણાવ્યું છે. પરીક્ષા સુધાર અંગે તેમનો રિપોર્ટ ૨૮ ઓક્ટોબર સુધીમાં સુપ્રત કરવામાં આવી શકે છે. પેપર લીકની સમસ્યા દૂર કરવા માટે ટેકનિકનો ઉપયોગ કરવો જરૂરી છે.

નીટ પેપર લીકની ઘટના પછી વડાપ્રધાનનાં નિર્દેશ પર રચવામાં આવેલી હાઇ પાવર કમિટીનાં પ્રમુખ નિલેકણીએ જણાવ્યું હતું કે તમામ પરીક્ષાઓ કોમ્પ્યુટર દ્વારા કરાવવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે.

આ માટે પરીક્ષા કેન્દ્રોનાં નેટવર્કનું વિસ્તરણ કરવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે. દેશની ૧.૫ લાખ સંસ્થાઓમાં આ નેટવર્ક ઉભુ કરી શકાય તેમ છે. જ્યાં વિદ્યાર્થીઓ સીબીટી મોડમાં પરીક્ષા આપી શકે છે. આ માટે વિવિધ સંસ્થાઓ પાસેથી વિગતો માંગવામાં આવી રહી છે.






TATA.CARS
NOTHING'S TOO FAR
TATA
ઉજવીએ છીએ ઉત્સવ 70 લાખ TATA.CARS નો
NEXON iCNG પર ₹60,000* સુધીની સીમિત સમય માટેની ઑફર
ઑફર 20 ઑક્ટોબર સુધી માન્ય. તમારા નજીકના શોરૂમની મુલાકાત કરો.
FESTIVAL TATA.CARS
3 REASONS TO CHOOSE NEXON iCNG
ભારતની નં. 1 SUV*
ભારતની સૌ પ્રથમ ટર્બો CNG
રનિંગ કોસ્ટ પર 50% સુધીની બચત**
Nexon iCNG starts at
₹8.34 Lakh*
Also available in Petrol, Diesel and EV
360° HD Surround View System
Ventilated Leatherette Front Seats
Uncompromised Bootspace - 321L
Scan to know more about Nexon iCNG
Scan to find your nearest TATA Motors dealership
book Tata Nexon iCNG
TATA.CARS SAFETY DOME




ORBITER
TVS
તહેવારની આ સીઝનમાં, જાઓ ત્યાં ઉજવણીઓ લઈ જાય જ્યાં.
158 km
158* km IDC રેન્જ
34L ટ્વિન હેલ્મેટ સ્પેસ
90/80 - 14 46P
(14" ફ્રન્ટ એલોય વ્હીલ)
કનેક્ટેડ મોબાઇલ એપ
Flipkart પર ઉપલબ્ધ
CSD પર ઉપલબ્ધ
કિંમત શરૂ
₹49 999*
BaaS સહિત
₹99 917
#GoOrbiting
AVAILABLE IN 2 VARIANTS- V1 AND V2
એક વર્ષની મફત RSA
વિસ્તારીત વોરંટી 5 વર્ષ / 70 હજાર કિલોમીટર સુધી
₹7,000 સુધીના લાભો, ₹3,499 નું ઓછું ડાઉન પેમેન્ટ
1000 + શહેરો, 3500+ આઉટલેટ્સ
Scan & Book Now